બફૂચ્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**નવેમ્બર-૨૦૨૨**

રબિઉલ્ અવ્વલ-જમાદિઉલ્ અવ્વલ
હિજરી સન : ૧૪૪૪

વર્ષ : ૧૯, અંક : ૧૧, સળંગ અંક : ૨૨૬



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૫૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


01 ઈસ્લામી હાકિમોની દરિયાદિલી અને વર્તમાન જગતનો હાલ ! 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 09
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) 11
04 હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) 14
05 તઝકેરતુલ અવલિયા : હઝરત શફીક્ બલ્ખી رضی اللہ عنہ 15
06 ક઼ાનૂને શરીઅત (ભાગ : ૨) 17
07 પગપાળા હજના સફરની ભલાઈઓ તથા હિકાયતો 20
08 અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશકય : કિતાબ તથા હદીષની રોશનીમાં 26
09 ગ઼ૌષે આઝમ رضی اللہ عنہ નો દામન પકડેલો ક્યારે કહેવાય ?! 34
10 મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہ ના ક઼લમ થકી રાફઝીની રદ 37
11 ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ 42
12 ઈખ્લાસ વિનાનો અમલ પોતાની જાન પર આફત છે ! 46
13 બરકાતે ખ્વાજાની ટપાલ 50


## દર્દે દિલ કલ મુઝે અતા યા રબ

દર્દે દિલ કર મુઝે અતા યા રબ  દે મેરે દર્દ કી દવા યા રબ
લાજ રખ લે ગુનાહગારોં કી  નામ રહમાન હૈ તેરા યા રબ
તૂને મેરે ઝલીલ હાથોં મેં  દામને મુસ્તફા દિયા યા રબ
દે કે લેતે નહીં કરીમ કભી  જો દિયા જિસકો દે દિયા યા રબ
ઈસ નિકમ્મે સે કામ લે ઐસે  યે નિકમ્મા હો કામ કા યા રબ
બે સબબ બખ્શ દે ન પૂછ અમલ  નામ ગફફાર હૈ તેરા યા રબ
તેરી જાનિબ યે મુશ્ત ખાક ઉળે  ભેજ ઐસી કોઈ હવા યા રબ
દૌલતેં ઐસી નેઅમતેં ઈતની  બે ગરઝ તૂ ને કી અતા યા રબ
ન ભરે ઝખ્મે દિલ હરે હોકર  રહે ગુલશન હરા ભરા યા રબ
ટેસ કમ ન હો દર્દે ઉલ્ફત કી  દિલ તળપતા રહે મેરા યા રબ
અહલે સુન્નત કી હર જમાઅત પર  હર જગહ હો તેરી અતા યા રબ
દુશ્મનોં કે લિએ હિદાયત કી  તુઝ સે કરતા હૂં ઈલ્તેજા યા રબ
તૂ **"હસન"** કો ઉઠા હસન કર કે  હો મઅલ ખૈર ખાતેમા યા રબ

# ઈસ્લામી હાકિમોની દરિયાદિલી અને વર્તમાન જગતનો હાલ !

તંત્રી લેખ

વર્તમાન સમય મુસલમાનો માટે ખૂબ જ સબ્રની આજમાઈશનો છે. દુનિયામાં મોટાભાગે અવનવા સાચા ગલત આક્ષેપો લગાડીને મુસ્લિમોને આર્થિક, શારીરિક, માનસિક, તેમજ અનેક રીતે સતાવવામાં આવી રહ્યા છે. અમેરિકા તથા યૂરોપ થકી અફઘાન, ઈરાક, લીબીયા, સીરીયા...વગેરેની જે હાલત કરવામાં આવી તે જગજાહેર છે. એ જ પ્રમાણે વતને અઝીઝ હિંદમાં પણ આજે સત્તાના જોરે ઈન્સાફ, ન્યાય પ્રિયતા, માનવ સહજ લાગણી કે સહાનુભૂતિ કે ધાર્મિક લાગણીઓ સૌને નેવે ચઢાવીને જેમના હાથમાં સત્તા આવે છે તેઓ સત્તાના મદમાં ક્યાંક મુસલમાનોની મિલ્કતોને જમીનદોસ્ત કરી રહ્યા છે તો ક્યાંક જાહેરમાં ગેર કાયદેસર રીતે તંત્ર થકી પીટાઈ થાય છે, તો ક્યાંક મસ્જિદોને, મદ્રસાઓને તો ક્યાંક દરગાહોને યેન કેન કારણે શહીદ કરવામાં આવી રહેલ છે, અને સત્તાના બળ સામે મુસ્લિમો કાંઈ કરી શકતા નથી સિવાય કે અફસોસમાં હાથ મસળી રહ્યા છે. જાણે તેમની ફરિયાદ સાંભળનાર આ લોકશાહી દેશમાં કોઈ જ નથી ! જેમ કે હાલમાં પણ ગુજરાતના દરિયા કિનારે વરસો પૂરાણી દરગાહો, ઈબાદતગાહોને એકાએક નષ્ટ કરવામાં આવી રહી છે. મુસ્લિમો વિરૂધ્ધ ઝહેર ઓકતાં નિવેદનો સામાન્ય થઈ ગયાં છતાં તેમને જાણે હવે કોઈ લગામ દેનાર જ નથી. બલ્કે રક્ષકો જ જાણે ભક્ષક બની ગયા છે. મુસ્લિમોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના બનાવો દિન પ્રતિ દિન વધતા જઈ રહ્યા છે. એવા નાઝુક સમયે દુનિયાવાળાઓને ઈસ્લામની ન્યાય પ્રિયતા, અમ્નો શાંતિનો પયગામ શું છે અને ઈસ્લામી હાકિમોએ ગૈર મુસ્લિમો સાથે કેવો સદવર્તાવ તથા ન્યાય તોળેલા છે તેને દુનિયા સમક્ષ લાવવાની જરૂર છે એ આશયથી આ લેખ રજૂ કરીએ છીએ જેનાથી વર્તમાન પ્રજા સમક્ષ ઈસ્લામ તથા મુસલમાનો વિશે ગલત સલત ઈતિહાસ રચીને પબ્લિકમાં જે કૌમી વૈમનસ્ય તથા આપસમાં નફરત ફેલાવવામાં આવી રહી છે તેમાં કાંઈક કમી આવી શકે અને ન્યાયપ્રિય લોકો સત્યના અવાજને બુલંદ કરી અમ્નો શાંતિ માટે કોશિશ કરે જેથી દેશની એકતા, અખંડિતતા અને ભાઈચારાનો માહોલ સલામત રહે.

## ★ ઈસ્લામના ખલીફાઓએ કેવું ન્યાયી શાસન કર્યું હતું ?! ★

બીજા ખલીફા હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જેમના વિશે મોટા મોટા બુધ્ધિજીવીઓએ સ્વીકાર કરતાં કહ્યું છે કે, "ઈસ્લામમાં જો હજી એક ઉમર હોત તો આજે પૂરા જગતનો ધર્મ કેવળ ઈસ્લામ જ હોત." તે જ હઝરત સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ના ખિલાફતકાળમાં બૈતુલ મુકદ્દસ પ્રથમ વાર ઈસ્લામી શાસન હેઠળ આવ્યું ત્યારે આપે ખિલાફતની મોહરની સાથે જે "અમાનનામા" બૈતુલ મુકદસવાળાઓને અતા ફર્માવ્યું હતું. તેની કેટલીક કલમો તિબરીના હવાલાથી અહીં રજૂ કરવામાં આવે છે જેના થકી ઈસ્લામનો ગૈર મુસ્લિમો સાથે છૂટછાટ રાખવા વિશેનો ખયાલ સ્પષ્ટ થઈ જશે :

"અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન અતિ રહમવાળો. આ તે અમાન છે જે અલ્લાહના બંદા

ઉમર અમીરુલ મુઅ્મિનીનને ઈલિયા (બૈતુલ મુકદ્દસ)વાળાઓને અતા કરી. **આ અમાન તેમની જાન તથા માલ તેમના દેવળો તથા ક્રોસો માટે છે, તેમના બીમારો અને તંદુરસ્તો અને તેમની આખી કૌમના માટે છે. તેમની ઈબાદતગાહો (પ્રાર્થનાલયો)માં ન રહેઠાણ અપનાવવામાં આવશે ન તો તોડી પાડવામાં આવશે, તેમના દેવળો તથા તેની સાથેનાં મકાનો, તેમના ક્રોસો અને તેમની જાયદાદોમાં કોઈ પ્રકારની કમી કરવામાં આવશે નહીં અને ન તો તેમાં કોઈને નુકસાન પહોંચાડવામાં આવશે.** *(તિબરી, ભાગ–૧, પેજ–૨૪૫, વઅદ્રિાયહ્ફી તખરીજે અહાદીષિલ હિદાયહ્, પ્રેસ–દિલ્હી, પેજ–૩૬૦)*

બૈતુલ મુકદ્દસ આગમનના વખતે સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ ઈસાઈ પેશવા બતર્રીકની સાથે તેઓના પવિત્ર સ્થળોની મુલાકાત લીધી અને રિવાયત છે કે **જ્યારે આપ દેવળના રહેઠાણમાં હતા ત્યારે નમાઝનો સમય થઈ ગયો તો બતર્રીકે વિનંતી કરી કે દેવળમાં જ નમાઝ પઢી લે પણ અમીરુલ મો'મિનીને તેને સ્વીકાર્યું નહીં અને ફર્માવ્યું, જો આજે હું અહીં નમાઝ પઢી લઉં તો શક્ય છે કે આવનારા યુગમાં મુસલમાન મારી સજદાગાહના ખયાલમાં દાવો કરે કે એને ઈસ્લામી ઈબાદતગાહ બનાવી દેવામાં આવે.** અલ્લાહુ અકબર ! કુર્બાન જાવ સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ની ઈમાની બસીરત (દ્રષ્ટિ) પર ! અને ઈન્સાફની નિપૂણતા પર કે ગૈર મુસ્લિમ ઝિમ્મીઓનો તેમને આટલો ખયાલ તથા લેહાઝ હતો. આપના ખિલાફતકાળ દરમ્યાન મુસલમાનોની જેમ ગૈર મુસ્લિમ અપંગોને જરૂરી ખર્ચાનો વઝીફો મળતો હતો. બેલાઝરીએ લખ્યું છે કે કેટલાક ઈસાઈ કોઢીઓને માટે આપના બૈતુલ માલમાંથી નિશ્ચિત વઝીફો રાખેલો હતો. તેમને ખોરાક તથા રોકડ રકમ સરકારી ખજાનામાંથી આપવામાં આવતી હતી. *(બેલાઝરી, પેજ–૧૨૯)*

ઈસ્લામી ઈતિહાસના સોનેરી યુગમાં આ તથા આ પ્રકારના **સર્વ કરારો** અને **માનવતાવાદી અમ્નના પરવાનાઓ (શાંતિ કરારો)** હકીકતમાં **ઈસ્લામના આમ વિશ્વશાંતિના સૌથી અસરકારક પ્રણેતા અને લીડર હોવાની નિશાની છે.** ખુલફાએ રાશિદીનના દૌરની તમામે તમામ ઈસ્લામી ફતહો (વિજયો) અને સાલેહ (નેક) અમીરો તથા સુલ્તાનોની કોશિશો (ચળવળો) હકીકતમાં દુનિયાને શાંતિ (સલામતી) તરફ લઈ જનારી ઈસ્લામી સ્પ્રિટની ચળવળો છે.

## ★ ઈસ્લામમાં ક઼રારનું મહત્વ અને ભંગ કરનારને શિક્ષાઓ ★

રસૂલે કરીમ ﷺનો આદેશ છે : તમે જો કોઈ કૌમ સાથે જંગ કરો અને જો તેના પર સરસાઈ મેળવો અને તે ક઼ૌમ પોતાની અને પોતાની ઔલાદની જાન બચાવવાના માટે તમને ખિરાજ (ટેકસ) અદા કરવાનુ મંજૂર કરી લે. (એક અન્ય રિવાયતમાં છે) તમારાથી સમાધાન કરે તો બાદમાં નિયત કરેલ ખિરાજથી કાંઈ પણ વધુ ન લેશો, કેમ કે તે તમારા માટે નાજાઈઝ હશે. *(અબૂ દાઊદ, કિતાબુલ જેહાદ, ભાગ–૨, પેજ–૨)*

રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદ છે : ''ખબરદાર ! જે કોઈ કરાર પામેલા પર જુલ્મ કરશે, તેના હક્કોમાં કમી કરશે અથવા તેની શકિતથી વિશેષ તેના પર બોજ નાખશે, તેની પાસેથી કોઈ ચીજ તેની રજા વિના લેશે **તેની વિરૂધ્ધ કિયામતના દિવસે હું જાતે ફરિયાદ કરીશ.** *(હવાલો ઉપર મુજબ)*

સહીહ બુખારીમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે. રસૂલે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : **''જે શખ્સે કોઈ કરાર પામેલાને કત્લ કર્યો તે જન્નતની ખુશબુ પામશે નહીં,**

એટલે સુધી કે જન્નતની ખુશ્બુ ચાલીસ વરસના અંતરેથી સુંઘવામાં આવે છે.'' *(સહીહ બુખારી, પેજ–૪૪૮)*

કરાર કર્યા પછી ધોકો કરનારને ધમકી આપતાં સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું છે : ''બેશક ! કરારભંગ કરનારના માટે કિયામતના દિવસે નિશાન ખડુ કરવામાં આવશે અને કહેવામાં આવશે કે તેણે ફલાણાના પુત્ર ફલાણા સાથે કરારભંગ કર્યો.'' *(સહીહ બુખારી, પેજ–૨૫૨, મુસ્લિમ, ભાગ–૨, પેજ–૮૩)*

અબૂ દાઊદની રિવાયતમાં છે, સૈયદે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવ્યું : ''જેણે કોઈ કરાર પામેલાને જુર્મ વિના કત્લ કર્યો તેના પર જન્નત હરામ છે.'' *(અબૂ દાઊદ, ભાગ–૨, પેજ–૪૪)*

**માલ તથા અસબાબ અને જાયદાદ જે તેમની મિલ્કત છે તેના પર કબજો કરવાનો કોઈને અધિકાર નથી.** તેમની જાન તથા માલ, ઈજ્જત તથા આબરૂ સુલેહ બાદ સુલેહની શરતો પ્રમાણે ઈસ્લામી પ્રજાની જેમ અમાનમાં રહેશે. મોટાભાગની સુલેહની શરતો તેની હિમાયત કરે છે.

## ★ ઈસ્લામી હાકિમોના નિષ્પક્ષ ન્યાયી ફૈંસલાઓની ઝલક ★

રસૂલે રહમત صلی اللہ تعالیٰ علیہ وسلم નો રહમતકાળ છે અને આ ખૈરે કુરૂન (ભલાઈના યુગ)માં **એક મુસલમાન એક કરાર કરેલ શખ્સને કત્લ કરી દે છે. જેથી અદ્‌લો ઈન્સાફના પયંબર** صلی اللہ تعالیٰ علیہ وسلم **તે ઝિમ્મીના બદલામાં તે મુસલમાનને કત્લ કરવાનો ફૈંસલો જાહેર કરે છે,** અને ઈર્શાદ ફર્માવે છે : ''તેની જિમ્મેદારીની અદાયગીનો સૌથી અધિક અધિકાર મને છે.'' *(ઈનાયહ શરહે હિદાયહ, ભાગ–૮, પેજ–૨૫૬, દારકુત્નીએ આ હદીષ ઈબ્ને ઉમર رضی اللہ تعالیٰ عنہما ના ઝરીયા નકલ કરેલ છે.)*

અમીરુલ મો'મિનીન સૈયદના ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ નો મુબારક દૌર છે. હેરાના રહેવાસી એક ઝિમ્મીને બક્ર ઈબ્ને વાઈલ કબીલાના **એક શખ્સે જે મુસલમાન હતો તેણે કત્લ કરી નાખ્યો. આપની સમક્ષ કેસ રજૂ થયો. આપે કાતિલને પકડીને કત્લ થનારનાં વારસદારોના હવાલે કરવાનો હુકમ કર્યો, જેથી તે ઝિમ્મીઓએ તેને કત્લ કરી નાખ્યો.** *(અદ્દિરાયહ ફી તખરીજે અહાદીષિલ્ હિદાયહ્, મતબૂઆ દિલ્હી, પેજ–૩૬૦, બુરાહે શરહે મવાહિબુર્રહ્‌માન, ભાગ–૩, પેજ–૨૮૭)*

## ★ ઈસ્લામના ચોથા ખલીફા હઝરત અલી رضی اللہ عنہ નો ફૈંસલો ★

મૌલાએ કાઈનાત સૈયેદના અલી મુર્તઝા رضی اللہ عنہ ના મુબારક દૌરમાં એક મુસલમાન એક ઝિમ્મી કાફિરના કત્લના જુર્મમાં રજૂ કરવામાં આવ્યો. કેસ પુરવાર થઈ જતાં આપે કેસાસ (બદલા)ના માટે તેને કત્લ કરવાનો ફૈંસલો બહાર પાડયો. કત્લ થનાર ઝિમ્મી કાફિરના વારસોએ અમીરુલ મોમિનીનને અર્ઝ કરી કે, અમે લોકો અમારા કત્લ થનારનુ ખૂન માફ કરીએ છીએ, કેમ કે તેના કત્લથી અમારો કત્લ થનારો પાછો આવવાનો નથી.

અમીરુલ મોમિનીન સૈયેદના અલી رضی اللہ عنہ ને શંકા થઈ કે કદાચ કાતિલના તરફદારોએ ઝિમ્મીઓને ડરાવીને એવું કરવા મજબૂર કર્યા છે, જેથી આપે ગુસ્સાભેર તે શંકાને પ્રદર્શિત કરી પણ હકીકતમાં એવું ન હતું બલ્કે કાતિલ પાસેથી કત્લ થનારના વારસોએ ખૂનના બદલે રકમ રૂપે વળતર (ખૂનબહા) કબૂલ કરી લીધું હતું. બધી રીતે સંતોષ કરી લીધા બાદ આપે કાતિલને મુકત કર્યો. અને ઈર્શાદ ફર્માવ્યો : ''જે અમારો ઝિમ્મી હોય **તેનુ ખૂન અમારા ખૂનની જેમ** અને તેની દિયત (ખૂનનો બદલો) અમારા દિયત જેમ.''

*(હવાલો ઉપર મુજબ, પેજ–૩૫૯)*

આ પ્રસંગના અનુસંધાનમાં દુર્રે મુખ્તારમાં જે રિવાયત છે તેમાં મુર્તઝા رضی اللہ عنہનું એ ફર્માન નકલ થયેલું છે : "તેમણે એટલા માટે જિમ્મેદારીનો કરાર કબૂલ કર્યો કે **તેમનો માલ આપણા માલની જેમ અને તેમનું ખૂન આપણા ખૂનની જેમ** થઈ જાય." *(પેજ–૨૦૩, ભાગ–૩)*

જેવી રીતે કોઈ મુસલમાનને ભૂલથી કત્લ કરી આપવાના જુર્મમાં દિયત લાઝિમ થાય છે, તેવી જ રીતે ઝિમ્મી કાફિરને પણ વિના ઈરાદે કત્લ કરવા પર ઈસ્લામના ફકીહો એ (ઈલ્મના વિધ્વાનોએ) તે જ દિયત દર્શાવેલી છે.

### ★ માનવ અધિકારની રક્ષા અને ન્યાયના આવાં દષ્ટાંતો હવે ક્યાં મળશે ?! ★

સૈયદના ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہની પાસે સમરકંદનું એક પ્રતિનિધિમંડળ ફરિયાદ લઈને આવ્યું કે ઈસ્લામી લશ્કરના સેનાપતિ જે એ ઈલાકામાં નિયુકત થયેલા છે (કતીબા) તેમણે અમારા શહેરોમાંથી અમોને ખાલી કરાવીને ત્યાં મુસલમાનોને વસાવી દીધા છે. અમીરુલ મોમિનીને સમરકંદના ઈસ્લામી ગવર્નરને હુકમ મોકલ્યો કે, કતીબા તથા સમરકંદના ઝિમ્મી કાફિરોના મામલાની તપાસ માટે ત્યાં તાત્કાલિક એક ખાસ અદાલત બેસાડવામાં આવે. ફાઝિલ કઝા (જજ સાહેબો) જો ફૈંસલો કરે કે મુસલમાનોએ ત્યાંથી નીકળી જવું જોઈએ તો શહેર ખાલી કરી દેવામાં આવે. "જેથી સમકંદના અમલદારે હઝરત જમીઅ ઈબ્નુલ હાઝિર અલબાબીની સરદારીમાં ઈસ્લામી ન્યાયાધીશોની એક પેનલ નિયુકત કરી જેમણે મુસલમાનોને શહેર ખાલી કરવાનો ફૈંસલો સંભળાવ્યો."

સમરકંદવાસીઓ મામલો જોઈને દંગ રહી ગયા કે **માનવ ભલાઈના આવા કાનૂનોનો સરમાયો મુસલમાનોની પાસે છે અને તેની પાબંદી ખલીફા, અમલદાર તથા ફોજના સરદાર સૌ વિના સંકોચે કરી રહ્યા છે !** આવા શાંતિના બંધારણને રહમત સમજીને તેમણે મુસલમાનોને પોતાની સાથે રહેવાની દરખાસ્ત કરી. આ છે ઈસ્લામી રાજનીતિમાં પ્રમાણિકતા તથા સચ્ચાઈ !

દમિશ્ક (દમાસ્કસ) હમ્સ અને શામ (સીરીયા)ના અમુક પ્રદેશોમાં ઈસ્લામના જાંબાઝો હક્ક તથા ઈન્સાફના ઝંડા લેહરાવી રહ્યા હતા, એ દરમ્યાન ખબર મળે છે કે ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ હિરકલ એક ભારે સંખ્યાવાળુ અઝીમુશ્શાન લશ્કર લઈને આગળ વધી રહ્યો છે અને વર્તમાનકાળ ના ઈસ્લામી વિશ્વમાં ફેલાયેલી મુસલમાનોની તમામ લશ્કરી શકિત પણ હિરકલની ફૌજી તાકાતની સરખામણીમાં ખૂબ જ ઓછી છે. ખબર મળતાં જ તમામ પ્રદેશોમાં ફેલાયેલા મુસ્લિમ જનરલોને એકત્ર કરીને તે જ મોરચે પહોંચવા હુકમ આપી દેવામાં આવ્યો.

હઝરત ખાલિદ બિન વલીદે હમ્સવાળાઓને એ ખબર સંભળાવી. હઝરત અબૂ ઓબૈદા ઈબ્ને જર્રાહે દમિશ્કના અમુક પ્રદેશોમાં એ ખબર આપી અને તેમને કહ્યું કે: "હે ઝિમ્મીઓ ! અમે તમારી પાસેથી જે ટેકસ વસૂલ કર્યો હતો તે એટલા માટે હતો કે અમે તમારી જાન તથા માલની રક્ષા કરીએ, બાહ્ય હુમલાઓથી રક્ષામાં રાખીએ, પણ અફસોસ કે અમે એ ઝિમ્માને પૂરો નથી કરી શકતા એટલા માટે તમે લોકોએ જે રકમો અમને આપી છે તે સૌ અમે પરત કરીએ છીએ."

**ગૈર મુસ્લિમ પ્રજા આ ખબર સાંભળીને રડી પડી ! એટલા માટે કે તેમને પોતાના સમધર્મી હુકમરાનોના જુલ્મ તથા સિતમનો જુનો અનુભવ હતો.** તેમણે પોતાના તે મોહસિનોને

(એહસાન કરનારા, મુસ્લિમોને) આંસૂઓ તથા વિનવણીઓ સાથે વિજય તથા કામયાબીની ખ્વાહિશોની સાથે વિદાય કર્યા અને કહ્યું, **યકીનન ! હે મુસલમાનો ! આજે દુનિયામાં ન્યાય તથા માનવાતાનો ધર્મ તમારાથી જ સચવાયેલો છે,** અમે અંતરના ઊંડાણેથી એ વાતના આરઝૂમંદ છીએ કે અમારા બાદશાહ અને હાકિમ બનીને ફરી જલ્દી તમે પાછા ફરો.

*(હવાલો : કિતાબ ઈસ્લામ અને વિશ્વશાંતિ)*

## ★ વર્તમાન સંજોગોમાં મુસલમાન કરે તો શું કરે ?! ★

વર્તમાન સંજોગોમાં મુસલમાન સબ્ર, સંયમથી કામ લે, કદાપિ કોઈ ઉશ્કેરણીમાં ન આવે, હુલ્લડબાજીથી દૂર રહે, **પોતાને થતા અન્યાય સામે કાયદેસર રીતે જે પણ કાર્યવાહી થઈ શકતી હોય તે કરતો રહે.** અને ખાસ વાત એ કે **સાચો પાકો ખુદા વ રસૂલનો આજ્ઞાંકિત મુસલમાન બની જાય.** એક મુસલમાન પોતે મુસલમાન હોવાને નાતે પોતાની મુસીબતોનાં રોદણાં રડે છે તો બીજી બાજુ ખુદા વ રસૂલની નાફર્માનીમાં જિંદગી વીતાવી રહ્યો છે, ગુનાહોથી દૂર નથી થતો, ડગલે ને પગલે ખુદા વ રસૂલની નારાઝગીનાં કામો કરી રહ્યો છે. (ઈલ્લા માશા અલ્લાહ !) પછી રબથી ભલાઈની ઉમ્મીદ કયાંથી રાખી શકે ?! રબ ફર્માવે છે : وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ "તમને જે મુસીબતો પડી એ તમારા હાથોની કમાઈ છે." *(સૂ. શૂરા, ૪૨/૩૦)* પછી ખરાબ સંજોગો આવતાં પરેશાન, નિરાશ, ગમગીન થઈ જાય છે. પણ મુસલમાને જોઈએ કે વિચારે કે **શું હું ખરેખર તેવો મુસલમાન છું જેવો કુર્આન હદીષે બનવાનુ દર્શાવેલ છે ?** જૂઠ, ગીબત, જુલ્મ, બદનઝરી, ઝિના, હરામ કમાણી, દારૂ, જુગાર, ચોરી, બે નમાઝી હોવું... વગેરે કયો ગુનો છે જેનાથી દૂર છે ! દરેક મુસલમાન પોતાના દિલમાં ઝાંકીને પોતે જ પોતાનું જાહેરી રીતે તથા આંત્રિક રીતે નિરીક્ષણ કરે કે તે સાચો મુસલમાન છે કે નામનો ? રબ તો કુર્આનમાં ફર્માવે છે وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ "ન ગભરાવ ! ન ડરો ! તમે જ કામયાબ રહેશો જો તમે મો'મિન છો." *(સૂ. આલે ઈમરાન, ૩/૧૩૯)* **અલ્લાહનો વાયદો કદી જૂઠો નથી હોતો,** જેથી સાબિત થાય છે કે **મુસલમાન તે મુસલમાન જ નથી જેવો કે હોવો જોઈએ.** કેવળ નામનો મુસલમાન છે, કામનો નહીં. દા.ત. ઉડેલો બલ્બ અને સહીહ બલ્બ. ઉડેલો બલ્બ પણ દેખાવમાં તો બલ્બ જ જણાય છે પણ તેને કરંટ મળવા છતાં પ્રકાશિત થશે નહીં. જ્યારે સહીહ બલ્બને કરંટ મળતાં પ્રકાશ રેલાવા માંડશે. એ જ ઉડેલા બલ્બ જેવી હાલત અધિકતર મુસ્લિમોની છે ! ન ઈમાનનાં ઠેકાણા છે ન અમલનાં. હદીષમાં છે : હુઝૂર ﷺની હયબત ગૈરના દિલોમાં માઈલો દૂરથી આમ જ છવાઈ જતી હતી !

જરૂરત એ વાતની છે કે આપણે પુખ્તા ઈમાનવાળા સુન્ની બનીએ, તૌબા કરીને સર્વ પ્રકારના ગુનાહોની રબથી માફી માગીએ અને ગુનાહોથી દૂર રહીને રબની ફર્માબરદારી કરીએ તો જરૂર આપણી મુસીબતો તેના વાયદા પ્રમાણે દૂર થશે જ. ઈન્શા અલ્લાહ ! **દરેક મુસીબતથી મેહફૂઝ રહેવાનો ઈલાજ છે ગુનાહોથી દૂર રહેવું અને ખુદા વ રસૂલના આજ્ઞાંકિત બંદા બની જવું.** وَمَا تَوْفِيْقِيْٓ اِلَّا بِاللّٰهِ "અને મારી તૌફીક અલ્લાહના જ તરફથી છે." *(સૂ. હૂદ, ૧૧/૮૮)*

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

તેમનામાં[૨૧૯] ઘણાને તમે જોશો કે (તેઓ) ગુનાહ અને સીમા ઉલ્લંઘન અને હરામખોરી તરફ દોડી રહ્યા છે,[૨૨૦] બેશક ! તેઓ ખૂબ જ ખરાબ કૃત્યો કરે છે (૬૨) તેમને તેમના પાદરીઓ અને સન્યાસીઓ ગુનાહની વાત કહેવાથી અને હરામ ખાવાથી શા માટે મના કરતા નથી ? બેશક ! ઘણા જ ખરાબ કામો કરી રહ્યા છે[૨૨૧] (૬૩) અને યહૂદીઓ બોલ્યા, 'અલ્લાહનો હાથ બંધાએલો છે[૨૨૨] તેમના હાથ બંધાય જાય.[૨૨૩] અને તેમના પર આ બોલવાના કારણે લઅનત છે. બલ્કે તેના હાથ ખુલ્લા છે,[૨૨૪] જેમ ઈચ્છે તેમ આપે છે.[૨૨૫] અને અય મહબૂબ ! આ[૨૨૬] જે તમારી પાસે તમારા રબની પાસેથી ઉતર્યું તેનાથી એમનામાં ઘણાને બદમાશી અને કુફ્રમાં પ્રગતિ થશે.[૨૨૭] અને એમનામાં અમે કયામત સુધી અંદરોઅંદર દુશ્મની અને વેર નાખી દીધું.[૨૨૮] જ્યારે કદી લડાઈની આગ સળગાવે છે, અલ્લાહ તેને ઓલવી નાખે છે.[૨૨૯] અને ધરતીમાં હુલ્લડ માટે નાસતા ફરે છે. અને અલ્લાહ ઝઘડાખોરોને પસંદ નથી કરતો (૬૪) અને જો કિતાબવાળા ઈમાન લાવતા અને પરહેઝગારી ધારણ કરત તો અવશ્ય અમે તેમના ગુનાહ ઉતારી દેત. અને અવશ્ય તેમને સુખના

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

وَ تَرٰى كَثِيْرًا مِّنْهُمْ يُسَارِعُوْنَ فِي الْاِثْمِ وَ الْعُدْوَانِ وَ اَكْلِهِمُ السُّحْتَ ؕ لَبِئْسَ مَا كَانُوْا يَعْمَلُوْنَ ۝٦٢ لَوْ لَا يَنْهٰهُمُ الرَّبّٰنِيُّوْنَ وَ الْاَحْبَارُ عَنْ قَوْلِهِمُ الْاِثْمَ وَ اَكْلِهِمُ السُّحْتَ ؕ لَبِئْسَ مَا كَانُوْا يَصْنَعُوْنَ ۝٦٣ وَ قَالَتِ الْيَهُوْدُ يَدُ اللّٰهِ مَغْلُوْلَةٌ ؕ غُلَّتْ اَيْدِيْهِمْ وَ لُعِنُوْا بِمَا قَالُوْا ۘ بَلْ يَدٰهُ مَبْسُوْطَتٰنِ ۙ يُنْفِقُ كَيْفَ يَشَآءُ ؕ وَ لَيَزِيْدَنَّ كَثِيْرًا مِّنْهُمْ مَّاۤ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ طُغْيَانًا وَّ كُفْرًا ؕ وَ اَلْقَيْنَا بَيْنَهُمُ الْعَدَاوَةَ وَ الْبَغْضَآءَ اِلٰى يَوْمِ الْقِيٰمَةِ ؕ كُلَّمَاۤ اَوْقَدُوْا نَارًا لِّلْحَرْبِ اَطْفَاَهَا اللّٰهُ ۙ وَ يَسْعَوْنَ فِي الْاَرْضِ فَسَادًا ؕ وَ اللّٰهُ لَا يُحِبُّ الْمُفْسِدِيْنَ ۝٦٤ وَ لَوْ اَنَّ اَهْلَ الْكِتٰبِ اٰمَنُوْا وَ اتَّقَوْا لَكَفَّرْنَا عَنْهُمْ سَيِّاٰتِهِمْ وَ لَاَدْخَلْنٰهُمْ جَنّٰتِ النَّعِيْمِ ۝٦٥ وَ لَوْ اَنَّهُمْ اَقَامُوا التَّوْرٰىةَ وَ الْاِنْجِيْلَ وَ مَاۤ اُنْزِلَ اِلَيْهِمْ مِّنْ رَّبِّهِمْ لَاَكَلُوْا مِنْ فَوْقِهِمْ وَ مِنْ تَحْتِ اَرْجُلِهِمْ ؕ مِنْهُمْ اُمَّةٌ مُّقْتَصِدَةٌ ؕ وَ كَثِيْرٌ مِّنْهُمْ سَآءَ مَا يَعْمَلُوْنَ ۝٦٦ يٰۤاَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَاۤ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ ؕ وَ اِنْ لَّمْ تَفْعَلْ فَمَا بَلَّغْتَ رِسَالَتَهٗ ؕ وَ اللّٰهُ يَعْصِمُكَ مِنَ النَّاسِ ؕ اِنَّ اللّٰهَ لَا يَهْدِي الْقَوْمَ الْكٰفِرِيْنَ ۝٦٧

*બગીચાઓમાં લઈ જાત (૬૫) અને જો તેઓ કાયમ રાખત તવરાત અને ઈન્જીલ[૨૩૦] અને તે જે કંઈ એમની તરફ એમના રબ તરફથી ઉતર્યું,[૨૩૧] તો એમને રોજી મળત ઉપરથી અને એમના પગો નીચેથી.[૨૩૨] એમનામાં અમુક જુથ સીધું છે.[૨૩૩] અને એમનામાં વધારે (લોકો) ઘણા જ બુરા કાર્યો કરી રહ્યા છે[૨૩૪] (૬૬) હે રસૂલ ! તમારી તમારા રબ તરફથી જે કંઈ ઉતર્યું તે પહોંચાડી દો,[૨૩૫] અને આવું ન થાય તો (જાણે) તમે તેનો કોઈ સંદેશ પહોંચાડયો નહીં. અને અલ્લાહ લોકોથી તમારી દેખભાળ રાખશે.[૨૩૬] બેશક ! અલ્લાહ કાફિરોને માર્ગ બતાડતો નથી. (૬૭)*

## :: સમજૂતી ::

**૨૧૯** : અર્થાત યહૂદીઓ. **૨૨૦** : ગુનાહમાં દરેક નાફરમાનીનો સમાવેશ થાય છે. અમુક તફસીરકારોનું કહેવું છે કે ગુનાહનો અર્થ અહીં તવરાતમાં બયાન થયેલી બાબતોનું છુપાવવું, અને તેમાં સૈયદે આલમ ﷺના જે ગુણો અને વખાણ હતાં તેને સંતાડવાનો છે અને 'ઉદવાન'નો અર્થ તવરાતમાં પોતાના તરફથી અમુક વધારો કરવો, અને હરામખોરીનું અર્થ લાંચ વગેરે છે. *(ખાઝિન)* **૨૨૧** : કારણ કે લોકોને ગુનાહો અને ખરાબ કામોથી રોકતા નથી.

**મસ્અલો** : આનાથી જણાયું કે ઉલમા પર વાજિબ છે કે લોકોને નસીહત કરે અને ખરાબ કામોથી રોકે, અને જે માણસ ખરાબ વસ્તુથી રોકવાનું છોડી દે તે કબીરો ગુનાહ કરનાર જેવો છે.

**શાને નુઝૂલ** : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે, યહૂદીઓ બધા માલદાર અને શ્રીમંત હતા, જ્યારે તેમને હુઝૂર ﷺને જૂઠા કહ્યા અને આપનો વિરોધ કર્યો ત્યારે તેમની રોજી ઘટી ગઈ. ત્યારે ફખ્ખાસ નામનો યહૂદી બોલ્યો કે, 'અલ્લાહનો હાથ બંધાએલો છે' અર્થાત તે રોજી આપવામાં અને ખર્ચ કરવામાં બખીલાઈ કરે છે. તેના આ કથન બાબત કોઈ યહૂદીએ તેને ટોક્યો નહીં, બલ્કે એનાથી ખુશ થયા. તેથી જ આ કથનને બધાનું કથન કહેવામાં આવ્યું અને તેમના માટે આ આયત ઉતરી. **૨૨૩** : તંગીના કારણે, અને દાન ખૈરાત કરવાથી, આ ફર્માનનો અસર એ થયો કે યહૂદીઓ આખી દુનિયામાં બધાથી વધારે બખીલ બની ગયા. અથવા એ અર્થ છે કે તેમના હાથ જહન્નમમાં બાંધવામાં આવે અને એ રીતે તેમને દોઝખની આગમાં નાખવામાં આવે, તેમની બકવાસ અને ગુસ્તાખીની સજા રૂપે. **૨૨૪** : તે મહાદાની કૃપાળુ છે. **૨૨૫** : પોતાની હિકમત અનુસાર, તેમાં કોઈને વાંધો લેવાની મજાલ નથી. **૨૨૬** : કુર્આન શરીફ. **૨૨૭** : એટલે કે જેટલું કુર્આન મજીદ ઉતરતું જશે એમનો હસદ અને મેલ તેટલો જ વધતો જશે. અને તે તેની સાથે કુફ્ર અને ઘમંડીપણામાં વધતા ચાલશે. **૨૨૮** : તેઓ હમેશાં અંદર અંદર જુદા જુદા રહેશે, અને તેમનાં હૃદયો કદી ભેગાં નહીં થાય. **૨૨૯** : અને તેમની સહાયતા કરતો નથી તેઓ અપમાનિત થાય છે. **૨૩૦** : એ રીતે કે સૈયદે અંબિયા ﷺ પર ઈમાન લાવત અને આપની તાબેદારી કરતા, કારણ કે તવરાત અને ઈન્જીલમાં એ મુજબ કરવાનો આદેશ અપાયો છે. **૨૩૧** : અર્થાત બધી કિતાબો જે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલો પર ઉતારી, એ તમામમાં હુઝૂર ﷺનું વર્ણન અને આપ પર ઈમાન લાવવાનો હુકમ છે. **૨૩૨** : એટલે કે બહોળા પ્રમાણમાં રોજી મળત, અને દરેક તરફથી પ્રાપ્ત થાત.

**ફાયદો** : આ આયતથી જણાયું કે **દીનની પાબંદી અને અલ્લાહની ફર્માબરદારી કરવાથી રોજીમાં વધારો થાય છે.** **૨૩૩** : સીમાનું ઉલ્લઘંન નથી કરતું. આ લોકો યહૂદીઓમાંના તે છે જે હુઝૂર ﷺ પર ઈમાન લાવ્યા. **૨૩૪** : જેઓ કુફ્ર પર ચોંટેલા છે. **૨૩૫** : અને કશો ભય ન રાખો. **૨૩૬** : એટલે કે કાફિરોથી, જેઓ આપને શહીદ કરી દેવાનો ઈરાદો ધરાવે છે. સફરમાં રાત્રે હુઝૂર ﷺ માટે પહેરો રાખવામાં આવતો હતો. પણ જ્યારે આ આયત ઉતરી ત્યાર પછી પહેરો હટાવી લેવામાં આવ્યો. અને હુઝૂરે પેહરેગીરોને કહ્યું, 'તમે જતા રહો ! અલ્લાહ તઆલા મારી દેખભાળ રાખે છે.

# દર્સે હદીષે પાક એટલે મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

*''હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે તમે નમાઝ પઢો તો સફો સીધી કરો. પછી તમારામાંથી કોઈ તમારો ઈમામ બની જાય[૧] જ્યારે એ તકબીર કહે તો તમે પણ તકબીર કહો અને જ્યારે કહે :* غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ *તો તમે* آمین *'આમીન' કહો અલ્લાહ તમારી કૂબૂલ કરશે.[૨] પછી જ્યારે તકબીર કહે અને રુકૂઅ કરે તો તમે પણ તકબીર કહો અને રુકૂઅ કરો. ઈમામ તમારાથી પહેલાં રુકૂઅમાં જશે અને તમારાથી પહેલાં માથુ ઉઠાવશે. હુઝૂર* صلی اللہ علیہ وسلم *એ ફર્માવ્યું, એ એના બદલામાં થયું.[૩] અને જ્યારે કહે* سمع اللہ لمن حمدہ *તો તમે કહો :* اللھم ربنا لک الحمد *અલ્લાહ તમારી સાંભળશે.[૪] (મુસ્લિમ)*

**૧.** આ તે સાહબોને સંબોધન છે જેઓ સૌ આલિમ ફકીહ હતા. એટલે કે જ્યારે તમે એવી જગાએ હોવ જ્યાં કોઈ ઈમામ નિશ્ચિત ન હોય તો કેમ કે તમો સૌ ઉલમા ફાઝિલો છો જેથી તમારામાંથી કોઈ પણ ઈમામ બની જાય. જેથી આ હદીષ તે હદીષોની વિરૂધ્ધ નથી જ્યાં ફર્માવવામાં આવ્યું કે ઈમામ તે બને જે સૌથી અધિક આલિમ તથા કારી હોય.

**૨.** એટલે કે એ આમીનની બરકતથી તમારી અલ્હમ્દુવાળી સર્વ દુઆઓ કૂબૂલ થશે, અથવા જ્યારે તમો સૌ મળીને આમીન કહેશો તો કૂબૂલ થશે. કેમ કે **જમાઅતની નમાઝ તથા દુઆઓ જો એકની કૂબૂલ થઈ જશે તો સૌની કૂબૂલ થાય છે.** એટલા માટે **દુઆ** તથા **ઈબાદતોના** માટે **જમાઅત તલાશ કરતા રહો.**

**૩.** એટલે તમામ હરકતો તથા સુકૂનવાળી સ્થિતિઓમાં તમે ઈમામની પાછળ રહો કે ઈમામ જ્યારે રૂકૂઅમાં પહોંચી જાય તો તમે રુકૂઅમાં ઝુકો અને જ્યારે રુકૂઅથી સીધો ઉભો થઈ જાય તો તમે ઉઠો. ઈમામ રુકૂઅમાં તમારાથી પહેલો પહોંચશે અને તમારાથી પહેલાં ઉઠશે તો એક લહેઝો રુકૂઅમાં તમે પાછળ પહોંચશો.

**૪.** એટલે કે જમાઅતમાં ઈમામ કેવળ سَمِعَ اللّٰهُ لِمَنْ حَمِدَهٗ કહેશે અને મુકતદી કેવળ رَبَّنَا لَكَ الْحَمْدُ કહેશે. જેથી આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે. અમુક રિવાયતોમાં કેવળ رَبَّنَا لَكَ الْحَمْدُ છે અમુકમાં اَللّٰهُمَّ પણ છે. ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ને ત્યાં મુકતદી બંનેવ કલમા કહે, આ હદીષ એમની વિરૂધ્ધ છે.

*''અને મુસ્લિમ અબૂ હુરૈરહ તથા કતાદાથી એક રિવાયતમાં છે કે જ્યારે ઈમામ કિરાઅત કરે તો તમે ખામોશ રહો.[૧]''*

**૧.** આ હદીષ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ની મજબૂત દલીલ છે કે મુકતદી અલ્હમ્દ ન પઢે, કેમ કે ઈમામની કિરાઅતના સમયે એણે ખામોશી જરૂરી છે. આ હદીષ કેટલાક કારણોસર ખૂબ જ મજબૂત અને અમલને પાત્ર છે. એક એ કે એનું સમર્થન કુર્આને કરીમથી થઈ રહ્યું છે. રબ ફર્માવે છે : وَاِذَا قُرِئَ الْقُرْاٰنُ فَاسْتَمِعُوْا لَهٗ وَاَنْصِتُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ ''અને જ્યારે કુર્આન પઢવામાં આવે તો એને કાન લગાડીને સાંભળો અને ખામોશ રહો કે તમારા પર રહમ થાય.

(૭/૨૦૪, કન્ઝુલ ઈમાન) બીજુ એ કે આ હદીષનું સમર્થન ઘણી હદીષોથી થઈ રહ્યું છે. ફક઼ીરે એના વિશે ચોવીસ હદીષો જમા કરી. જુઓ જાઅલ હક્ક઼ ભાગ–૨. ત્રીજુ એ કે આમ સહાબાએ કિરામનો એ જ અમલ હતો કે તેઓ ઈમામની પાછળ ક઼િરાઅતથી મના કરતા હતા. પાંચમુ એ કે રુકૂઅમાં શરીક થનારને રકઅત મળી જાય છે, જો ઈમામની ક઼િરાઅત એના માટે પૂરતી ન હોત બલ્કે મુક઼્તદીએ પણ ફાતિહા પઢવી ફર્ઝ હોત તો તેને રકઅત ન મળતી. છટ્ઠુ એ કે જલીલુલ ક઼દર સહાબાએ ઈમામ પાછળ તિલાવત કરનારાઓને બદદુઆઓ આપી. જેમ કે ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે જે ઈમામની પાછળ પઢે તેના મોંમા ધૂળ. હઝરત ઉમર ફર્માવે છે કે જે ઈમામની પાછળ તિલાવત કરે તેના મોંઢામાં પથ્થર. હઝરત સઅદ બિન અબી વક્ક઼ાસ رضی اللہ عنہ ફર્માવે છે કે જે ઈમામની પાછળ તિલાવત કરે એના મોંમાં અંગારા, વગેરે. સાતમુ એ કે આમ મુસલમાનોનો એના પર અમલ છે. નેવું ટકા મુસલમાન હનફી છે જેઓ ઈમામની પાછળ તિલાવત નથી કરતા. સારાંશ કે આ હદીષ ખૂબ જ ક઼વી (મજબૂત) છે. જુઓ અમારી કિતાબ જાઅલ હક્ક઼ ભાગ–૨.

*"હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ ઝોહરની પ્રથમ બે રકાતોમાં સૂરએ ફાતિહા તથા બે સૂરતો પઢતા હતા અને છેલ્લી બે રકાતોમાં સૂરએ ફાતિહા પઢતા[૧] અને કદી અમને કોઈ આયત સંભળાવી દેતા હતા.[૨] અને પહેલી રકાતમાં અમુક અંશે લંબાવતા જેવું બીજી રકાતમાં ન કરતા[૩] એવું જ અસ્રમાં અને એવું જ સવારમાં કરતા." (મુસ્લિમ)*

**૧.** ફર્ઝ નમાઝની રકાતોમાં કેટલી રીતે ફરક઼ છે. એક એ કે આગલી બે રકાતોમાં ક઼િરાઅત ફર્ઝ છે. અમારી રકાતોમાં નફ્લ. બીજુ એ કે પ્રથમ રકાતો ભરેલી પઢવામાં આવે છે અને બાદની ખાલી. ત્રીજુ એ કે ફજર, મગરિબ ઈશાની આગલી રકાતોમાં ઈમામ ઊંચી તિલાવત કરે છે, બાદવાળીઓમાં આહિસ્તા. ચોથુ એ કે આગલી બે રકાતો સફર કે ઘર દરેક હાલતમાં પઢવાની છે, પણ છેવટની બે રકાતો સફરમાં માફ થઈ જાય છે. આ સર્વ મસાઈલ હદીષથી સાબિત છે જેનામાંથી એક મસ્અલો અહીં આવ્યો કે આગલી રકાતો ભરેલી પઢો અને આખરી ખાલી.

**૨.** એટલે કે ઝોહર તથા અસરની નમાઝોમાં સરકાર એકાદ આયત જોરથી પઢી દેતા જેથી સહાબાએ કિરામને જાણ થઈ જાય કે હુઝૂર ﷺ ફલાણી સૂરત પઢી રહ્યા છે. હવે આપણા માટે એ જાઈઝ નથી. આપણે લોકો સિર્રી (ધીમા અવાજવાળી) નમાઝોમાં એક આયત પણ જોરથી નથી પઢી શકતા. એ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે.

**૩.** એટલે કે પ્રથમ રકાતમાં બીજી રકાતની સરખામણીમાં કાંઈક લાંબુ પઢતા. અથવા એટલા માટે કે એમાં سبحانک اللھم، اعوذ، بسم اللہ પણ છે, બીજી રકાતમાં એ નથી, અથવા એટલા માટે કે પહેલી રકાતમાં ક઼િરાઅત કાંઈક અધિક કરતા જેથી પાછળથી આવનારા શિર્કત કરી શકે. અહનાફની નજીક ફતાવા એના પર છે કે દરેક નમાઝમાં પ્રથમ રકાત બીજી કરતાં કાંઈક વધારે પઢે. ખાસ કરીને ફજરની નમાઝ કે એમાં પ્રથમ રકાત અધિક લાંબી કરે. જેથી આ હદીષ હનફીઓની વિરૂધ્ધ નથી બલ્કે એમનું સમર્થન કરનારી છે.

*"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી ﷺના ઝોહર તથા અસરના ક઼યામનો અંદાઝો લગાડતા હતા[૧] તો અમે આપના ઝોહરની પહેલી બે રકાતોમાં الم تنزیل السجدہ પઢવાના જેટલો લગાડયો.[૨] એક રિવાયતમાં છે કે દરેક રકાતમાં ત્રણ આયતોની માત્રા જેટલો[૩] અને અમે આખરી રકાતોમાં*

*ક઼યામતનો અંદાઝો એનાથી અડધાનો લગાડયો.[૪] અને અસ્રની પ્રથમ બે રકાતોમાં ઝોહરની અંતિમ રકાતોના ક઼યામની માત્રા જેટલો અંદાઝો લગાડયો અને અસ્રની આખરી રકાતોમાં એનાથી અડધો.[૫] (મુસ્લિમ)*

**૧.** એનાથી જાણવા મળ્યું કે **નમાઝમાં હુઝૂર ﷺના હાલાત તથા સિફ્તો વિચારવી અને તેમાં વિચારણા કરવી સહાબાની સુન્નત છે.** એનાથી નમાઝ અપૂર્ણ ન થશે બલ્કે કામિલતર થશે. જુઓ સહાબાએ કિરામ હુઝૂર ﷺની પાછળ નમાઝ પણ પઢી રહ્યા છે. અને એ ખયાલ પણ રાખી રહ્યા છે કે આપનો કયામ કેટલા પ્રમાણમાં થયો. એ એમના ખુસૂઅની વિરૂધ્ધ ન હતું.

**૨.** એટલે કે એટલો ક઼યામ ફર્માવતા હતા કે દરેક રકાત અલ્હમ્દુ ઉપરાંત الٓمٓ تنزیل السجدہ ના માત્રા જેટલુ પઢતા હતા. એટલે કે ૨૯ આયતો અથવા બંનેવ રકાતોમાં એ સૂરતની માત્ર જેટલુ. પણ પ્રથમ અર્થ અધિક યોગ્ય છે. જેવું કે આગલા લખાણથી જાહેર છે.

**૩.** આ પરથી જાણવા મળ્યું કે પાછલા વર્ણન થયેલ કલામમાં દરેક રકાતમાં الٓمٓ تنزیل السجدہ ની માત્રા બરાબર ક઼િરાઅત કરતા હતા, ન કે બંનેવમાં.

**૪.** એટલે કે ઝોહરની છેલ્લી બે રકાતોમાં દરેક રકાતમાં અલ્હમ્દુ ઉપરાંત પંદર આયતો. આ પરથી જાણવા મળ્યું કે હુઝૂર ઝોહરની આખરી રકાતોમાં પણ સૂરત મિલાવતા હતા. યાદ રાખશો કે ફર્ઝોની છેલ્લી રકાતોમાં ક઼િરાઅત નફ્લ છે જેથી ખામોશ રહે અથવા તસ્બીહ પઢે અથવા અલ્હમ્દુલિલ્લાહ સૂરત સાથે પઢે, અથવા કેવળ અલ્હમ્દુ પઢે દરેક રીતે દુરુસ્ત છે. અહીં ત્રીજી સ્થિતિનું વર્ણન છે. એટલે કે અલ્હમ્દુ સૂરતની સાથે પઢવું. અને હુઝૂરનો આ અમલ શરીફ જાઈઝ હોવાના વર્ણનના માટે છે, કેમ કે એ રકાતોને ખાલી પઢવું મુસ્તહબ છે. (અશિઅહ)

**૫.** એટલે કે અસ્રની આગલી રકાતોમાં દરેક રકાતમાં પંદર આયતો અને આખરની બે રકાતોમાં પંદર આયતો. એના પરથી જાણવા મળ્યું કે અસરમાં તિલાવત ઝોહરની સરખામણીમાં ઓછી હોવી જોઈએ, કે અહનાફની નજીક ફજર તથા ઝોહરમાં તવાલે મુફસ્સલ પઢવું અને અસ્ર તથા ઈશામાં અવસાતે મુફસ્સલ પઢવું મુસ્તહબ છે. આ હદીષ એનો માખઝ હોય શકે છે.

*"હઝરત જાબિર ઈબ્ને સમુરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺ ઝોહરમાં وَالَّیۡلِ اِذَا یَغۡشٰی પઢતા હતા. અને એક રિવાયતમાં છે કે سَبِّحِ اسۡمَ رَبِّکَ الۡاَعۡلَی[૧] અને અસ્રમાં એ જ પ્રમાણે, અને ફજરમાં એનાથી કાંઈક લાંબી.[૨] " (મુસ્લિમ)*

**૧.** એટલે ઝોહરની પ્રથમ રકાતમાં وَالَّیۡلِ اِذَا یَغۡشٰی અથવા سَبِّحِ اسۡمَ رَبِّکَ الۡاَعۡلَی પઢતા હતા અથવા બંનેવ રકાતોમાં આ સૂરત એવી રીતે પઢતા કે દરેક રકાતમાં સૂરત પર પ્રથમ અર્થ અધિક યોગ્ય છે. કેમ કે દરેક રકાતમાં પૂરી સૂરત પઢવી અડધી પઢવા કરતાં અધિક બેહતર છે. ખયાલ રાખશો કે ઝોહર તથા અસરમાં તિલાવત આહિસ્તા થાય છે જેથી સહાબાએ કિરામને આ તિલાવતનો ઈલ્મ ક્યાં તો હુઝૂરના બતાવવાથી થયો અથવા સરકાર એકાદ આયત અવાજથી પઢી કાઢતા હતા જેથી સહાબાને જાણ થાય કે કઈ સૂરત પઢી રહ્યા છે.

**૨.** યાદ રાખશો કે નમાઝની ક઼િરાઅતમાં વિવિધ હદીષો આવી પણ ટકરાવવાળી નથી. કેમ કે સરકાર ﷺની તિલાવત મોક઼ા તથા હાલાતના લેહાઝથી વિવિધ હતી. ક્યારેક લાંબી ક઼િરાઅત કરતા ક્યારેક નાની, જેવો મોક઼ો. તેમજ હાલાતમાં મુસ્તહબ પર અમલ કરતા, અમુક સંજોગોમાં કેવળ જાઈઝ હોવા પર. જેથી હદીષો વિવિધાભાસી નથી.

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ★ અલ્લાહવાળાઓએ દુનિયાની માલ મતાથી નફરત કરી છે ★

એકવાર ખ્વાજા કુત્બુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہની સમક્ષ એક શખ્સ એ નિય્યતે હાજર થયો કે હઝરત એક ઢગલો સોનાના દીનારનો પેદા કરી આપે અને પોતાના કદમો નીચેથી દૂધની નદી વહેતી કરી આપે. હજી એ શખ્સ આવીને બઠો જ ન હતો એવામાં હઝરતે તેના તરફ ધ્યાનિત થઈને ફર્માવ્યું, ખુદાના દોસ્ત ! ખુદાના દુશ્મન (દુનિયા)ને સાથે લઈને તેની તલબમાં નીકળે છે ?! જે ચીજ તારા દિલમાં છે તે તો એ જ ઈંટની નીચે છે જેના પર તું બેઠેલો છે ! જ્યારે તેણે ઈંટ ઉઠાવી તો સોનાના દીનારનો એક ઢગલો નીચેથી નીકળ્યો. ફર્માવ્યું, એને લઈ લો ! તમારો જ હિસ્સો છે. જ્યારે તે લઈને ચાલ્યો તો હઝરત ખ્વાજાએ ફર્માવ્યું, ચાવલ, દૂધ પણ તમારી નજીક જ છે, તેને પણ ખાવ ! તે શખ્સે જ્યારે નજર ઉઠાવી તો દૂધ તથા ચાવલની એક નહેર વહેતી જોઈ.

ખ્વાજા કુત્બીદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہનો એક અન્ય બનાવ વર્ણવ્યો. એકવાર રસ્તેથી પસાર થઈ રહ્યા હતા. જ્યાં એક મસ્જિદનું બાંધકામ થઈ રહ્યું હતું. લોકો છત પર કળીઓ નાખી રહ્યા હતા એમાં એક બે ગજ નાની રહી ગઈ હતી. લોકો પરેશાન હતા. ખ્વાજા તેમની પાસે પહોંચ્યા. ફર્માવ્યું, જ્યારે તેને ઉપર લઈ જાવ તો બતાવજો. જ્યારે ઉપર ગયા તો ખ્વાજા દીવાલ પર તશરીફ લઈ ગયા. એ લાકડીને ખેંચી અને દીવાલોમાંથી પસાર કરી દીધી. તે લાકડી બીજી દીવાલથી પાર થઈ ગઈ.

### ★ નદીની માછલીઓ સોનાના દિરહમ લઈને હાજર થઈ પણ... ★

ખ્વાજા મુહમ્મદ ચિશ્તી رحمۃ اللہ علیہ ખ્વાજા યૂસુફ ચિશ્તીના પીરો મુર્શિદ હતા. અધિક્તર સમય આલમે તહૈયુરમાં પસાર કરતા હતા. ત્રીસ વરસથી તેમણે પડખાભેર જમીન પર આરામ કર્યો ન હતો. આ મુજાહિદો પણ તે લોકોને નસીબ થાય છે જેઓ એના લાયક હોય છે. જેમ કે એક એક બે બે વરસ સુધી કાંઈ ખાતા ન હતા. ............ એક દિવસે દજલાના કિનારે પોતાના ખિર્કા શરીફને થીંગડું મારી રહ્યા હતા એવામાં એક શાહઝાદો પોતાના નોકર ચાકરો સાથે પસાર થયો. ખ્વાજા મૌસૂફને જોઈને ઘોડાથી ઉતર્યો, આદાબ બજાવી લાવ્યો અને બેસી ગયો. ખ્વાજાએ ફર્માવ્યું, હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જો કોઈ વૃદ્ધા સલ્તનતના કોઈ શહેરમાં ફાકાથી સૂઈ ગઈ તો કયામતના દિવસે તે દેશના વાલીની પકડ થશે કે જેથી તેનો ઈન્સાફ થાય, અને તે વૃદ્ધ તેને કદાપિ છોડશે નહીં. શાહઝાદાએ હઝરતની ખિદમતમાં હદિયા રૂપે રોકડ પેશ કર્યું. ખ્વાજાએ સ્મિત કર્યું વધુ પેજ નં. ૪૧... પર

તઝકેરતુલ અવલિયા

# હઝરત અબૂ અલી શફીક઼ બલ્ખી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૪૬

**ઓળખ** : આપનું નામ મુબારક શફીક઼ અને કુન્નિયત અબૂ અલી છે. આપ સમયના સુવિખ્યાત મશાઈખ તથા મુત્તકીઓમાંથી થયા છે, અને જય્યદ આલિમ તથા લેખક હોવાની સાથોસાથ તેમણે પોતાની પૂરી જિંદગી તવક્કુલમાં પસાર કરી દીધી. જેમ કે આપની ઘણી કિતાબો છે અને હઝરત હાતિમ અસમ જેવા બુઝુર્ગ આપના વિદ્યાર્થીઓમાંથી થયા છે પરંતુ આપે તરીક઼તની મંઝિલો હઝરત ઈબ્રાહીમ અદહમ رحمۃ اللہ علیہની સોહબતમાં પાર પાડી અને ખૂબ જ વધારે મશાઈખોથી શરફે નિયાઝ હાંસલ રહ્યો.

**હાલાત તથા હક઼ીક઼તો** : આપ ફર્માવ્યા કરતા હતા કે મેં એક હજાર સાતસો ઉસ્તાદો થકી શરીઅત તથા તરીક઼તના ઈલ્મોથી ફાયદો ઉઠાવ્યો, પરંતુ પરિણામે એ જાણ થઈ કે **ખુદાની રઝા કેવળ ચાર ચીજોમાં સમાયેલી છે** : (૧) રોજી બાબતે સુકૂન હાંસલ રહેવો. (૨) ખુલૂસ સાથે વર્તવું. (૩) ઈબ્લીસને દુશ્મન સમજવો. (૪) આખેરતનુ ભાથુ (તોશો) ભેગો કરવો. અને આ જ ચાર ચીજોના બારામાં અલ્લાહ તઆલાએ પણ ઈર્શાદ ફર્માવેલ છે.

આપે એક ખાસ બનાવથી પ્રભાવિત થઈને તૌબા કરી અને તે એ કે જ્યારે આપ વેપાર અર્થે તુર્કી પહોંચ્યા તો ત્યાંનું એક મશહૂર બુતકદા (મંદિર)ને જોવા પહોંચી ગયા અને ત્યાં એક પૂજારીને કહ્યું કે તને ક઼ાદિર તથા ઝિંદા ખુદાને છોડીને એક નિર્જીવ મૂર્તિની પૂજા કરતાં શરમ નથી આવતી ?! તેણે જવાબ આપ્યો કે તમે જે રોજીની પ્રાપ્તિ માટે દુનિયાભરમાં વેપાર કરતા ફરો છો તેનાથી શરમ નથી આવતી ?! અને શું તમારો ખાલિક઼ ઘરે બેઠાં રોજી પહોંચાડવા માટે ક઼ાદિર (શક્તિમાન) નથી ?! આ સાંભળીને તે જ સમયે વતન પરત થઈ ગયા. રસ્તામાં કોઈએ તેમના ધંધા વિશે પૂછયું. આપે કહ્યું, હું વેપાર કરું છું. તેણે ટોણો માર્યો કે આપના મુકદરનું જે કાંઈ છે તે તો ઘેર બેઠાં પણ મળી શકે છે, પરંતું હું સમજુ છું કે કદાચ તમે ખુદા પર શાકિર નથી. આ બનાવથી આપ ઓર અધિક પ્રભાવિત થયા. અને જ્યારે ઘરે પહોંચ્યા તો જાણવા મળ્યું કે શહેરના એક સરદારનો કૂતરો ગુમ થઈ ગયો છે અને શંકા હેઠળ આપના પડોશીને ગિરફતાર કરી લેવામાં આવ્યો છે. જેથી આપે સરદારને યક઼ીન અપાવીને કે તમારો કૂતરો ત્રણ દિવસમાં મળી જશે, પોતાના પડોશી છોડાવી લીધો. અને જેણે કૂતરાની ચોરી કરી હતી તે ત્રીજા દિવસે આપની પાસે લઈને આવ્યો અને આપે કૂતરો સરદારને ત્યાં મોકલી આપીને દુનિયાની કિનારાકશી અપનાવી લીધી.

એકવાર બલ્ખમાં દુકાળ પડી ગયો અને આપે બજારમાં એક ગુલામને ખૂબ જ ખુશ જોઈને પૂછયું કે લોકો તો દુકાળથી બર્બાદ થઈ ગયા અને તું આટલા પ્રમાણમાં ખુશ જણાય છે ?! તેણે જવાબ આપ્યો કે મારા માલિકને ત્યાં ખૂબ જ અનાજ મૌજૂદ છે અને તે મને કદી ભૂખ્યો રાખશે નહીં. આપે અલ્લાહ તઆલાથી અર્ઝ કરી કે, હે અલ્લાહ ! જ્યારે એક ગુલામને પોતાના આક઼ા પર આટલા પ્રમાણમાં ભરોસો છે તો તારી જાત પર હું કેમ ન ભરોસો કરું ?! જ્યારે કે તું માલિકુલ મુલ્ક છે. બસ ! ત્યારબાદ આપે સખ્તીની સાથે દુનિયાથી છોડો ફાડી નાખ્યો ત્યાં સુધી કે આપનો તવક્કુલ કમાલની કક્ષાએ પહોંચી ગયો. અને આપ મોટાભાગે કહ્યા કરતા હતા કે મારો ઉસ્તાદ તો એક ગુલામ છે.

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

હઝરત હાતિમ અસમ رحمۃ اللہ علیہ વર્ણવ્યા કરતા હતા કે એકવાર હું આપની સાથે જેહાદમાં શરીક હતો અને જંગ પૂરી શક્તિભેર ચાલુ હતી, પરંતું આપ પોતાની ગોદડી ઓઢીને બંને ફોજોની વચ્ચે સૂઈ ગયા પણ આપને કોઈ પ્રકારની ઈજા ન પહોંચી.

આપ એકવાર પોતાની મજલિસમાં ફૂલોની ખુશ્બુથી ખુશ થઈ રહ્યા હતા, એવામાં એકાએક શોર બુલંદ થયો કે કાફિરોની ફોજ આવી પહોંચી. પણ આપે બાતિની શક્તિ વડે તેમને હરાવી દીધા. એ વખતે કોઈ મૂરખે એવું કહી આપ્યું કે આશ્ચર્ય પમાડનારી છે આ વાત કે કાફિરોની ફોજ આટલી નજીક આવી ગઈ અને મુસલમાનોનો અમીર ફૂલ સુંઘતો રહ્યો ! આપે ફર્માવ્યું કે વાંધો ઉઠાવનારે ફૂલ સૂંઘવાનુ તો જોઈ લીધું પણ કાફિરની જે હાર થઈ તે તેને ન દેખાયી.

એકવાર સમરકંદમાં વઅઝ દરમિયાન લોકોની પ્રતિ ખાસ ધ્યાનિત થઈને ફર્માવ્યું, જો તમે મુર્દા થઈ ચૂક્યા છો તો કબ્રસ્તાન પહોંચી જાવ, અને જો દીવાના છો તો પાગલખાનામાં ચાલ્યા જાવ, જો કાફિર છો તો દારુલ હર્બમાં વસવાટ કરો અને જો મો'મિન છો તો પછી રાહે રાસ્ત (સીધા માર્ગે) અપનાવી લો.

કોઈ રઈસે (માલદારે) અર્ઝ કરી કે મહેનત મજૂરી કરવાના કારણે લોકો તમને કમતર (નીચ) સમજે છે, જેથી તમારા ખર્ચાઓ માટે અમુક રકમ મારી પાસેથી લઈ લીધા કરો. આપે ફર્માવ્યું કે જો પાંચ ચીજોનો ડર ન હોત તો કદાચ હું તારી દરખાસ્ત પર વિચાર કરત. **પ્રથમ** એ કે મને આપવાથી તારી દોલતમાં કમી ઉભી થશે. **બીજુ** એ કે મારી પાસેથી રકમ ચોરી થઈ જવાનો પણ ખતરો છે. **ત્રીજુ** એ કે શક્ય છે કે તને મારી ઉપર રકમ ખર્ચ કરવાનો ગમ પેદા થઈ જાય. **ચોથુ** એ કે શક્ય છે કે મારી અંદર કોઈ અયબ પેદા થઈ જવાના કારણે તું તારી રકમ પરત કરવાની માગણી કરવા લાગે. **પાંચમુ** એ કે તારા મૃત્યુ બાદ પણ પછી ભીખારી રહી જઈશ.

**સફરનો અસલ સામાન** : કોઈએ આપને પોતાના હજના ઈરાદાનો ઉલ્લેખ કર્યો, તો આપે પૂછયું કે તમારી પાસે ઝાદે સફર (સફરના સામાન)ના રૂપે શું છે ? તેણે અર્ઝ કરી કે મારી સાથે ચાર ચીજો છે : **પ્રથમ** એ કે હું મારી રોજીને અન્યો કરતાં અધિક નજીક પામુ છું. **બીજુ** એનું યકીન રાખુ છું કે મારી રોજીમાં કોઈ ભાગીદાર નથી બની શકતો. **ત્રીજુ** એ કે ખુદા દરેક જગાએ મૌજૂદ છે. **ચોથુ** એ કે અલ્લાહ મારી સારી બુરી હાલતથી સારી રીતે વાકેફ છે. આ સાંભળીને આપે ફર્માવ્યું કે, આનાથી વધીને બેહતર કોઈ સફરનો સામાન નથી હોઈ શકતો, અને અલ્લાહ તઆલા તારો હજ કબૂલ ફર્માવે. (ક્રમશઃ)


**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہનો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : **રૂા. ૫૦૦/-** *(ટપાલ/કુરીયર ખર્ચ રૂા.૧૦૦ અલગ)*

:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::
**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત,
**મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭**

| બેંકની વિગત | | | |
|---|---|---|---|
| બેંક ઓફ બરોડા દયાદરા બ્રાન્ચ | A/c. No. 34620100000303, Razvi Kitab Ghar | IFSC Code : BARB0DAYADR | PhonePe Paytm/GPay Mo. 94274 64411 |

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

(ભાગ–૨)

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## મુરાબહા અને તૌલીયાનુ બયાન

કોઈ ચીજ જે કિંમતે ખરીદવામાં આવે છે તેના પર થતો ખર્ચ ઉમેરી (પડતર કિંમત પર) એના પર નફો ઉમેરી કોઈવાર વેચવામાં આવે તેને મુરાબહા કહેવામાં આવે છે અને જો પડતર કિંમત પર નફો બિલકુલ લેવામાં ન આવે તો તેને તૌલીયા કહેવામાં આવે છે. વેચાણ સિવાયની બીજી કોઈ રીતે ચીજ માલિકીમાં આવી (જેમ કે એને કોઈએ બખ્શિશ કરી અથવા તો વારસામાં મળી અથવા વસિયતના કારણે મળી) એની કિંમત નક્કી કરી મુરાબહા અથવા તૌલિયા કરી શકે છે. નફાથી કે નફો લીધા સિવાય વેચી શકાય છે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : રૂપિયા અને અશરફીઓમાં મુરાબહા થઈ શકતો નથી. જેમ કે એક અશરફી ૧૫ રૂા. માં ખરીદી તેને એક રૂપિયો કે એથી વત્તો ઓછો નફો લગાવીને (મુરાબહા) વેચવા ઈચ્છે છે તો એ જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, ફતહ)*

**મસ્અલા** : મુરાબહા તેમજ તૌલિયા સહીહ હોવાની શર્ત એ છે કે જે ચીજના બદલામાં પ્રથમ ખરીદારે (ગ્રાહકે) ખરીદી છે તે ચીજના જેવી બીજી ચીજ હોવી જોઈએ જેથી બીજો ખરીદાર તે ચીજને કિંમત આપી ખરીદી શકતો હોય અને જો તેના જેવી ન હોય બલ્કે કિંમતી હોય તો બીજો ગ્રાહક એનો માલિક હોવો જોઈએ. જેમ કે ઝૈદએ અમ્ર પાસે કપડાંના બદલામાં ગુલામ ખરીદ્યો. પછીથી તે ગુલામને બકર પાસે મુરાબહા અથવા તૌલિયા કરવા ઈચ્છે છે. જો બકરે તે કપડું અમ્ર પાસેથી ખરીદી લીધું છે અથવા બીજી કોઈ રીતે (કપડું) બકરની માલિકીમાં આવી ચૂકયું છે તો મુરાબહા થઈ શકે છે અથવા બકરે એ કપડાના બદલામાં મુરાબહા કર્યો અને હજુ તે કપડું અમ્રની માલિકીમાં જ છે (બકરની માલિકીમાં નથી આવ્યું) પરંતુ સોદો થયા પછી અમ્રે સોદો મંઝૂર રાખ્યો (જાઈઝ કર્યો) તો તે મુરાબહા પણ દુરસ્ત છે. *(દર વ રદ)*

**મસ્અલા** : મુરાબહામાં જે નફો નક્કી કરવામાં આવ્યો છે તેની જાણકારી હોવી જરૂરી છે અને જો તે નફો કિંમતી હોય તો ઈશારો કરીને એને નક્કી કરવામાં આવ્યો હોય. જેમ કે ફલાણી ચીજને તમે દસ રૂપિયામાં ખરીદી છે તે મને દસ રૂપિયા અને આ કપડાના બદલામાં વેચાતું આપો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કિંમતનો મતલબ તે છે જેના પર સોદો નક્કી થયો. માની લો કે એક ચીજનો દસ રૂપિયામાં સોદો નક્કી થયો પરંતુ ખરીદનારે એના બદલામાં દસ રૂપિયાની કોઈ બીજી ચીજ આપી. ભલે તે ચીજ એટલી જ કિંમતની હોય કે તેથી વધારે કિંમતની હોય. છતાં પણ મુરાબહા તેમજ તોલિયામાં એ દસ રૂપિયાની જ ગણાશે, ખરીદનારે આપી હોય તે કિંમત ગણાશે નહીં. *(ફત્હુલ કદીર)*

**મસ્અલા** : દસકાના હિસાબ પર નફો નક્કી કરી મુરાબહા કરવામાં આવ્યો. અર્થાત દર દસની

કિંમત પર એક રૂપિયો નફો એટલે કે દસની ચીજ છે તો અગિયાર, વીસની ચીજ છે તો બાવીસ એ રીતે નક્કી કરીને જો પહેલી કિંમત ભારે (વધારે કિંમત) હોય, જેમ કે કોઈ એક ઘોડાના બદલામાં ખરીદી છે અને તે ઘોડો બીજા ગ્રાહક (ખરીદાર)ને મળી ગયો. જે મુરાબહાની રીતે ખરીદવા ઈચ્છે છે અને દસકાના હિસાબ પર ખરીદ્યો એનો મતલબ એ થયો કે ઘોડો આપશે અને ઘોડાની જે કિંમત છે તેના પર દર દસકે એક રૂપિયો આપશે. એ વેચાણ સોદો દુરસ્ત નથી, કારણ કે ઘોડાની કિંમત જાહેર નથી. પરિણામે નફાની ગણતરી પણ છુપી રહી. (જાહેર ન થઈ) અને જો પ્રથમ સોદાની કિંમત તેના જેટલી જ હોય જેમ કે પહેલા ખરીદારે સો રૂપિયાના બદલામાં ખરીદી અને દસકાના હિસાબે વેચી એના એકસો દસ રૂપિયા મળ્યા. જો પૂરેપૂરી કિંમત ગણતરીથી ખરીદનાર વાકેફ હોય તો એ સહીહ ગણાશે. જો વાકેફ ન હોય અને એ જ મજલિસમાં એની કિંમતને જાહેર કરવામાં આવી હોય તો એને હક્ક઼ છે કે એ લે કે ન લે (લેવી કે ન લેવી એનો હક્ક઼ છે) અને જો એ મજલિસમાં ખરીદનારને જાણકારી ન મળી હોય તો સોદો (વેચાણ) ફાસિદ ગણાશે. આજકાલ ખાસ કરીને વેપારીઓમાં એક રૂપિયો, એક આનો કે એક રૂપિયો બે આનાના નફાના હિસાબે વેચાણ થાય છે. એનો હુકમ પણ દસકાના હિસાબ જેવો છે કે કિંમત સોદા વખતે માલૂમ હોય કે સોદો થતી વેળાની મજલિસમાં માલૂમ પડી જાય તો સોદો સહીહ ગણાશે, નહીંતર ફાસિદ ગણાશે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : મુદલ રકમ કે જેના પર મુરાબહા તથા તોલીયાનો આધાર છે (કે એના મુદલ પર નફાની રકમ વધારવામાં આવે તો મુરાબહા અને કંઈ ન વધે તો તોલીયા) એમાં ધોબીનું મહેનતાણું જેમ કે કાપડનો તાકો ખરીદી તેને ધોવડાવ્યો અને નકશીકામ કરાવ્યું છે, જેમ કે ચીકન કરાવી, કિનારી પર બુટા ભરાવ્યા, કપડું રંગાવ્યું, મજૂરી આપી છે આ બધો ખર્ચ મુદલમાં ઉમેરી શકાય છે.

*(હિદાયા, ફત્હુલ કદીર)*

**મસ્અલા** : મકાનની મરામત કરાવી, સફાઈ કરાવી, પ્લાસ્ટર કરાવ્યું, કૂવો ખોદાવ્યો છે આ તમામ ખર્ચ મુદલમાં ઉમેરવામાં આવશે. દલાલને જે કંઈ આપ્યું હોય (દલાલી) તે પણ ઉમેરાશે.

*(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ચારનાર (ચરવાહા)નું મહેનતાણું અથવા પોતાનો ખર્ચ જેમ કે જવા આવવાનું ભાડું તથા ખાવા ખર્ચ અને જે કામ જાતે કર્યું અથવા તો કોઈએ મફતમાં કરી આપ્યું હોય એ કામનુ મહેનતાણુ, જે મકાનમાં માલ રાખવામાં આવ્યો હોય તે મકાનનુ ભાડુ, આ બધા ખર્ચને ઉમેરવામાં નહીં આવે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કઈ ચીજ ઉમેરવી અને કઈ ચીજ ન ઉમેરવી એને માટેના કાયદા (નિયમ)ના બાબતમાં વેપારીઓના નિયમ જોવામાં આવે, જેના સંબંધમાં (નિયમ) લાગુ પડે તેને સામેલ કરવી અને લાગુ ન પડતી હોય તો સામેલ ન કરે.

*(ફતહ વ દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જે ખર્ચાઓ નાજાઈઝ તરીકાથી જબરદસ્તીથી વસૂલ કરવામાં આવે છે જેવા કે ચુંગી. જો વેપારીઓનો નિયમ (કાયદો) એને ઉમેરવાનો હોય તો ઉમેરે નહીં તો ન ઉમેરે. કદાચ ચુંગીને આજકાલના વેપારીઓ તોલીયા અને મુરાબહાના મુદલમાં ઉમેરે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જે ખર્ચાઓ મુદ્દલમાં ઉમેરવામાં આવે છે તેને ઉમેર્યા પછી વેચનારે એવું ન કહેવું કે મેં આટલામાં ખરીદી છે, કેમ કે એ જૂઠ છે, બલ્કે એવું કહેવું કે મને આટલામાં પડી છે. મારી પડતર કિંમત આટલી છે. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : મરાબહાના સોદામાં જો ખરીદનારને જાણ થઈ જાય કે વેચનારે કંઈક ખયાનત કરી છે જેમ કે મૂળ કિંમત પર એવા ખર્ચાઓ વધારી દીધા કે જેને વધારવા નાજાઈઝ છે અથવા તો કિંમત વધારીને બતાવી, દસમાં ખરીદી હતી અને અગિયાર બતાવ્યા તો ખરીદનારને હક્ક઼ છે કે તે પૂરી કિંમત આપીને લે કે ન લે. જેટલી કિંમત ખોટી બતાવી હતી તેટલી ઓછી કરીને કિંમત ચૂકવી લઈ શકશે નહીં. એણે ખયાનત કરી છે તે જાણવા માટેની ત્રણ રીતો છે : **(૧)** તેણે પોતે કબૂલ કર્યું હોય **(૨)** ખરીદનારે ગવાહોથી સાબિત કર્યું **(૩)** એને ક઼સમ દેવામાં આવે અને તેણે ક઼સમથી ઈન્કાર કર્યો. તોલીયામાં જો વેચનારની ખયાનત સાબિત થઈ જાય તો એણે જે કંઈ ખયાનત કરી હોય તેટલી રકમ ઓછી કરી ખરીદનાર કિંમત અદા કરે. જેમ કે એણે કહ્યું કે મેં દસ રૂપિયામાં ખરીદી છે અને સાબિત થયું કે આઠમાં ખરીદી છે તો આઠ આપીને માલ લઈ લેશે. *(હિદાયા, ફ઼તેહ)*

**મસ્અલા** : મુરાબહામાં ખયાનત સાબિત થઈ ગઈ અને તે માલ પાછો આપવા ઈચ્છે તો પાછો આપતા પહેલાં માલ હલાક થઈ ગયો અથવા એમાં માલમાં કોઈ એવી વાત પેદા થઈ જેના કારણે સોદો રદ કરવાનું નાદુરુસ્ત થતું હોય તો પૂરી કિંમત આપીને માલને રાખી લેવો જરૂરી થશે. હવે તે પાછો આપી શકશે નહીં. નુકસાનનો બદલો પણ મળી શકશે નહીં. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : સુલેહના તોર પર જે ચીજ મળી હોય તેના મુરાબહા થઈ શકતો નથી. જેમ કે ઝૈદના ઉમર પર દસ રૂપિયા નીકળતા હતા તેણે માગણી કરી. અમ્રે કોઈ ચીજ આપી સુલેહ કરી લીધી. એ ચીજ ઝૈદને જો કે દસ રૂપિયાના બદલામાં મળી છે પરંતુ એનો મુરાબહા દસ રૂપિયા પર થઈ શકશે નહીં. *(હિદાયા)*

**મસ્અલા** : જે વખતે એણે ખરીદી હતી તે વખતે બજાર ભાવ વધારે હતો પાછળથી બજારની હાલત બદલાઈ ગઈ (બજાર ભાવ બદલાયો) એને જાહેર કરવો જરૂરી નથી. *(રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : જાનવર અથવા મકાન ખરીદ્યું હતું. એને ભાડે આપ્યું. મુરાબહામાં એવું કહેવાની જરૂર નથી કે એનું આટલુ ભાડુ મેં વસૂલ કરી લીધું છે અને જો જાનવરથી દૂધ, ઘી મેળવ્યું હોય તો એને કિંમતમાં મજરે આપવું પડશે. *(ફ઼તહ)*

**મસ્અલા** : કોઈ ચીજ વધારે ભાવમાં ખરીદી અને એટલી વધારે કિંમત ચૂકવી કે લોકો એ ભાવમાં ખરીદતા નથી તો મુરાબહા અને તોલીયામાં એને જાહેર કરવી જરૂરી છે. *(રદુલ મુહ્તાર)*

**મસ્અલા** : જેટલામાં ખરીદી હતી અથવા તો જેટલી પડતર કિંમત હતી એના પર તોલીયા કર્યો પરંતુ ખરીદનારને એ વાતની ખબર નથી કે તે રકમ કેટલી છે (પડતર કિંમત) તો વેચાણ ફ઼ાસિદ ગણાશે. પાછળથી જો એને મજલિસમાં (બેઠકમાં) ખબર પડી જાય તો એને લેવી કે ન લેવી એનો અખત્યાર છે અને મજલિસમાં પણ એને ખબર ન પડી તો પછીથી હવે ફ઼સાદ દૂર થઈ શકતો નથી. મુરાબહા માટે પણ આ જ હુકમ છે.

*(દુર્રે મુખ્તાર વગેરે)*

# પગપાળા હજના સફરની ભલાઈઓ તથા હિકાયતો

❑ અઝ : મૌલાના ફૈઝાન સરવર મિસ્બાહી ❑ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી

હજ ઈસ્લામના પાયાના અરકાનોમાંથી એક મહત્વનો રુકન છે. હજના ફરીઝાની ખુશનસીબીથી ફયઝયાબ થનાર ખુશનસીબ શખ્સના બારામાં મુઅલ્લિમે કાઈનાત ﷺએ એક ખુશખબરી આ પ્રમાણે સંભળાવી છે કે તે ગુનાહોથી એ રીતે પાક થઈ જાય છે, જાણે તે આજે જ માના પેટથી પેદા થયો છે. *(બુખારી)*

એક રિવાયતમાં છે કે "હજ તથા ઉમરા મોહતાજી અને ગુનાહોને એ રીતે દૂર કરે છે જેમ કે ભઠ્ઠી લોખંડ, ચાંદી તથા સોનાના મેલને દૂર કરી દે છે. હજ્જે મબરૂરનો સવાબ જન્નત જ છે." *(સુનને તિર્મિઝી)*

## ★ હજનું આમ એલાન ★

સહાબીએ રસૂલ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما વર્ણવે છે કે જયારે હઝરત ઈબ્રાહીમ علیہ السلام ખાનએ કા'બાની તામીર (બાંધકામ)થી ફારિગ થઈ ચૂક્યા તો અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો : وَاَذِّنْ فِي النَّاسِ بِالْحَجِّ લોકોમાં હજનું એલાન કરી આપો. *(સૂ. હજ્જ, ૨૨/૨૭)*

હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ અર્ઝ કરી, હે ખુદા ! છેવટે મારો અવાજ કેટલા દૂર સુધી પહોંચશે ? ઈર્શાદ થયો : اَذِّنْ وَعَلَيَّ الْبَلَاغُ "તું એલાન કર, અને લોકો સુધી એ એલાનને પહોંચાડવાનો મામલો મારા પર છોડી દે." હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ અર્ઝ કરી, મારા પરવરદિગાર ! કેવી રીતે એલાન કરું ? ઈર્શાદ થયો કે : اَيُّهَا النَّاسُ كُتِبَ عَلَيْكُمُ الْحَجُّ إِلَى الْبَيْتِ الْعَتِيْقِ "હે લોકો ! આપણા પર બયતુલ્લાહ શરીફનો હજ ફર્ઝ કરવામાં આવ્યો છે."

રિવાયતમાં આવેલ છે કે આસ્માન તથા જમીનના સર્વ રહેવાસીઓ સુધી આ અવાજ પહોંચ્યો હતો. માના ગર્ભોમાં અને બાપની પીઠોમાં જે જયાં હતો, સૌએ તેને સાંભળ્યું. તે વખતે જે જે ખુશનસીબોએ لبيك اللهم لبيك કહીને હઝરત ઈબ્રાહીમ علیہ السلامની પ્રકારનો જવાબ આપ્યો હતો, પોતાની પેદાઈશના ક્રમ પ્રમાણે આજ સુધી સૌ لبيك اللهم لبيكની સદા બુલંદ કરતા કરતા દૂર દરાઝ ઈલાકાઓથી સફર કરીને દીવાનાવાર તથા મસ્તાના અંદાઝમાં ખાનએ કા'બા ચાલ્યા આવતા રહે છે. *(મુસન્નફે ઈબ્ને અબી શયબા, ૬/૩૨૯)*

એક રિવાયતના શબ્દો છે : "એ દિવસથી લઈને ક્યામત આવતા સુધી જેટલા પણ હાજી હજ્જની સઆદતથી સરફરાઝ થયા અથવા થશે, સૌએ એ જ વખતે હઝરત ઈબ્રાહીમ علیہ السلامના એલાન પર લબ્બૈક કહ્યું હતું." *(ઉમ્દતુલ કારી શરહે સહીહ બુખારી, ૯/૧૭૨, કિતાબુલ હજ્જ, બૈરૂત)*

## ★ કુર્આને કરીમમાં પગપાળા હજના સફરનું વર્ણન ★

આ પૂર્વ ભૂમિકાને જાણ્યા બાદ આવો કુર્આન પાકની આયતે કરીમાથી કાંઈક શીખીએ છીએ.

وَاَذِّنْ فِي النَّاسِ بِالْحَجِّ يَاْتُوْكَ رِجَالًا وَّعَلٰى كُلِّ ضَامِرٍ يَّاْتِيْنَ مِنْ كُلِّ فَجٍّ عَمِيْقٍ

"અને હે ઈબ્રાહીમ ! લોકોમાં આમ એલાન

કરી દે, તેઓ તારી પાસે હાજર થશે પગપાળા અને દરેક દૂબળી ઊંટણી પર સવાર થઈને જે દરેક દૂરના રસ્તેથી આવે છે.'' *(સૂ. હજ્જ–૨૭)*

આ આયતે કરીમામાં હજના માટે આવનારા અહવાલ આ પ્રમાણે વર્ણન થયા છે : ★ પગપાળા ચાલીને આવશે. ★ ઊંટણી તથા અન્ય આરામદાયક સવારીઓના થકી આવશે. વિચારવા પાત્ર મુદ્દો એ છે કે અહીં પગપાળા ચાલીને આવનારાઓનું વર્ણન પ્રથમ અને સવારી પર સવાર થઈને આવનારાઓનો ઉલ્લેખ બાદમાં આવ્યો છે.

મુફસ્સિરે કુર્આન અબુલ બરકાત અબ્દુલ્લાહ ઈબ્ને અહમદ ઈબ્ને મહમૂદ હાફિઝુદ્દીન નસફી (વ. હિ.સ. ૭૧૦) લખે છે : ''ઈર્શાદે બારી તઆલાનો ભાવાર્થ છે કે પગપાળા ચાલીને અને સવાર થઈને આવશે. 'ضامر' દૂબળી ઊંટણીને કહે છે જે દૂર દરાઝનું અંતર પાર કરવાના કારણે દૂબળી પડી ગઈ હોય. પગપાળા આવનારાઓનું વર્ણન પ્રથમ અને સવારી પર આવનારાઓનું વર્ણન બાદમાં થયું. એટલા માટે કે પગપાળા આવનારાઓને ફઝીલત હાંસલ છે. જેવું કે મુબારક હદીષોમાં મૌજૂદ છે.''

*(તફસીરે મદારિકુત્તન્ઝીલ વ હકાઈકુત્તાવીલ, બૈરૂત)*

**★ પગપાળા હજ અફઝલ કે સવારી પર ?!★**

વર્ણવેલ આયતે કરીમાથી જાણવા મળ્યું કે હજ માટે પગપાળા જાવ કે સવારી પર બંનેવ સહીહ તથા દુરુસ્ત છે. અલ્બત્ત ! એ બંનેવમાં અફઝલ તરીકો શું છે એના બારામાં ઉલમાએ કિરામનો મતભેદ છે. અબુલ ફિદા ઈસ્માઈલ ઈબ્ને ઉમર ઈબ્ને કષીર કુરશી બસરી ષુમ્મ દમિશ્કી (વ. હિ.સ. ૭૭૪) લખે છે : ફર્માને બારી તઆલા છે : ''તારી પાસે હાજર થશે પગપાળા અને દરેક દૂબળી ઊંટણી પર સવાર થઈને, જે દૂરના માર્ગેથી આવે છે.'' એનાથી અમુક તે ઉલમા દલીલ કરે છે જેમનો મૌકૂફ એ છે કે જે શક્તિ ધરાવતો હોય તેના માટે સવારીના બદલે પગપાળા હજ કરવી અફઝલ છે. કેમ કે કુર્આને કરીમમાં પગપાળા જનારાઓનો ઉલ્લેખ પહેલાં કર્યો છે જેનાથી તેમની શાનની બુલંદી, તેમના હોંસલાઓની શક્તિ તથા નિશ્ચિત ઈરાદાની મજબૂતીની ભાળ મળે છે.

જ્યારે કે મોટાભાગના ઉલમાએ કિરામનો મૌકૂફ એ છે કે હજ માટે સવારી પર જવું અફઝલ છે. એમાં રસૂલે કરીમ ﷺની પયરવી (અનુસરણ) છે. કેમ કે કામિલ દરજાની શક્તિ હોવા છતાં આપ ﷺએ સવારી પર હજ કર્યો છે. *(તફસીરે ઈબ્ને કષીર)*

પગપાળા હજના સફરની અફઝલિયત પર ચર્ચા કરતાં અલ્લામા કમાલુદ્દીન ઈબ્નુલ હુમામ (વફાત હિ.સ. ૮૬૧)એ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماનો એક કૌલ પણ પેશ કર્યો છે. તે લખે છે : એમાં કોઈ શંકા કુશંકાને અવકાશ નથી કે પગપાળા હજ માટે જવું જાતે પોતે ખુદ અફઝલ અમલ છે, કેમ કે આજીજી તથા ખાકસારીની અધિક નજીક છે. (જે ઈબાદતમાં જરૂરી હોય છે.)

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે જ્યારે આપની બીનાઈ (દૃષ્ટિ શક્તિ) રુખસદ થઈ ગઈ તો કહેવા લાગ્યા, મને કોઈ વાત પર એટલો અફસોસ નથી થતો જેટલો કે એ વાત પર થાય છે કે હું પગપાળા ચાલીને હજ ન કરી શક્યો. કેમ કે : ★ અલ્લાહ તઆલાએ પગપાળા હજ માટે જનારાઓને અગ્રતા આપી છે, જેમ કે ફર્માવ્યું, ''તારી પાસે કેટલાક લોકો પગપાળા આવશે અને કેટલાક સવારી પર.'' *(સૂ. હજ્જ–૨૭)*

★ બીજી વાત એ છે કે નબી કરીમ ﷺએ

ઈર્શાદ ફર્માવ્યો, "જે પગપાળા હજ કરશે અલ્લાહ તઆલા તેના માટે દરેક કદમ પર હરમ શરીફની નેકીઓમાંથી એક નેકી લખશે. સવાલ કરવામાં આવ્યો કે યા રસૂલલ્લાહ ! ﷺ હરમ શરીફની નેકીઓ શું છે ? ફર્માવ્યું, દરેક નેકી સાતસો નેકીઓના બરાબર છે." *(ફત્હુલ કદીર લિલ કમાલ ઈબ્નુલ હુમામ, ૩/૧૭૩, કિતાબુલ હજ્જ)*

અલ્લામા શહાબુદ્દીન મહમૂદ બિન અબ્દુલ્લાહ ચિશ્તી આલૂસી (વફાત : હિ.સ. ૧૨૭૦)એ આ આયતની તફસીરમાં લખ્યું છે : "આ આયત એ વાતની દલીલ છે કે પગપાળા તથા સવારી બંનેવ રીતે હજ કરવી જાઈઝ છે. શયખ ઈબ્ને અરબી કહે છે, આપણા ઉલમાએ 'رِجَالاً' (પગપાળાવાળાઓ)નો ઉલ્લેખ પ્રથમ હોવાનું જોઈને એ દલીલ કરી છે કે પગપાળા હજ માટે જવું અફઝલ છે." (પછી ઈબ્ને અબ્બાસનો કૌલ તથા અન્ય રિવાયતોની રોશનીમાં આ ફઝીલતને સાબિત કરી છે) *(રૂહુલ મઆની ફી તફસીરુલ કુર્આન વલ સબઈલ મઆની, આ. ૨૭ સૂ. હજ્જ, બૈરૂત)*

### ★ હઝરત આદમ علیہ السلام ની ૭૦ પગપાળા હજો ★

અલ વલીદ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અલઝુર્ક ગસ્સાની મક્કી અલ્મરૂફ બિહ અલઝુર્કાની (વફાત : હિ. ૨૫૦)એ લખ્યું છે કે હઝરત આદમ علیہ السلام એ પગપાળા ૭૦ વાર હજની સઆદત હાંસલ કરી. જેમ કે તે લખે છે : "ઉષ્માન ઈબ્ને સાજ કહે છે કે મને સઈદે ખબર આપી કે **હઝરત આદમ علیہ السلام એ પગપાળા ચાલીને ૭૦ હજ અદા કર્યા છે.** પછી પહાડની એક સાંકડા મેદાનમાં ફરિશ્તાઓ સાથે મુલાકાત થઈ તો કહેવા લાગ્યા, હજ મુબારક થજો હે આદમ ! તમારાથી હજાર વરસ પહેલાં અમે આ મુબારક ઘરના હજની સઆદત હાંસલ કરી છે." *(અખ્બારે મક્કા વમા જાઅ ફીહા મિનલ આષાર, લિલ ઝુર્કાની, ૧/૪૫, સુન્નતુત્તવાફ, બૈરૂત)*

### ★ હઝરત ઈબ્રાહીમ તથા ઈસ્માઈલ علیہما السلام નો પગપાળા સફરે હજ ★

ઈમામ અહમદ ઈબ્ને હુસૈન ખુરવજિર્દી ખુરાસાની અબૂબક્ર અલ બયહકી (વફાત : હિ. ૪૫૮)એ સનદ સાથે વર્ણવ્યું છે કે હઝરત મુજાહિદ رضی اللہ عنہ ના હવાલાથી મરવી છે કે હઝરત ઈબ્રાહીમ તથા હઝરત ઈસ્માઈલ علیہما السلام એ પગપાળા હજનો સફર કર્યો. *(સુનને કુબરા, બયહકી, કિતાબુલ હજ)*

### ★ પગપાળા હજ કરનારાઓ સાથે ફરિશ્તાઓનું ગળે મળવું ★

પગપાળા સફરે હજની એક ફઝીલત એ પણ વર્ણન કરવામાં આવી છે કે **ફરિશ્તા તેમની સાથે મુઆનિકા કરે (ગળે મળે) છે.** અબુલ લૈષ નસ્ર બિન મુહમ્મદ ફકીહ સમરકંદી હનફી (હિ. ૩૭૫) લખે છે : "પગપાળા ચાલવાનો ખુલાસો એ છે કે હાજીનું ઘર મક્કા મુકર્રમાથી નજીક હોય પછી તે પગપાળા હજ કરે તો એ સારું છે. એનાથી ઉલ્ટુ જો ઘર દૂરી પર હોય તો સવારી અફઝલ છે."

ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ થી નકલ થયેલ છે કે તે સવારી પર હજ માટે જવાને અફઝલ ઠરાવે છે, કેમ કે પગપાળા ચાલનાર પોતાને તકલીફમાં નાખશે અને તેની તબીઅત બગડી જશે. હા ! જો કોઈ માણસ બિલ્કુલ સંતુષ્ઠ થઈને કે મુશ્કેલી સહન કરી લેશે તો પછી એના માટે પગપાળા જવામાં અધિક ફઝીલત છે. કેમ કે **હદીષમાં છે : ફરિશ્તાઓ عَلَیْہِمُ السَّلَام જ્યારે હાજીઓથી મુલાકાત કરે છે તો કાઠલાવાળાઓને સલામ કરે છે,**

**ઊંટ, ખચ્ચર, ગધેડાની સવારીવાળાઓથી મુસાફો કરે છે, જ્યારે પગપાળા આવનારાઓ સાથે ગળે મળીને ઉષ્માભેર સ્વાગત કરે છે.** *(તફસીરે બહરુલ ઉલૂમ સમરકંદી, સૂ. હજ્જ, આ. ૨૭ હેઠળ)*

મુઆનિકાવાળી એક રિવાયત હઝરત આઈશા رضی اللہ عنہاથી પણ આવી છે. ઈમામ અબૂ બકર બયહકી (વફાત : હિ.સ. ૪૫૮) તખરીજ કરે છે : હઝરત આઈશા رضی اللہ عنہا વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **બેશક ! ફરિશ્તા સવારી પર હજ કરનારાઓથી મુસાફો કરે છે અને પગપાળા ચાલનારાઓ સાથે મુઆનિકા કરે છે.** *(શોઅબુલ ઈમાન, ૧૪/૬, અલ મનાસિક, ફસ્લુલ હજ વલ ઉમરા)*

### ★ પગપાળા હજ કરનારાઓ માટે ફરિશ્તાઓની ખાસ દુઆ ★

ઈમામ જલાલુદ્દીન અબ્દુર્રહમાન સિયૂતી શાફઈ (વફાત : હિ.સ. ૯૧૧) નકલ કરે છે કે પગપાળા હજ કરનારાઓના હક્કમાં ખાસ દુઆના માટે બાકાયદા ફરિશ્તા નિયુક્ત છે. "હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, **અલ્લાહ عزوجلના ફરિશ્તા હરમની આસપાસ પથ્થરો પર તે દિવસથી ઉભા ઉભા જે દિવસથી અલ્લાહે દુનિયાને પેદા કર્યા ત્યારથી કયામત કાયમ થતા સુધી દુઆ કરે છે એ શખ્સના માટે જે પોતાના શહેરથી પગપાળા હજ કરે."**

*(અલ ફિરદૌસ બમઅષૂરુલ ખિતાબ, ૧/૧૮૪)*

### ★ અમુક સહાબાની પગપળા હજનો સફર ★

ઈમામ અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બિન યઝીદ "ઈબ્ને માજહ" કઝવીની (વફાત : હિ.સ. ૨૭૩)એ ઝઈફ સનદ સાથે આ રિવાયતની તખરીજ કરી છે : "હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ કહે છે કે નબી કરીમ ﷺએ હજ કર્યો અને આપના કેટલાક સહાબા પગપાળા ચાલીને મદીના મુનવ્વરાથી મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યા. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું હતું, તમારી કમરમાં તેહબંદ બાંધી લો. એ વખતે આપની ચાલમાં દોડવા જેવી તેજી હતી." *(સુનને ઈબ્ને માજહ, ૨/૧૦૪૨)*

### ★ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ અફસોસ વ્યક્ત કર્યો ★

ઈમામ અબૂ બક્ર બયહકી (વફાત : હિ.સ. ૪૫૮) પોતાના હદીષ સંગ્રહમાં આ રિવાયત લાવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જવાનીમાં જે કામ મારાથી કરવાનાં રહી ગયાં તેમાં મને કોઈના પર શર્મિંદગી ન થઈ સિવાય એ વાત પર કે હું પગપાળા હજ ન કરી શક્યો. *(સુનને કુબરા લિલ બયહકી, ૪/૫૪૨, કિતાબુલ હજ્જ)*

એનાથી મળતી જુલતી રિવાયત "ફત્હુલ કદીર"ના હવાલાથી ઉપર વર્ણન થઈ ચૂકી છે, જેમાં છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماની બીનાઈ (દષ્ટિ) જતી રહી તો ફર્માવવા લાગ્યા કે મને કોઈ વાત પર એટલો અફસોસ નથી થતો જેટલો કે એ વાત પર થાય છે કે હું પગપાળા ચાલીને હજ ન કરી શક્યો.

### ★ ઈમામ હસન رضی اللہ عنہની ૨૫ પગપાળા હજની સફરો ★

સૈયદના હઝરત ઈમામ હસન બિન અલી رضی اللہ عنہماએ ૨૫ હજ પગપાળા કર્યા છે, તે પણ મજબૂરીની હાલતમાં નહીં બલ્કે ઉમદા પ્રકારની સવારીઓ ઉપલબ્ધ હોવા છતાં કેવળ રાહે ખુદામાં પગપાળા ચાલવાની ફઝીલતની પ્રાપ્તિના માટે એવું કર્યું હતું. ઈમામ અબૂ બકર બયહકી (વફાત : હિ.સ. ૪૫૮) વર્ણવે છે : "ઈમામ હસન رضی اللہ عنہએ ૨૫ વાર પગપાળા હજ કર્યા છે, જ્યારે કે એમની

પાસે બેહતરીન સવારીઓ રહ્યા કરતી હતી અને અલ્લાહ તઆલાએ તેમના માલને ત્રણવાર વહેંચ્યો ત્યાં સુધી કે તે મોજો ભેટ આપી દેતા હતા અને કેવળ જોડા રાખતા હતા. *(અસ્સુન્નતને કુબરા લિલ્બયહકી, ૪/૫૪૨)*

### ★ પોતાના પુત્રોને પગપાળા હજ માટે પ્રોત્સાહન ★

ઈમામ હાકિમ અબૂ અબ્દુલ્લાહ નીશાપુરી અલ્હાકિમ, અબૂ અબ્દુલ્લાહ (વફાત : હિ. ૪૦૫) પોતાની સનદથી વર્ણવે છે કે સહાબીએ રસૂલ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ પોતાની સખત બીમારીની હાલતમાં પોતાના પુત્રોને પગપાળા હજ માટે પ્રોત્સાહિત કરતાં આ હદીષ સંભળાવી : "ઝાદાન કહે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما સખત બીમાર થઈ ગયા. તો પોતાના પુત્રોને બોલાવીને એક જગાએ ભેગા કર્યા અને કહ્યું કે મેં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી સાંભળ્યું છે કે **જેણે મક્કા મુકર્રમાથી પગપાળા ચાલીને હજ કરી અને પરત આવી ગયો તેના દરેક ડગલાના બદલામાં સાતસો નેકીઓ મળશે.** અને દરેક નેકી હરમની નેકીના બરાબર છે. પૂછવામાં આવ્યું કે હરમની નેકીઓની શું માત્રા છે ? ફર્માવ્યું, **એક નેકી એક લાખના બરાબર છે.** *(અલ્મુસ્તદરક અલસ્સહીહૈન લિલ્હાકિમ, ૧/૬૩૧, કિતાબુસ્સૌમ)*

### ★ હઝરત રાબિઆ બસરિય્યાનો પગપાળા હજનો સફર ★

સઅદ ઈબ્ને અબ્દુલ કાફી મિસ્રી મક્કી હરીફીશ (વફાત : ૮૧૦ હિ.) હઝરત રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہا ના પગપાળા હજના સફરનો બનાવ લખે છે કે : "મશહૂર વલિય્યા હઝરત રાબિઆ બસરિય્યહ رضی اللہ عنہا ના બારામાં નકલ થયેલ છે કે તેમણે ઉઘાડા પગે પગપાળા બયતુલ્લાહ શરીફનો હજ કર્યો. કા'બા મુશર્રફા પહોંચતાં જ ગભરાહટ તથા ખૌફથી બેહોશ થઈને ગબડી પડયાં." *(અર્રવઝુલ ફાઈક ફિલ્મવાઈઝ વર્રકાઈક, અલ મજલિસ ષામિન, પેજ–૭૭)*

### ★ હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ નો પગપાળા સફરે હજ ★

મશહૂર ઝાહિદ તથા ફકીહ હઝરત ઈમામ સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ નો બસરાથી મક્કા શરીફનો પગપાળા સફરે હજનો બનાવ લખતાં ઈમામ અબ્દુલ વહહાબ શઅરાની رحمۃ اللہ علیہ લખે છે : "હઝરત સૈયદના સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ હજના માટે બસરાથી પગપાળા નીકળ્યા. મક્કા શરીફમાં હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ થી મુલાકાત થઈ તો સલામ પછી પૂછયું, આપ સવારીથી કેમ ન ચાલ્યા આવ્યા ? હઝરત સુફયાન ષૌરી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, શું ભાગી ગયેલા ગુલામના માટે એ પસંદ કરવા જેવી વાત છે કે તે પોતાના મૌલા عزوجل ના દરબારમાં સુલહના માટે સવારી પર જાય ? હું તો પગપાળા આવતાં પણ ખૂબ જ શર્મિંદગી અનુભવું છું, તો પછી સવારી પર આવતો તો ન જાણે મારી શું હાલત થતી ?! *(અલ અખ્લાકુલ મત્બુલિયા)*

### ★ ખ્યાતિ પામવું તથા નામના કમાવા ન હોય ★

આજે આરામદાયક સફરના માટે પ્લેન, સ્ટીમર તથા અન્ય ગાડીઓ ઉપલબ્ધ છે, તેમ છતાં પગપાળા હજના સફરની ફઝીલત પામવાની નિય્યતથી કોઈ ખુદાનો બંદો કોશિશ કરે તો એ પણ ઘણી જ ખુશનસીબી તથા સઆદતમંદીની વાત છે. હા ! એવામાં પોતાના નફસ પર ખૂબ જ અધિક પ્રમાણમાં લગામ લગાડવાની જરૂરત છે કે ક્યાંક

શૈતાન દિલમાં જાત જાતના વસવસા ન પેદા કરવા માંડે અને એ રીતે તકલીફો તથા કઠિનાઈઓ ભર્યો આ સફર રિયાકારી તથા ખ્યાતિ તથા નામનાની ભેટ ન ચઢી જાય, અને પછી આખેરતમાં બદનામી સિવાય કાંઈ હાથ ન લાગે. કેમ કે રિયાકારીને શિર્કે અસગર કહેવામાં આવે છે, અને રિયાકારીવાળા અમલો અલ્લાહને ત્યાં અસ્વીકાર્ય છે. એ જ રીતે ફઝાઈલ તથા મુસ્તહબ ગણાતા કામોની તરફ દિલના આકર્ષણને જોઈને એ પણ વિચારવાની જરૂરત છે કે ફર્ઝો તથા વાજિબોને બજાવી લાવવા અને મના બાબતોમાં પડવાથી બચવાના મામલાઓમાં દિલની શું કૈફિયત છે. એનાથી ખુલૂસ તથા વાહવાહીની મહોબ્બતના વચ્ચે ફરક કરવો કાંઈક આસાન થઈ જાય છે. અલ્લામા શયખ ઈસ્માઈલ હક્કી ઈબ્ને મુસ્તફા ઈસ્તંબુલી હક્કી ખલ્વતી અલ મૌલા અબુલ ફિદા (વફાત : હિ.સ. ૧૧૨૭)એ એના બારામાં ખૂબ જ ગૈરતઅંગેઝ લખ્યું છે :

"અમુક બુઝુર્ગોએ ફર્માવ્યું કે **નફસાની ખ્વાહિશની પચરવીની એક નિશાની એ છે કે બંદો નફ્લી કામ કરવામાં તો ખૂબ જ જલ્દી કરે અને વાજિબોના હક્કો અદા કરવામાં સુસ્તીથી કામ લે.** અને આ જ હાલ અધિકતર મખ્લૂકનો છે, હા ! જેને અલ્લાહ બચાવે.

કેટલાક લોકોને તમે જોશો કે કષરતથી (ખૂબ જ અધિક પ્રમાણમાં) અવરાદો વઝાઈફ અને ભારે ભારે નફલી અમલોમાં લાગેલા હોય છે, જ્યારે કે તે જ એક ફર્ઝને પણ સંપૂર્ણપણે અંજામ નથી આપવા પામતા. એવા લોકોના બારામાં વિના શંકાએ એ જ કહી શકાય છે કે તેમણે ઉસૂલ (અસલ)ને વેડફી નાખ્યો જેથી મંઝિલે મક્સૂદ સુધી પહોંચવાથી વંચિત રહી ગયા.

હઝરત અબૂ મુહમ્મદ મર્તઅશ رحمۃ اللہ علیہ ફર્માવે છે : મેં કેટલાય હજ્જ ઉઘાડા પગે પગપાળા સફર કરીને કર્યા. એક દિવસે રાતના સમયે મારી માએ મને કહ્યું કે હાજરાને પાણી પીવડાવી દો ! તો મને એ કામ ખૂબ જ અઘરૂ લાગ્યું. એનાથી મેં જાણી લીધું કે પગપાળા હજ કરવા પર મેં મારા નફસની જે વાત માની એમાં મારા નફસની લિજ્જતનો અમલ દખલ હતો, કેમ કે જો મારો નફસ ખત્મ થઈ ચૂક્યો હોત તો વાલિદાની આજ્ઞાપાલનનું એ કામ મને અઘરૂ ન લાગત કે જે શરીઅતનો હક્ક હતો. *(તફસીરે રૂહુલ બયાન)*

એટલા માટે પ્રથમ જ પોતાની નિય્યતને ખાલિસ કરી લે અને નામના કમાવાની, ખ્યાતિ પામવાની, સૈર તથા હરવા ફરવા કે વેપાર વગેરેનો કદાપિ કદાપિ દિલમાં ખયાલ ન લાવે. એહરામ બાંધ્યા બાદની મસ્નૂન દુઆઓમાંથી એક દુઆ હુઝૂરે અકરમ ﷺએ આ પણ શીખવાડી છે, તેનો વિર્દ કરે : اَللّٰھُمَّ اجْعَلْھَا حَجَّةً غَيْرَ رِيَآءٍ وَّلَا مَنًّا وَّلَا سُمْعَةً "યા અલ્લાહ ! મારા માટે આ હજ્જને એવો બનાવી દે કે જેમાં ન રિયા, ન એહસાન અને ન કોઈ ખ્યાતિની તલબનો હેતુ હોય." *(અત્તરગીબ વત્તરહીબ)*

એ જ પ્રમાણે દરેક માણસે જોઈએ કે પોતાના દિમાગ તથા ખયાલને કન્ટ્રોલમાં રાખે અને દરેક આશ્ચર્યકારક કામનો ઈરાદો કરનારાઓ પર રિયાકારી તથા વાહ વાહી કમાવાની મોહર ન મારતો ફરે. એ દિલી કૈફિયતનો મામલો છે. આપણને કોઈનો સીનો ચીરી ફાડીને અંદર ઝાંકવા માટે નથી કહેવામાં આવ્યું, બલ્કે બુરા ગુમાનથી બચવા અને એક મુસલમાનના બારામાં સારુ ગુમાન રાખવાની શીખ આપવામાં આવેલી છે.

*(અશરફિયા–મુબારકપુર, સપ્ટેમ્બર–૨૦૨૨)*

# અલ્લાહ પાક માટે જૂઠ બોલવુ અશકય

## કિતાબ તથા હદીષની રોશનીમાં

**લેખક : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી**
*(સદર શોઅબએ ઈફતા જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

### રબનું અચબથી પાક હોવાની કિતાબુલ્લાહથી સાબિતી

**પ્રથમ સાબિતી : અલ્લાહથી વધુ સાચુ કોઈ નથી** : અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**(૧)** وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا ''અલ્લાહથી વધુ કોની વાત સાચી છે ?!'' (સૂ. નિસાઅ, ૪/૧૨૨) તેમજ ઈર્શાદે ઈલાહી છે :–

**(૨)** وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا ''કોની વાત અલ્લાહ કરતાં વધુ સાચી છે ?! *(સૂ. નિસાઅ, ૪/૮૭)*

આ આયતોનો ફાયદો એ છે કે ખુદાએ સુબ્બૂહ વ કુદુસની વાત, દરેક વાત કરતાં અધિક જૂઠની સંભાવનાથી પાક તથા અલિપ્ત છે. કોઈ વાત અને કોઈની વાત સદાકત તથા સચ્ચાઈમાં એના બરાબર નથી થઈ શકતી. કેમ કે આ પ્રકારના કલમાઓમાં કેવળ અધિકતાની જ નહીં, બલ્કે મૂળથી જ સરખામણીના નકારનો હેતુ છે, જેમ કે હુઝૂર સરવરે કાઈનાત ﷺનો ઈર્શાદ છે : (હું સર્વ આદમની ઔલાદમાં સૌથી બેહતર છું) *(કિતાબુદ્દ દુઅફા લિલ ઔકૈલી, ૨/૩૩૫, અબ્દુર્રહમાન બિન ઝબાબ અશઅરી, દારુલ કુતુબિ ઈલ્મિયા)* એનાથી મુસલમાન એ જ સમજે છે કે, ''કોઈ શખ્સ હુઝૂરે અન્વર ﷺના બરાબર નથી.''

''અખ્બાર (ખબરો)'' ત્રણ પ્રકારની છે : ખબરે વાહિદ, ખબરે મશ્હૂર અને ખબરે મુતવાતિર. એમાં સૌથી અધિક મજબૂત ખબરે મુતવાતિર છે, કેમ કે :

★ એ ખબર કદી હકીકતની વિરૂધ્ધ નથી હોતી.

★ બલ્કે તેની સંભાવના પણ નથી ધરાવતી.

એટલા માટે એનાથી જે ઈલ્મ હાંસલ થાય છે તે કતઈ તથા યકીની હોય છે અને એમાં જૂઠની કોઈ સંભાવના તથા પડછાયો પણ નથી હોતો. આ સૌના છતાં કિઝ્બનું ઈમ્કાને ઝાતી (જૂઠની ઝાતી શક્યતા) બાકી રહે છે કેમ કે અહલે તવાતુરનું જૂઠ પર એકમત થવું ખુદાની કુદરતની બહાર નથી.

હવે જો બેનિયાઝ ખુદાના કૌલ તથા ખબરમાં પણ જૂઠની આ ઝાતી શક્યતા બાકી હોય તો પછી તેનો કૌલ તથા ખબર દરેક પ્રકારના કૌલ તથા ખબરથી, ખાસ કરીને અહલે તવાતુરના કૌલ તથા ખબર કરતાં અધિક સાચો ન થયો કેમ કે જૂઠની ઝાતી શક્યતા બંનેવ જગાએ મૌજૂદ છે, જ્યારે કે રબના ઈર્શાદનો ફાયદો એ છે કે એનો કૌલ સૌથી વધુ સાચો છે અને એની વાતથી વધુ કોઈની વાત સાચી નથી. એટલા માટે સાબિત થયું કે અલ્લાહ તઆલાથી જૂઠ અશક્ય તથા મુહાલ છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ આ આયતે કરીમાથી જે દલીલો કરી છે આ તેનો સાર તથા ખુલાસો છે. અમે અહીં આપની દલીલોની, તકરીરમાં અસલી લખાણો થોડાક ટૂંકાણ તથા સ્પષ્ટતા સાથે નકલ કરીએ છીએ જેથી પૂરી દલીલ પોતાની સમૃધ્ધતાની સાથે સામે આવી જાય.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પ્રથમ આયતનો ભાવાર્થ તથા મુરાદ સમજાવવા માટે પ્રથમ ત્રણ

મુક્દમાઓ (પ્રસ્તાવનાઓ) વર્ણવી છે પછી તેના ફાયદાને સ્પષ્ટ કરેલ છે. શબ્દો આ પ્રમાણે છે :

રબ તઆલા ફર્માવે છે : وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا "અલ્લાહથી અધિક કોની વાત સાચી છે ?!"

*(સૂ. નિસાઅ, ૪/૧૨૨)*

આયતે કરીમા નસ્સે જલી છે (સાફ દલીલ) કેમ કે જૂઠ બૌધ્ધિક (અક્લી) રીતે અશક્ય (મુહાલ) છે (એની સ્પષ્ટતા માટે ત્રણ મુક્દમાઓ (પ્રસ્તાવનાઓ) દિમાગમાં બેસાડી લો :

**પ્રથમ પ્રસ્તાવના** : તફસીર તથા હદીષના ખાદિમો તથા ફકીહોના કલમાઓથી વાકેફ હઝરાત પર રોશન છે કે અમ્ષાલે ઈબારાત (લખાણનાં દષ્ટાંત) જો કે જાહેરી રીતે ગૈરની ફઝીલતની નફી (નકાર) કરે છે પણ હક્રીક્તમાં તે મુત્લક્ ફઝીલત અને મર્તબાની બુલંદી તથા બરાબરીના માટે લાવવામાં આવે છે.

★ સૈયદે આલમ ﷺથી અફઝલ કોઈ નથી, એટલે કે સૈયદે આલમ ﷺ સૌથી અફઝલ છે.

★ وَمَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ صِبْغَةً "સિબ્ગતુલ્લાહ સૌથી અહસન છે." *(સૂ. બક્રહ, ૨/૧૩૮)*

★ وَمَنْ اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا "અલ્લાહ પર જૂઠો આક્ષેપ મૂકનારથી મોટો કોઈ જાલિમ નથી." *(સૂ. અન્આમ, ૬/૨૧)*

આ ઈર્શાદની તફસીરમાં આ આયત હેઠળ છે : આ આક્ષેપ થોપનારથી વધીને અથવા એના જેવો કોઈ જાલિમ નથી, *(તફસીરે અબી સઊદ, ૨/૧૮૪)*

યક્રીનન ! આયતનો અર્થ આ છે : "મૌલા ﷻની વાત સૌની વાતો કરતાં અધિક સાચી છે જેના સત્યને કોઈ વાતની સચ્ચાઈ નથી પહોંચી શકતી.

**બીજી પ્રસ્તાવના** : અને સંપૂર્ણપણે જાહેર છે કે સાચી વાત જાતે પોતે અસલમાં શંકાને પાત્ર નથી કે કોઈ કારણે એમાં તફાવત (વધઘટ) માની શકીએ. સાચી સાચી વાતો પ્રસંગને અનુરૂપ સૌ એક સમાન છે. જો રજમાત્ર પણ ફરક થયો તો મુદ્લે સત્ય જ ન રહ્યું. ઘણુ જ વધારે સાચુ, અને સાચુ ક્યાંથી સાબિત થશે ?

★ કુર્આને અઝીમે ફર્માવ્યું : مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ (સૂ. ફતહ, ૪૮/૨૯) આપણે પણ કહીએ છીએ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ ﷺ

શું તે વાક્ય مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ કે જે કુર્આનમાં આવ્યું એ અધિક હક્રીક્તના પ્રમાણે છે અને આપણે જે مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ કહ્યું એ ઓછુ હક્રીક્તના મુજબ છે ? કદાપિ નહીં ! કોઈ પાગલ પણ એમાં તફાવતનું ગુમાન કરશે નહીં.

અથવા વિવિધ વાતોમાં જોઈએ તો આ રીતે જુઓ : ★ કુર્આને અઝીમે ફર્માવ્યું : وَحَمْلُهٗ وَفِصٰلُهٗ ثَلٰثُوْنَ شَهْرًا (બાળકના પેટમાં રહેવું અને તેનું દૂધ છૂટવું ત્રીસ મહીનામાં છે. સૂ. અહક્રાફ, ૪૬/૧૫) અને આપણે કહીએ છીએ لَا اِلٰهَ اِلَّا اللّٰهُ الْمَلِكُ الْحَقُّ الْمُبِيْن "અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી જે બાદશાહ છે અને હક્ક્ તથા મુબીન." તો શું તે ઈર્શાદ કે "બાળકનું પેટમાં રહેવું અને દૂધ છૂટવું ત્રીસ મહીનામાં છે." અધિક સાચો છે ? અને આ કથન કે "અલ્લાહ સિવાય કોઈ સાચો મઅબૂદ નથી."ની સચ્ચાઈમાં મઆઝલ્લાહ કાંઈ કમી છે ? જેથી સાબિત થયું કે અસ્દકિ્યત, اَشَدُّ مُطَابَقَةً لِلْوَاقِعِ અધિક સાચુ હોવાનો એ અર્થ લેવામાં આવે કે બીજી આયત કરતાં વધારે સાચુ છે, એ જહાલતની વાત છે.

**ત્રીજી પ્રસ્તાવના** : હા ! જોનારની દષ્ટિમાં એક તફાવત સમજમાં આવી શકે છે. અને આ અસ્દક્ તથા સાદિક્ (વધુ સાચા અને સાચા)માં શક પેદા થવું, એ જ હેતુ છે અને એનો જ એતબાર થશે. અને જેને

બે વિવિધ વાતો સાથે તાબીર કરી શકીએ છીએ :

**(૧)** એ કે વક્અત (પ્રતિષ્ઠા) તથા ક્બૂલમાં અધિક છે. દા.ત. રસૂલની વાત વલીની વાતથી અધિક સાચી છે. એટલે કે એક વાત કે જે વલીથી નકલ થઈ જો તેવી જ બેટ્ઠે બેટ્ઠી રસૂલથી ષાબિત થઈ જાય તો તે દિલમાં પ્રતિષ્ઠા અને ક્બૂલની શક્તિ અને દિલોમાં સુકૂન તથા ઈત્મિનાન અધિક જ પેદા કરશે કે વલીથી સાબિતી સુધી તેનો દસમો ભાગ ન હતો, ભલે ને વાત અક્ષરે અક્ષર એક (સરખી) છે.

**(૨)** "જૂઠની સંભાવનાથી અબ્અદ (દૂર) હોવું." દા.ત. મસ્તૂર (જે જાહેરમાં શરીઅતનો પાબંદ હોય)ની વાત કરતાં આદિલ (જે જાહેર તથા બાતિનમાં શરીઅતનો પાબંદ હોય)ની વાત અધિક સાચી છે. એટલે તેના (મસ્તૂરના) કરતાં જૂઠની સંભાવનાથી અધિક દૂર છે.

અને હકીકતમાં પ્રથમ તાબીર આ જ બીજી તાબીરની તરફ પલટેલી છે કે સાંભળનારની નજીક જેટલા પ્રમાણમાં જૂઠની સંભાવનાથી દૂરી થશે એટલી જ દરજાએ વક્અત (ઈજ્જત) તથા મક્બૂલિયત પૂર્ણ થશે.

જ્યારે આ બાબત સ્પષ્ટ થઈ ગઈ તો આયતે કરીમાનો ફાયદો એ થયો કે, "અલ્લાહ ﷻની વાત દરેક વાત કરતાં અધિક જૂઠની સંભાવનાથી પાક તથા અલિપ્ત છે. કોઈ ખબર અને કોઈની ખબર આ બાબતમાં એના સમાન નથી થઈ શકતી."

હવે આપણે જો અહલે તવાતુરની ખબરને જોઈએ છીએ તો તે સ્પષ્ટપણે કાયમી, જૂની ન છૂટે એવી આદતના કારણે કતઈ, યકીની, સિધ્ધ થયેલ, વિરૂધ્ધાર્થનો અવકાશ ન રાખનાર ઈલ્મનો ફાયદો આપે છે. જેમાં બુધ્ધિ કોઈ રીતે એના વિરૂધ્ધ હોવુ જાઈઝ નથી રાખતી. નફસે ઝાતે ખબર અને ખબર આપનારના આધારે ઝાતી ઈમ્કાન બાકી છે કે તેમનુ જૂઠ પર એકમત થવું અલ્લાહની કુદરતથી બહાર નથી.

એને ધ્યાનમાં રાખીને રબ તઆલાના કલામની તરફ ચાલો : (અલ્લાહ તઆલાના માટે) જૂઠની શક્યતા માન્યા બાદ ............ અતિશય કક્ષાએ એ રીતે કે રબનુ કલામ તથા ખબરે અહલે તવાતુર કાંટાની તોલ મુજબ સમકક્ષ થશે, જેવી જૂઠની સંભાવના. એટલે યકીનને ખત્મ કરનાર, આ કલામે પાકમાં નથી. એનાથી ખબરે તવાતુરનો દામન પણ પાક છે. અને ઈમ્કાને ઝાતીને જોતાં જો બૌધ્ધિક સંભાવના ખબરે તવાતુરમાં ઉદ્ભવતી હોય તે એ જ પ્રમાણે કલામે ઈલાહીમાં પણ બાકી છે.

તો પછી કલામે ઈલાહીનું સર્વ કલામોથી અસ્દક (અધિક સાચુ) હોવું કોઈની વાતનું એની સાથે સચ્ચાઈની રીતે (સિદક્ન્) પણ બરાબરી ન કરી શકવું કે જે આયતે કરીમાનો ફાયદો હતો તે મઆઝલ્લાહ ! ક્યારે દુરુસ્ત આવ્યો ?

અહલે સુન્નતના અકીદાની વિરૂધ્ધ એટલે "અલ્લાહનું જુઠ બોલવું બૌધ્ધિક રીતે શક્ય ન હોવું" કે આ તકરીર પર અલ્લાહ પાકના કલામ (વાત)માં કોઈ રીતે જૂઠની સંભાવના શક્ય નથી, ખબરે તવાતુરથી વિરૂધ્ધ કે તે શક્યતાની સંભાવના ધરાવે છે અને આ વાત તેના જ કલામે પાકથી ખાસ અશક્ય છે કે કોઈ શખ્સ એવી સ્થિતિ કાઢી શકે કે કોઈ ગૈર ખુદા પર જૂઠ બૌધ્ધિક રીતે અશક્ય થઈ જાય. *(ફતાવા રઝવિય્યહ, ૬/૨૨૭ થી ૨૨૯)*

**બીજી સાબિતી : રબનું કલામ સત્યના અત્યંત દરજા પર છે**

(૩) ઈર્શાદે ઈલાહી છે :–

وَ تَمَّتْ كَلِمَتُ رَبِّكَ صِدْقًا وَّ عَدْلًا ؕ لَا مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ وَ هُوَ السَّمِیْعُ الْعَلِیْمُ ۝

"અને સંપૂર્ણ છે તારા રબનુ કલામ સત્ય તથા ન્યાયમાં. કોઈ બદલનાર નથી તેની વાતોનો, અને તે જ છે સાંભળનાર જાણનાર." *(સૂ. અન્આમ, ૬/૧૧૫)*

કલામ (વાત)ની સચ્ચાઈના સાત દરજા છે અને દરેક સત્યનો આઈનો અને સચ્ચાઈની તસ્વીર હોય છે. પણ છ દરજાઓ સુધી જૂઠનો કોઈ ખૂણો અથવા તો પછી જૂઠની શક્યતાની કોઈ કલ્પના જોવા મળે છે. અને સાતમા દરજામાં કોઈ પ્રકારની કોઈ શક્યતા નથી રહી જતી. એટલા માટે કેવળ આ જ એક દરજો છે જ્યાં વાત સત્ય કમાલની કક્ષાએ હોય છે, અને આ "સિદ્કે તમામ"નો દરજો છે.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻનું કલામ (વાત) સચ્ચાઈના એ જ કમાલના દરજા તથા સિદ્કે તમામ પર બિરાજે છે જેના ઉપર કોઈ અન્ય દરજો નથી. એટલા માટે એના કલામ (વાત)માં જૂઠ મુહાલ (અશક્ય) બિઝ્ઝાત છે. જો એવું ન હોય તો તે કલામે પાક "સિદ્કે તમામ" ન થશે જેની સાક્ષી ઉપરોક્ત વર્ણવેલ આયત છે.

હવે સિદ્કે કલામ (સાચી વાત)ના આ દરજાઓ અને મજકૂર આયતથી સાબિત કરવાનું કારણ ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના શબ્દોમાં સાંભળો ! આપ લખે છે : "રબ તઆલાનું કલામ (વાત) સત્ય તથા ન્યાયના અત્યંત દરજા પર છે જેનું દષ્ટાંત આ બાબતોમાં (સત્ય તથા ન્યાયમાં) અકલ્પ્ય છે."

બયઝાવીમાં છે : "અલ્લાહ તઆલાની ખબરો તથા હુકમો અને વાયદાઓ સચ્ચાઈની અંતિમ હદે છે અને તેના ફૈંસલા તથા ફર્માનો અદ્લો ઈન્સાફની અંતિમ હદે પહોંચેલ છે." *(અન્વારુત્તન્ઝીલ વ અસ્રારુત્તાવીલ અલ્મઅરૂફ તફસીરે બયઝાવી, ૨/૧૭૯, સૂરએ અન્આમ, ૬/૧૧૫, બૈરૂત)*

**★ સત્ય કહેનારના સાત દરજાઓ છે ★**

**પ્રથમ દરજો** : રિવાયતો તથા સાક્ષીઓ આપવામાં કૃતઅન જૂઠથી બચે અને સંબોધનો કરવામાં પણ કદાપિ એવું જૂઠ માન્ય ન રાખે જેમાં કોઈનું નુકસાન થાય, ભલે એટલા પ્રમાણમાં કે ગલત વાતનું યકીન કરાવવા પણ મજાઝન્ અથવા નિરર્થક એવા જૂઠનો ઉપયોગ કરે જે ન કોઈને નુકસાન દે અને ન સાંભળનાર યકીન લાવી શકે. દા.ત. "આજે ઝયદે મણબંધી ખાવા ખાધુ. આજે મસ્જિદમાં લાખો માણસો હતા." આવો વ્યક્તિ જૂઠો ગણવામાં નહીં આવે અથવા ગુનેહગાર કે રિવાયત કરવાથી મરદૂદ ન થશે, તેમ છતાં કે વાત હકીકતથી વિરૂધ્ધ છે અને તદ્દન ફુઝૂલ અને ફાયદા વિનાની છે. ભલે કલામની અંદર હકીકતનું વર્ણન મુરાદ ન હોવા પર દલીલ કૃતઈ છે. હદીષમાં ઈર્શાદ ફર્માવ્યો : "હું તમારી સાથે હસી મજાક કરું છું તો પણ સાચુ જ બોલું છું" (મુસ્નદે ઈમામ અહમદ બિન હંબલ, ૨/૨૦) અહમદ તથા તિર્મિઝીએ હસન અસ્નાદ સાથે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી અને તેમણે નબી કરીમ ﷺથી આ હદીષ તખરીજ કરી (કાઢી).

**બીજો દરજો** : આ નિરર્થક તથા બેકારનાં જૂઠોથી પણ બચે, પણ ગદ્ય કે પદ્યમાં શાઈરાના ખયાલો જાહેર કરતો હોય જેવી રીતે કે કસીદા (પ્રશંસાના કાવ્ય)માં સરખામણીઓ : સુઆદ મારાથી જુદા થઈ ગઈ જેથી મારું દિલ આજે રંજમય છે. *(અલ મદીહુન્નબવી, પેજ-૧૪૮, કસીદા બાબત સુઆદ, મજલિસે બરકાત)*

સૌ જાણે છે કે ત્યાં ન કોઈ સ્ત્રી સુઆદ નામની હતી ન હઝરત કઅબ તેના પર આશિક હતા, ન તે તેમનાથી જુદા થઈ, ન એ એના વિરહમાં ઘાયલ હતા. કેવળ શાઈરાના ખયાલ છે, પણ ફુઝૂલ બહષ નથી, કેમ કે એ દિલને જીવંત કરવા, સાંભળનારને પ્રોત્સાહિત કરવા, દિલને નરમ કરવા, વાતને શણગારવાનો ફાયદો ધરાવે છે. તેમ છતાં એટલા માટે કે આ જેનું વર્ણન કરવામાં આવે તેના વગરની હિકાયત (વાત) છે. ફર્માવવામાં આવ્યું :

وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ وَمَا يَنْۢبَغِىْ لَهٗ ''ન અમે તેને (એટલે પોતાના રસૂલને) શેઅર શીખવાડયા, ન તે એની શાનને લાયક.'' *(સૂ. યાસીન, ૩૬/૬૯)*

**ત્રીજો દરજો :** એનાથી પણ બચે પણ વઅઝો તથા દષ્ટાંતોમાં આ બાબતોનો ઉપયોગ કરતો હોય જેમના માટે હકીકતમાં બનાવ ન હોય. જેમ કે ''કલીલા દિમ્નહ''ની હિકાયતો (વાર્તાઓ), ''મન્તિકુત્તૈર''ની રિવાયતો......સૌ જાણે છે કે વઅઝ તથા નસીહતના માટે એ દષ્ટાંતરૂપ વાતો વર્ણન કરવામાં આવેલી છે જેના થકી દીની ફાયદાનો હેતુ છે, છતાં પણ તેનો મિસ્દાક મઅદૂમ છે. એટલા માટે કુર્આને કરીમને પહેલાના બેઅસ્લ કિસ્સા કહેવા કુફ્ર થયું.

**ચોથો દરજો :** દરેક પ્રકારની બનાવટી વાર્તાને ઈરાદાપૂર્વક વર્ણન કરવાથી સંપૂર્ણપણે બચે, ભલે ભૂલથી કે ખતાથી હકીકતની વિરૂધ્ધ હિકાયતનો ઉલ્લેખ થઈ જાય. આ દરજો ખુલ્લસે અવલિયા અલ્લાહનો છે.

**પાંચમો દરજો :** અલ્લાહ ﷻ ભૂલથી ખતાથી પણ જૂઠ બહાર પડવાથી મેહફૂઝ રાખે પણ ઈમ્કાને વુકૂઈ (બહાર પડવાની શક્યતા) બાકી હોય, આ મર્તબો અઆઝિમે સિદ્દીકીન (મહાન સાચાઓ)નો છે.

''બેશક ! અલ્લાહને એ નાપસંદ છે કે અબૂબક્ર સિદ્દીકથી જમીનમાં કોઈ ખતા થઈ જાય. તિબ્રાનીએ 'મોઅજમે કબીર'માં, અને હારિષે પોતાની 'મુસ્નદ'માં, અને ઈબ્ને શાહીને 'અસ્સુન્નહ'માં હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી, અને તેમણે નબી કરીમ ﷺથી આ હદીષ રિવાયત કરી. *(અલ મોઅજમુલ કબીર લિલ્ઈમામિત્તબરાની, ૨૦/૬૭,૬૮, બગયતુલ બાહિષ અને મવાઈદિ મુસ્નદિલ હારિષ, ૨/૮૮૬, અસ્સુન્નહ લિલ ઈમામ ઈબ્ને શાહીન અન મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ, મુસ્નદુશ્શાયિયીન, ૩/૨૭૫, હદીષ-૨૨૪૭)*

**છઠ્ઠો દરજો :** معصوم مِنَ اللّٰه ومُؤَيَّدبِالمعجزات હોય કે જૂઠ બહાર પડવાની શક્યતા પણ ન રહે પણ નફસે ઝાતને જોતાં ઝાતી ઈમ્કાન હોય. આ રુત્બો અંબિયા તથા રસૂલો عَلَيْهِمُ السَّلَامનો છે.

**સાતમો દરજો :** જૂઠની ઝાતી શક્યતા પણ ન હોય, બલ્કે તેની મહાન અઝમત તથા જલાલતે અઝીમા બિઝ્ઝાત જૂઠ તથા ગલતની વિરૂધ્ધ હોય, અને તેની ઈજ્જતના મેદાનની આસપાસ તે અયબની ધૂળનું ફરકવું અકલી રીતે અશક્ય હોય. આ ''અત્યંત કક્ષાના સિદ્ક (સત્ય)ના દરજાઓ'' છે જેનાથી ઉપરનું શક્ય નથી.

હવે આયતે કરીમા ઈર્શાદ ફર્માવી રહી છે કે તારા રબનો સિદ્ક તથા અદ્લ (સચ્ચાઈ તથા ન્યાય) આ'લા દરજાની હદ પર છે, જેથી વાજિબ થયું કે જેવી રીતે એનાથી જુલ્મનુ જાહેર થવું તથા ન્યાય વિરૂધ્ધનું જાહેર થવું અહલે સુન્નતના ઈજમાઅથી મુહાલે અકલી (બૌધ્ધિક રીતે અશક્ય) છે, એ જ પ્રમાણે જૂઠનું બહાર પડવું તેના સત્યની વિરૂધ્ધ પણ

---

*(કેમ કે એ કુર્આને કરીમની નસ્સે કતઈ (કુર્આની દલીલ)ને જૂઠલાવવું તથા ઈન્કાર છે. ઈર્શાદે બારી છે :* اِذَا تُتْلٰى عَلَيْهِ اٰيٰتُنَا قَالَ اَسَاطِيْرُ الْاَوَّلِيْنَ *''જ્યારે એના પર (દરેક નાફર્માન પર) અમારી આયતો પઢવામાં આવે તો કહે કે આ આગલાઓની કહાનીઓ છે.'' (સૂ. કલમ, ૬૮/૧૫) તેમજ ઈર્શાદે રબ્બાની છે :*

وَقَالَ الَّذِيْنَ كَفَرُوْۤا اِنْ هٰذَاۤ اِلَّاۤ اِفْكُ ِۨافْتَرٰىهُ وَاَعَانَهٗ عَلَيْهِ قَوْمٌ اٰخَرُوْنَ ۚ فَقَدْ جَآءُوْ ظُلْمًا وَّزُوْرًا ۚ قُلْ اَنْزَلَهُ الَّذِيْ يَعْلَمُ السِّرَّ فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ

*'મુશ્રિકો (કુર્આને કરીમના બારામાં) બોલ્યા, આ આગલાઓની કહાનીઓ છે જે તેમણે લખી લીધી છે, તે એમના પર સવાર સાંજ પઢવામાં આવી રહી છે. આપ ફર્માવી દો કે આને તો એણે ઉતાર્યું છે જે આસ્માનો તથા જમીનની દરેક વાત જાણે છે.'' (એટલે અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાએ) (સૂ. ફુર્કાન, ૨૫/૫)*

અકલી રીતે અવરોધક હોય, નહીં તો અલ્લાહનું સત્ય અત્યંત કક્ષાએ ન પહોંચ્યું હશે કે તેનાથી ઉપર એક દરજો અન્ય પણ પેદા થશે. આ પોતે પણ મુહાલ (અશક્ય) અને કુર્આને કરીમની વિરૂધ્ધ છે. (ઘણે અંશે આસાન કરીને તથા ધ્યાનપૂર્વક)

*(ફતાવા રઝવિય્યહ, ૬/૨૨૯)*

**ત્રીજી સાબિતી : અલ્લાહની તસ્બીહ (પાકી)ના વિશે આયતો તથા હદીષો**

**(૪) દરેક ચીજ અલ્લાહની પાકી બોલે છે, તસ્બીહ પઢે તથા પાકી વર્ણવે છે :** રબ તઆલાનો ઈર્શાદ છે :–

تُسَبِّحُ لَهُ السَّمٰوٰتُ السَّبْعُ وَ الْاَرْضُ وَ مَنْ فِيْهِنَّ ؕ وَ اِنْ مِّنْ شَیْءٍ اِلَّا يُسَبِّحُ بِحَمْدِهٖ وَ لٰكِنْ لَّا تَفْقَهُوْنَ تَسْبِيْحَهُمْ ؕ اِنَّهٗ كَانَ حَلِيْمًا غَفُوْرًا

"અલ્લાહ તઆલાની પાકી વર્ણવે છે સાતેવ આસ્માનો તથા જમીન અને તે સર્વ જે એમનામાં છે, અને કોઈ ચીજ નથી જે તેની હમ્દની સાથે તેની પાકી ન બોલતી હોય, હા ! તમે તેમની તસ્બીહ નથી સમજતા." (સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૪૪) એનાથી સાબિત થયું કે **દરેક ચીજ અલ્લાહના પાક તથા બેઅયબ હોવાનો વઝીફો પઢે છે.**

**(૫) જમીન તથા આસ્માનોમાં રહેનારાઓ પણ ખુદાએ કુદુસની પાકીનું એલાન કરે છે :**
ફર્માને ખુદાવંદી છે :

اَلَمْ تَرَ اَنَّ اللّٰهَ يُسَبِّحُ لَهٗ مَنْ فِی السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ الطَّيْرُ صٰٓفّٰتٍ ؕ

"શું તમે જોયું કે અલ્લાહની તસ્બીહ કરે છે જે કોઈ આસ્માન તથા જમીનમાં છે અને પક્ષીઓ પાંખો ફેલાવીને." *(સૂ. નૂર, ૨૪/૪૧)*

**(૬) બુધ્ધિહિન મખ્લૂક પણ અલ્લાહની પાકી વર્ણન કરવામાં જીભને તર રાખે છે :** જેમ કે અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે :–

يُسَبِّحُ لِلّٰهِ مَا فِی السَّمٰوٰتِ وَ مَا فِی الْاَرْضِ الْمَلِكِ الْقُدُّوْسِ الْعَزِيْزِ الْحَكِيْمِ

"અલ્લાહની પાકી બોલે છે જે કાંઈ આસ્માનોમાં છે. બાદશાહ છે કામિલ પાકીવાળો, ઈજ્જતવાળો, હિકમતવાળો." *(સૂ. જુમ્આ, ૬૨/૧)*

**(૭) અર્શના ફરિશ્તા પણ તસ્બીહ કરે છે :** સૂ. ગાફિરમાં છે :–

اَلَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ وَ مَنْ حَوْلَهٗ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ

"તેઓ જે અર્શને ઉઠાવે છે અને જેઓ તેમની આસપાસ છે પોતાના રબની તારીફની સાથે તેની પાકી બોલે છે." *(સૂ. ગાફિર, ૪૦/૭)*

**(૮) સવારી પર પણ અલ્લાહની પાકીનું એલાન કરવામાં આવે :** એના બારામાં કુર્આને આ ફર્માન બહાર પાડયું :–

اَلَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ وَ مَنْ حَوْلَهٗ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ ثُمَّ تَذْكُرُوْا نِعْمَةَ رَبِّكُمْ اِذَا اسْتَوَيْتُمْ عَلَيْهِ وَ تَقُوْلُوْا سُبْحٰنَ الَّذِیْ سَخَّرَ لَنَا هٰذَا وَ مَا كُنَّا لَهٗ مُقْرِنِيْنَ ۙ وَ اِنَّاۤ اِلٰى رَبِّنَا لَمُنْقَلِبُوْنَ

"તો પોતાના રબની નેઅમત યાદ કરો જ્યારે તેના પર બરાબર બેસી જાવ અને આ પ્રમાણે કહો, પાકી છે તેને જેણે આ સવારીને અમારા વશમાં કરી આપી અને એ અમારા કાબૂની ન હતી. અને બેશક ! અમે અમારા રબની તરફ પલટનારા છીએ."

*(સૂ. ઝુખરુફ, ૪૩/૧૩,૧૪)*

**(૯) ખુદાએ કદીર પોતાની કુદરતનું પ્રદર્શન કરતાં ખુદ પોતાની પાકીનું એલાન કરે છે :** ફર્માવે છે :

سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰى بِعَبْدِهٖ لَيْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَى الْمَسْجِدِ الْاَقْصَا

"પાક છે તે જાત જે પોતાના બંદાને રાતના એક

હિસ્સામાં મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી લઈ ગઈ." *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૧)*

**(૧૦) અલ્લાહની હમ્દ તથા તસ્બીહ કરનારાઓના ઈમાનની સાક્ષી કુર્આન આપે છે :**

اِنَّمَا یُؤْمِنُ بِاٰیٰتِنَا الَّذِیْنَ اِذَا ذُکِّرُوْا بِهَا خَرُّوْا سُجَّدًا وَّ سَبَّحُوْا بِحَمْدِ رَبِّهِمْ

"અમારી આયતો પર તેઓ જ ઈમાન લઈ આવે છે કે જ્યારે તે તેમને યાદ આપવામાં આવે છે, સજદામાં પડી જાય છે અને પોતાના રબની તારીફ કરતાં કરતાં તેની પાકી બોલે છે. *(સૂ. સજદા, ૩૨/૧૫)*

**(૧૧) તસ્બીહ અલ્લાહના માટે છે અને તૌક઼ીર (તાઝીમ) રસૂલુલ્લાહના માટે :-**

اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ مُبَشِّرًا وَّ نَذِیْرًا ۙ لِّتُؤْمِنُوْا بِاللّٰهِ وَ رَسُوْلِهٖ وَ تُعَزِّرُوْهُ وَ تُوَقِّرُوْهُ ؕ وَ تُسَبِّحُوْهُ بُكْرَةً وَّ اَصِیْلًا

"(હે નબી) બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર તથા નાઝિર અને ખુશખબરી સંભળાવનારા અને ડરાવનાર કે જેથી હે લોકો ! તમે અલ્લાહ તથા તેના રસૂલ પર ઈમાન લાવો અને રસૂલની તાઝીમ તથા તૌક઼ીર કરો અને સવાર સાંજ અલ્લાહની પાકી વર્ણવો." *(સૂ. ફતહ, ૪૮/૮,૯)*

આ આયતે કરીમા تُوَقِّرُوْهُ પર વક્ફ કરીને وَتُسَبِّحُوْهُને એનાથી અલગ રાખવામાં આવેલ છે. જેનાથી એ સમજાય છે કે તસ્બીહને લાયક કેવળ ખુદાએ પાકની જાત છે અને એ બસ એની જ શાનને શોભે છે, એ જ કારણે રસૂલની જાતના માટે તાઝીમ તથા તૌક઼ીરનો હુકમ થયો, ન કે તસ્બીહનો.

કુર્આને મુક઼દસમાં આ પ્રકારની ખૂબ જ અધિક પ્રમાણમાં આયતો છે જે અલ્લાહ તબારક વ તઆલાના પાક તથા બેઅયબ હોવા પર દલીલ પૂરી પાડે છે.

**તસ્બીહનો અર્થ** છે, જે ચીજ અલ્લાહની શાનને પાત્ર ન હોય તેના થકી અલ્લાહની પાકી વર્ણન કરવી, દરેક અયબ તથા ખામીથી અલ્લાહની પાકી વર્ણન કરવી. અને **સુબ્હ઼ાનનો અર્થ** છે, સર્વ અયબો તથા ખામીઓથી અલ્લાહ તઆલાની પાકી વર્ણન કરવી.

જૂઠ, જુલ્મ, અજ્ઞાનતા, હુદૂષ (પાછળની અસ્તિત્વ પામવું), ઊંઘ, મૃત્યુ વગેરે જેટલી સલબી સિફતો છે, આ કલમા તે સૌથી અલ્લાહ તઆલા પાક તથા અલિપ્ત હોવાની સાબિતી પૂરી પાડે છે. **અલ્લાહની શાનને લાયક ન અયબ તથા ખામીઓ છે ન અયબ તથા ખામીની શક્યતા છે.** જેથી આ શબ્દો રબ તઆલા અયબથી પાક હોવાની દલીલ છે, જાહેર છે કે **એની તસ્બીહ તથા તન્ઝિયહ (બુરી વાતોથી પાક હોવું) કામિલ એ જ છે કે તે અયબ તથા અયબની શક્યતા દરેકથી પાક તથા અલિપ્ત હોય.** એ જ કારણે તસ્બીહ કેવળ અલ્લાહ તઆલાની જ કરવામાં આવે છે, એના સિવાય કોઈ અન્યની નહીં.

**તસ્બીહનો એક અર્થ ઈબાદત કરવું,** નમાઝ પઢવી પણ થાય છે, અને નફ્લ નમાઝને પણ કહેવામાં આવે છે, પણ હક઼ીક઼તમાં આમાં અને પહેલાવાળા અર્થમાં વિરોધાભાસ નથી, કેમ કે **જે જાત દરેક જાતની ખામી તથા અયબથી તથા અયબ તથા ખામીની શક્યતાથી પાક તથા અલિપ્ત હશે તે જ જાત એ લાયક છે કે તેની ઈબાદત કરવામાં આવે, તેની નમાઝ પઢવામાં આવે, અને તે જાત કેવળ અને કેવળ અલ્લાહ સુબ્હ઼ાનહૂ વ તઆ઼લાની જામેએ કમાલાત (કમાલોથી સમૃધ્ધ) છે.** એ પણ એક કારણ છે કે તસ્બીહ કેવળ અલ્લાહની કરવામાં આવે છે, અલ્લાહ સિવાય કોઈ અન્યની નહીં.

અરબી ડિક્ષનરીની મુસ્તનદ કિતાબ "લિસાનુલ

અરબ''માં છે :(અરબીનો અનુવાદ) : تسبیح (તસ્બીહ)નો અર્થ તન્ઝિયહ (બુરી વાતોથી પાક હોવું) છે અને سبحان اللہ (સુબ્હાનલ્લાહ)નો અર્થ છે : અલ્લાહ બીવી બચ્ચાંથી પાક છે, અને કહેવામાં આવ્યું છે કે અલ્લાહ તઆલા દરેક એવી ચીજથી પાક છે જેનાથી મૌસૂફ થવું એના માટે યોગ્ય નથી. ઝજાજે કહ્યું કે (સુબ્હાન)નો શાબ્દિક અર્થ છે : અલ્લાહ દરેક અયબ અને બુરી ચીજથી પાક છે. અને કહેવામાં આવ્યું કે سُبحانك (સુબ્હાનક)નો અર્થ છે : હે અલ્લાહ ! દરેક અયબ તથા બુરી વાતથી તને પાક તથા અલિપ્ત માનું છું. અને અલ્લાહ ﷻની સિફતો (ગુણો)થી સુબ્બૂહ કુદુસ છે. ઈમામ અબૂ ઈસ્હાકે ફર્માવ્યું કે સુબ્બૂહ તે છે જે દરેક ખરાબ તથા બુરી ચીજથી પાક હોય. *(લિસાનુલ અરબ, ૩/૧૯૧૪,૧૯૧૫, બાબુસ્સીન, દારુલ મઆરિફ, કાહિરા)*

તસ્બીહ તથા સુબ્હાનના આ અર્થો દરેક ખરાબી તથા અયબથી અલ્લાહ તઆલાના પાક તથા પવિત્ર હોવા પર દલીલ પૂરી પાડે છે અને **બુરી ચીજોથી પાક હોવું (તન્ઝિયહ) કામિલ એ જ છે કે તે અયબ તથા અયબની શક્યતા બંનેવથી પાક હોય.**

''અઝહરીએ પોતાની અસ્નાદથી રિવાયત કરી કે ઈબ્નુલ કવ્વાએ હઝરત અલી رضی اللہ عنہથી (સુબ્હાનલ્લાહ)ના બારામાં પૂછયું, તો તેમણે ફર્માવ્યું કે આ એક એવો કલમો છે જેને અલ્લાહે પોતાના માટે પસંદ કર્યો અને તેના વિર્દની તાકીદ કરી. *(લિસાનુલ અરબ, ૩/૧૯૧૪)*

એ જ કારણે તસ્બીહ કેવળ અલ્લાહની જ પઢવામાં આવે છે, અને સુબ્હાનનો ઈત્લાક અલ્લાહની જાત પર થાય છે. અને આ અમલ અલ્લાહ ﷻને એટલા પ્રમાણમાં મહબૂબ તથા પસંદીદા છે કે તેણે ઈન્સાન, જિન, ફરિશ્તા અને વનસ્પતિ તથા પથ્થર દરેક ચીજના માટે લાગુ કરી આપ્યું, ત્યાં સુધી કે પોતે પણ પોતાની પાકીનું વર્ણન કરે છે.

પેજ નં.૩૬ નું ચાલુ.. અમલ પર, પોતાના કોઈ કમાલ પર, પોતાનાથી થઈ ગયેલાં કે થતાં નેક કામો પર, પોતે કરેલી સખાવતો પર, કદી ઘમંડ કરવો ન જોઈએ, નહીં તો સર્વ અમલો બેકાર થઈ જશે. બલ્કે અલ્લાહે જે પણ નેઅમતો આપી છે અને તેના વડે તમે તમારાં સગા કે સમાજમાં ભલાઈનાં કામો કરી રહ્યા છો, ઈલ્મની દૌલત આપી, બયાનની ક્ષમતા આપી એનાથી જે કાંઈ નેક કામો તમે કરો તો એના પર રબ તઆલાનો શુક્ર અદા કરતા રહેવું જોઈએ. અને ''મૈં'' ''મૈં'' કરવાથી બચવું જોઈએ, કેમ કે જો રબ તઆલા તમને નેઅમતો ન આપત અને રબ તઆલાનો ફઝ્લ તથા તૌફીક ન હોત તો તમે કોણ છો ?! માટે **શુક્ર તથા આજીજીવાળી જીવન પદ્ધતિ રાખવી જોઈએ.**

ગૌષ પાક رضی اللہ عنہના ફર્માનોને ધ્યાનપૂર્વક વારંવાર વાંચો અને દિલના કાનો વડે સાંભળો, વાંચો અને અમલ કરવાની નિય્યતથી વાંચો તો તમારી જિંદગીમાં ક્રાંતિ આવી જશે, તમે તમામ બુરાઈઓથી પાક સાફ રહેવા તનતોડ કોશિશ કરશો તો તમારી દુનિયા પણ સંવરી જશે અને આખેરત પણ સંવરી જશે, ઈન્શા અલ્લાહ ! કેવળ ગૌષ પાક رضی اللہ عنہના નામની નિયાઝ પકાવી ખવડાવી લેવાથી કે ખાય લેવાથી તેમનો દામન પકડેલો નહીં ગણાય, બલ્કે આપ رضی اللہ عنہ પોતાના આશિકથી શું ચાહે છે તેને સમજો અને જિંદગીને અલ્લાહ વ રસૂલની ફર્માંબરદારીવાળી બનાવો, હરામથી બચો, ફર્ઝ ઈબાદતો નમાઝ, રોઝા, ઝકાત, વગેરેની પાબંદી, સુન્નતે મુસ્તફા ﷺને ચહેરા પર સજાવો, તમારા દરેક અંગો, ઝબાન, કાન, હાથ, પગ સૌને ગુનાહોથી દૂર રાખો, અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَના ઝિક્રમાં, ઉમ્મતે મુસ્લિમાની ભલાઈનાં કામોમાં વ્યસ્ત રહો, ત્યાર પછી તમારો નારો ''ગૌષ કા દામન ! નહીં છોડેંગે'' સહી તથા યોગ્ય ગણાશે, નહીં તો ફોગટ ગળુ દુઃખાડવું બેકાર છે ! અલ્લાહ મને તમને સૌને નેક તૌફીક બખ્શે. આમીન બિજાહિન્નબી કરીમ સુધી.



# ગૌષે આ'ઝમ رضی اللہ عنہ નો દામન પકડેલો ક્યારે કહેવાય ?!

કાર્યાલય

તમામ વલીઓના સરદાર, પીરાને પીર દસ્તગીર, ગૌષે આ'ઝમ, સરકારે બગદાદ હઝરત શયખ સૈયદના અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ની મહાન શખ્સિયતને દરેક સુન્ની સહીહુલ અકીદા દિલો જાનથી ચાહે છે. આપનો મર્તબો ખૂબ જ મહાન છે, આપની શાન ખૂબ જ બુલંદો બાલા છે. આપનું જ ફર્માન છે : "મારો આ કદમ દરેક વલીની ગરદન પર છે." રબ તઆલાએ આપને ભરચક કમાલો તથા અસંખ્ય કરામતોથી નવાઝેલા છે. આપની ઈબાદતો, ઝોહદો તક્વાના બનાવો, કરામતો તથા કમાલોના બયાનો અવાર નવાર આપણે સાંભળતા વાંચતા રહીએ છીએ. આપણો નારો છે કે, "ગૌષ કા દામન ! નહીં છોડેંગે !" અને બેશક ! ગૌષ પાક رضی اللہ عنہ નો દામન થામી રાખવાથી જ આપણે જહન્નમથી જન્નતમાં પ્રવેશ મેળવી શકીશું. ઈન્શાઅલ્લાહ ! આપણે જેનાથી મહોબ્બત કરીએ છીએ, તેમની વાતોને જરૂર માનીએ છીએ, તેમના હુકમોનું કોઈપણ ભોગે પાલન કરીએ છીએ, તો જ્યારે આપણો દાવો છે કે આપણે ગૌષ પાક رضی اللہ عنہ ના આશિક છીએ, ગૌષ પાક رضی اللہ عنہ નો દામન આપણા હાથમાં છે, તો પછી એ પણ સમજવું જોઈએ કે ગૌષ પાક رضی اللہ عنہ આપણને કઈ રીતે જીવન જીવવા આદેશ આપે છે અને તેના પર ચાલતા હોઈએ તો જ આપણે તેમનો દામન થામેલો ગણાશે, નહીં તો આપણો દાવો ફોગટ ગણાશે.

**★ ગૌષ પાક رضی اللہ عنہ નું ફર્માન ! દામન થામનારાઓને નામ ! ★**

સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે : "હે ખુદાના બંદાઓ ! અલ્લાહ عزوجل تعالیٰ થી પાછલા **ગુનાહોની બખ્શિશ**ના સિવાય કોઈ અન્ય ચીજ ન માગો. પછી એના બાદ આવનારા દિવસોમાં **ગુનાહોથી હિફાઝત** સિવાય કોઈ અન્ય ચીજ તલબ ન કરો. પછી ત્યાર બાદ રબની સારી રીતે **ફર્માબરદારી થઈ શકે તેની તૌફીક**, શરીઅતના હુકમોની બજવણીની, **શરીઅતે મના કરેલી બાબતોથી દૂર રહેવાની**, કડવી **કઝા પર રાજી રહેવાની**, તકલીફો તથા **બલાઓથી સબ્ર કરવાની**, ભરપુર મળતી નેઅમતો તથા અતાઓ પર **રબનો શુક્ર કરવાની** પછી ખાતમો ઈમાન પર થવાની અને અંબિયા, સિદ્દીકો, શહીદો તથા સાલેહીનના ટોળામાં સામેલ થવા સિવાયની કોઈ અન્ય ચીજ ન માગો. આ હઝરાત સારા સાથીઓ છે. અલ્લાહ جل جلالہ થી દુનિયા તલબ ન કરો. ગરીબી તથા મોહતાજી અને બલા તથા કઠણાઈથી દૂર રહીને માલદારી, રાહતની તરફ વળવું તલબ ન કરો, બલ્કે અલ્લાહ جل جلالہ એ અઝલ (મખ્લૂકની પેદાઈશના દિવસ)માં તમારો જે હિસ્સો નિશ્ચિત કરી આપ્યો છે અને તમારા માટે જે તદબીર કરીને આપી તેના પર રાજી રહો. તેણે તમને જે હાલતમાં રાખ્યા, ઈમ્તેહાન તથા અજમાઈશ માટે જેમાં ઉતાર્યા, અને જેમાં નાખ્યા તેમાંથી બીજી હાલતની તરફ ફેરવતા સુધી હમેશાં તેમાં રહેવાની દુઆ કરો, એટલા માટે કે તમને ખબર નથી કે એ બંનેમાંથી શામાં ભલાઈ છે, મોહતાજીમાં કે માલદારીમાં, બલામાં કે રાહતમાં ? તેણે ચીજોનો ઈલ્મ તમારાથી છુપો રાખ્યો છે. અલ્લાહ جل جلالہ સર્વ ચીજોની અચ્છાઈઓ તથા બુરાઈઓ

જાણનાર છે." *(કિતાબ : ફુતૂહુલ ગયબ, મકાલા નં. ૬૯)*

**હે ગૌષ પાક رضی اللہ عنہનો દામન ન છોડવાનું કહેનારાઓ !** આ વાતોને ધ્યાનપૂર્વક વાંચો ! શું આ ફર્માનો મુજબ આપણી જિંદગી છે ?! શું પાછલા ગુનાહોની બખ્શિશની, ભવિષ્યમાં ગુનાહોથી હિફાઝતની, નેક અમલો માટે રબની ફર્માબરદારીની, શરીઅતના હુકમોની બજવણીની, કડવી કઝા પર રાજી રહેવાની, બલાઓ પર સબ્રની, નેઅમતો પર શુક્રની, ઈમાન પર ખાત્માની અને જે હાલમાં રબ રાખે તેમાં રાજી રહેવાની આપણી તલબ છે ખરી ?! કે પછી રોજ બરોજ દરેક આવતી ઘડીઓમાં ગુનાહિત કામોમાં પડયા રહેવામાં, શરીઅતના હુકમોનું સારે આમ ઉલ્લંઘન કરવામાં આપણુ જીવન વહી રહ્યું છે ? વળી શરીઅતના હુકમોનું પાલન કરવા માટે શરીઅતનો ઈલ્મ શીખવું અનિવાર્ય છે, તો બતાવો ! **શું તમારા ઘરોમાં શરીઅતનો ઈલ્મ દર્શાવતી કિતાબો છે ખરી ?! કે મફત આવતી કિતાબો પણ બેઅદબીના બહાના હેઠળ વાંચ્યા વિના પરત કરી દો છે કે કબ્રસ્તાનમાં દફન કરી દો છો ?!** સારાંશ કે ગૌષ પાક رضی اللہ عنہનો દામન થામવાનો દાવો છે તો ઉપરોક્ત બાબતો જે ગૌષ પાકે વર્ણવી તેના પર સખ્તીથી અમલ કરીને જિંદગીને પાકીઝા ઈસ્લામી બનાવો તો બંનેવ જહાનમાં સુકૂન જ છે, ઈન્શા અલ્લાહ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદકે આપણને તૌફીક બખ્શે. (આમીન)

### ★ રાઝી હૈં હમ ઉસીમેં જિસમેં તેરી રઝા હૈ ! ★

ગૌષ પાક رضی اللہ عنہ આગળ સંદેશ આપતાં લખે છે : "સૈયદના ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવેલ છે, "મને એની પરવા નથી કે હું કઈ હાલતમાં સવાર કરું, એ હાલતમાં કે જે મને પસંદ નથી કે એમાં જે મને પસંદ છે. એટલા માટે કે **મને ખબર નથી કે મારા હક્કમાં કઈ હાલત બેહતર છે."** અલ્લાહ ﷻની રઝાજોઈ (રાજીપા) માટે આપે (હઝરત ઉમરે) આવું ફર્માવ્યું. એટલા માટે કે અલ્લાહ عزوجل تعالیٰએ આપના માટે અને આપના હક્કમાં જે તદબીર કરી આપી તેનાથી સારી રીતે રાજી છે અને **અલ્લાહ તઆલાએ આપના માટે જે અખ્તયાર કર્યું અને આપના હક્કમાં જે ફેંસલો કર્યો એના પર આપને સુકૂન તથા ઈત્મિનાન હાંસલ છે............** *(ફુતૂહુલ ગયબ, મકતબ નં. ૬૯)*

આજે આપણી જિંદગી હાય વોય, હાય પીટવાળી બની ગઈ છે. આપણી મરજી મુજબ ન થતાં કાગારોળ મચાવી દઈએ છીએ, આડો અવળો બકવાસ કરવા માંડીએ છીએ. જ્યારે કે ગૌષ પાક رضی اللہ عنہ હઝરત ઉમર رضی اللہ عنہના હવાલાથી રબની રઝામાં રાજી રહેવાનો આદેશ આપે છે, રબના ફેંસલા પર રાજી રહેવાની તા'લીમ આપી રહ્યા છે. તો આપણે જોઈએ કે ગમે તે હાલત આપણી થાય, ગમે તેવી ઘટના ઘટી જાય, ગમે તેવો અગણમતો બનાવ બની જાય, પણ છતાં સબ્ર, સંયમથી કામ લઈને રબની મરજી પર ખુશ રહેવું જોઈએ. કેટલાક લોકો પોતાની મનમાની મુરાદ પૂરી ન થતાં ગુમરાહી ભરી બહેકી બહેકી વાતો કરીને ઈમાનને પણ ખતરામાં નાખતા હોય છે, તો ગૌષ પાક رضی اللہ عنہની ચાહત તમને હોય તો આપના આ પયગામને માથે ચડાવી રબની રઝામાં દરેક સમયે રાજી રહેવું જોઈએ.

### ★ ગૌષ પાક رضی اللہ عنہનો આદેશ : અલ્લાહ તઆલાની નાફર્માનીથી બચવા વિશે ★

આજે ઘણા બલ્કે મોટાભાગના લોકો પોતાની જિંદગીમાં, પોતાના રાત દિવસના કામોમાં રબ તઆલાની રઝામંદી કે નારાજીનો ખયાલ પણ દિલમાં જાણે લાવતા નથી, બેધડક હરામ કામોમાં રચ્યા પચ્યા રહે છે, કોઈ ખૌફ ખુદાનો તેમના દિલમાં જાણે હોતો જ નથી. આ ઈમાનની કમજોરીના કારણે છે. તો સાંભળો ગૌષ પાક رضی اللہ عنہનું ફર્માન શું છે ?! :–

"સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ એ ફર્માવ્યું, **અલ્લાહ તઆલાની નાફર્માની તથા ગુનાહ કરવાથી ખૂબ જ બચો, તેની રહમતના દરવાજા પર સચ્ચાઈ તથા હક્કાનિયતની સાથે કાયમ રહો, તેની ઈતાઅત (ફર્માબરદારી)માં તાકત તથા શક્તિ અને કોશિશ તથા મહેનત ખર્ચી કાઢો.** તેની બારગાહમાં માફી, રૂદન આજીજી કાકલૂદી સાથે પોતાની હાજતને રજૂ કરો, તેની સમક્ષ આજીજી, ઈન્કેસારી (પોતાને તુચ્છ જાણીને) પેશ આવો, માથુ ઝુકાવેલ રહો, દુનિયા તથા આખેરતમાં કાંઈ એવઝ કે બદલો ન માગો, અને એ વાતનું યકીન રાખો કે તમે તેના બંદા છો, અને બંદો તથા તેની મિલ્કત સૌ તેના માલિકનું છે. આકા પર બંદાનો કોઈ હક્ક લાઝિમ તથા સાબિત નથી. તમે તેનો હુસ્ને અદબ બજાવી લાવો. પોતાના મૌલા પર કોઈ પ્રકારની તોહમત ન લગાડો, એટલા માટે કે તેની નજીક દરેક ચીજ એક નિશ્ચિત અંદાઝા તથા ખાસ હદમાં છે. જે ચીજને તેણે પાછળ કરી તેને કોઈ આગળ કરનાર નથી, અને તેના આગળ વધારેલાને કોઈ પાછળ હટાવનાર નથી. તેણે તમારા માટે જે કાંઈ નિશ્ચિત તથા મુકદ્દર કરી આપ્યું છે તે તમારી પાસે પોતાના નિર્ધારિત સમય અને પોતાની ખાસ માત્રામાં આવશે, તમે એને ચાહો કે ન ચાહો....."

*(ફુતૂહુલ ગૈબ, મકાલા નં. ૨૪)*

જો આપણે ગૌષ પાક رضی اللہ عنہ ના આશિક છીએ, ગૌષ પાક رضی اللہ عنہ નો દામન ન છોડવાનો આપણો દાવો છે, તો અમારી વિનંતિ છે કે ઉપરોક્ત લખાણને વારંવાર વાંચો અને એના પર અમલ કરવાની કોશિશ કરો તો આપણી દુનિયા પણ હર હાલતમાં સુકૂન તથા ઈત્મિનાનવાળી હશે અને આખેરત પણ રોશન તથા નૂરાની હશે.

## ★ અમલો પર ઘમંડ કરવાની અને તેનો બદલો ચાહવાની મનાઈ ★

ગૌષ પાક رضی اللہ عنہ ફર્માવે છે : **"પોતાના અમલો પર ઘમંડ કરવો, તેમાં પોતાના નફસને જોવો, અને એનો બદલો ચાહવો એ કેવી રીતે તમારા માટે બેહતર છે ?! જ્યારે કે એ અલ્લાહ عزوجل تعالیٰ ની તૌફીક, તેની જ મદદ અને તેની જ આપેલી શક્તિ તથા તાકત વડે અને તેના જ ઈરાદા તથા ફઝ્લથી તને એ હાંસલ થયું.** જો ગુનાહો છોડીને તું બુરા અમલોથી દૂર રહ્યો તો કેવળ એટલા માટે કે અલ્લાહ તઆલાએ તને ગુનાહો તથા બુરાં કામોથી સલામત તથા મહેફૂઝ તથા મામૂન રાખ્યો. તેની આ બખ્શિશ તથા નવાઝિશનો શુક્ર અને તેની અતા કરેલ આ અગણિત નેઅમતોનો સ્વીકાર તેં ક્યાં કર્યો ?! તારી આ કેવી મૂર્ખાઈ તથા જેહાલત છે કે તું બીજા લોકોની બહાદુરી તથા સખાવત અને માલની અતા તથા બખ્શિશ પર આશ્ચર્ય કરે છે ? હે બુદ્ધિશાળી ! તું જાતે જ ઈન્સાફ કર ! ......

અને તું જાતે જ ઈન્સાફ કર કે જ્યારે તું તારા નિકટનાં સગાં અને વડીલો પર તારા માલનો કાંઈક હિસ્સો ત્યાં સુધી નથી ખર્ચતો જ્યાં સુધી કે સાચો કરમ કરનાર અમીન (અલ્લાહ તઆલા) આ ખર્ચ કરેલા માલનો એવઝ તથા બદલો પોતાના કરમના જિમ્મે ન લઈ લે. જો અલ્લાહ તઆલા તેનો બદલો અતા કરવાના સંબંધે ન ફર્માવત અને તું બદલાની તમન્ના ન કરત જેનો તેણે વાયદો કરીને તેને પોતાના કરમના જિમ્મે લઈ લીધેલ છે તો તું તારો માલ ખર્ચ કરવામાં કંજૂસી કરત અને એ માલનો એક દાણો તેને ન આપત ! તો કેવળ પોતાના આ કાર્ય પર આટલુ આશ્ચર્ય (ઘમંડ) શાથી કરે છે ? આ કોઈ સારી વાત નથી ! બલ્કે તારા માટે બેહતર એ હતું કે તું એ પાક જાત (રબ)નો શુક્ર અદા કરતો જેણે તને પોતાની નેઅમતોથી નવાઝયો અને તેના હક્કદારો પર તેને ખર્ચ કરવાની તને તૌફીક બખ્શી. અને એ પરવરદિગારની તારીફ તથા ષના કર... *(ફુતૂહુલ ગૈબ, મકાલા નં. ૭૦)*

પોતાના કોઈ નેક વધુ પેજ નં. ૩૩... પર

# મખ્દૂમ સિમ્નાની رحمۃ اللہ علیہ ના કલમ થકી રાફઝીની રદ્દ ૨

**સંપાદક : મૌલાના શબ્બીર અહમદ રાજમહલી**

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

## ★ રાફઝીઓ હઝરત અલી رضی اللہ عنہ ના ચાહક કે ગુસ્તાખ ?! ★

અગાઉ વર્ણવેલા લખાણમાં અમે તા'લીમાતે મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہ ની રોશનીમાં રાફઝીઓના ૧૨ ફિર્કાઓ અને તેમના બાતિલ અકીદાઓ અને ગુસ્તાખોની પહેચાન તથા ઓળખ કરાવી. હવે જરા અધિક આગળ વાંચો અને જુઓ કે હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہ એ કેવી રીતે પર્દો ઉઠાવ્યો છે અને સાબિત કર્યું છે કે આ રાફઝીઓ જેવી રીતે સહાબાના દુશ્મન છે એવી જ રીતે આ રાફઝીઓ હઝરત અલી رضی اللہ عنہ ના ચાહક નથી બલ્કે ગુસ્તાખે મૌલા અલી رضی اللہ عنہ છે. અને હઝરત અલી رضی اللہ عنہ ના માર્ગથી પણ હટેલા છે, અને સાથે એ પણ જુઓ કે કેવી રીતે મખ્દૂમ પાક رحمۃ اللہ علیہ એ અહલે સુન્નત વ જમાઅતની સહાબાએ કિરામથી હકીકી મહોબ્બત અને સહીહ અકીદાઓની તર્જુમાની કરી છે. જેમ કે હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہ "તૌલા તથા તબર્રા"નો સહીહ અર્થ તથા ભાવાર્થ રજૂ કરે છે કે રાફઝી "તૌલા તથા તબર્રા"નો ગલત અર્થ તથા ભાવાર્થ બતાવીને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની શાનમાં ગુસ્તાખીઓ કરે છે અને મૌલા અલી رضی اللہ عنہ ની તરફ તેઓ ગલત વાતો સંબંધિત કરે છે જેનાથી દૂર દૂર સુધી હઝરત અલી رضی اللہ عنہ ની પાક ઝાતને કોઈ સંબંધ નથી. એના સબબે હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"તબર્રા અને તૌલા બંદાની બે સિફતો (ગુણો) છે. ઈસ્લામનો વજૂદ આ બે સ્થિતિઓ પર કાયમ થાય છે જે લોકોના ખયાલમાં હોય છે. (આ બે સ્થિતિઓ પર ઈસ્લામનો વજૂદ કાયમ છે) તબર્રાથી મુરાદ બાતિલ કામથી દૂર રહેવું અને તૌલાથી મુરાદ હક્ક કામની તરફ ધ્યાનિત થવું. બાતિલ પર તે શખ્સ છે જે નબી કરીમ صلی اللہ علیہ وسلم ના તરીકાના ઈલ્મથી ઈન્કાર કરે છે અને હક્ક પર તે છે જે અલ્લાહ અને રસૂલ પર ઈમાન લાવે છે અને કરવાના કામ તથા મના કામોથી ગમગીન નથી થતો. આ તૌબા તથા તબર્રાનો સાચો ભાવાર્થ છે. એનો એ મતલબ નથી જે રાફઝીઓ કાઢે છે. એટલે તે રાફઝીઓ અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ ને બીજા સહાબાઓ (એટલે શયખૈન કરીમૈન અબૂબક્ર, ઉમર رضی اللہ عنہما) પર અગ્રતા તથા ફઝીલત આપે છે. તે (રાફઝી) હઝરત અલી رضی اللہ عنہ ને કબૂલ કરે છે અને બીજા સહાબીઓથી મોં ફેરવે છે અને કહે છે કે હઝરત અલી رضی اللہ عنہ હક્ક પર અને બીજા બાતિલ છે. આ ખુલ્લમ ખુલ્લા મહાન જૂઠલાવવું છે, જયારે કે સહાબાએ કિરામ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)ની શાનમાં આયતો તથા હદીષો મૌજૂદ છે. નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, "મારા સહાબીઓ તારાઓની જેમ છે, એટલા માટે તમે એમનામાંથી જેમનું અનુસરણ કરશો હિદાયત પામશો." (મિશ્કાતુલ મસાબીહ, હ. ૬૦૧૮) પછી આગળ પોતાનો અનુભવ વર્ણવતાં ફર્માવે છે :–

આ ફકીર (હઝરત મખ્દૂમ સમ્નાની رحمۃ اللہ علیہ) અમુક રાફઝીઓને મળેલો છે જેઓ હઝરત અલી رضی اللہ عنہ ની મહોબ્બતમાં ખૂબ જ વધુ પ્રમાણમાં અતિશયોક્તિ કરતા હતા અને પોતાની જેહાલત પર અડેલા હતા. હું (મખ્દૂમ સમ્નાની) કહું છું કે અહલે સુન્નત વ જમાઅત કહે છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અફઝલ તથા અકમલ હતા અને રાફઝી અગ્રતા આપવાને તથા ફઝીલત આપવાને

માનનારા છે પરંતુ હઝરત અલી رضی اللہ عنہની મહોબ્બતમાં બીજાઓથી તબર્રા કરે છે. **તેમનો (રાફઝીઓનો) આ અમલ હઝરત અલી رضی اللہ عنہની વિરુદ્ધ છે.**

પછી નસીહત કરતાં ફર્માવે છે : "હું કહું છું કે સર્વ ઉલમાની એના પર એકમતી છે કે મહોબ્બત કરનારાના દીનનો માર્ગ મહબૂબના તાબે હેઠળ છે અને તે કામિલ (ચાહક) ત્યારે થાય છે જ્યારે તે પોતાના મહબૂબની પ્રશંસા પામેલ ખૂબીઓને પોતાની અંદર પેદા કરી લે. એવો શખ્સ ખુદા વ રસૂલનો મહબૂબ બની જાય છે." *(લતાઈફે અશરફી, ૩/૪૧૩, મુતર્જિમ, લતીફા નં. ૪૯)*

**પયગામ** : ઉપરોક્ત લખાણમાં **અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہનો અક્રીદો પણ મૌજૂદ છે.**

હવે એક અધિક લખાણ નકલ કરું છું જેમાં હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہએ ખલીફા બિલા ફસ્લ સિદ્દીકે અકબર رضی اللہ عنہની તરફ નિર્દેશ કર્યો છે, જેમ કે ફર્માવે છે : "હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ઘણા જ અધિક ઈલ્મવાળા અને કમાલવાળા સહાબી હતા. એના લીધે તેમની ઈક્તેદાનો હુકમ થયો. النائب کالمنوب એટલે નાયબ એવો જ છે જેવો નાયબ કરેલો હોય છે. (એટલે નાયબ અસલ જેવો હોય છે.) *(લતાઈફે અશરફી, ૩/૪૧૩ મુતર્જિમ, લતીફા નં. ૪૯)*

## ★ હુઝૂર મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہનું આખરી નસીહતનામુ ★

જયારે વાત ચાલી નીકળી છે અફઝલિયતે શયખૈન કરીમૈન (અબૂબક્ર, ઉમર) رضی اللہ عنہماની તો આ મસ્અલા પર અધિક લખાણ "રિસાલા કબરિય્યહ" કે જે હઝરત સૈયદ મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہની લખેલી કિતાબ છે એનાથી નકલ કરવામાં આવે છે તેને જુઓ કે હુઝૂર સૈયદ મખ્દૂમ અશરફનો ચારેવ ખલીફાઓની અફઝલિયતના બારામાં તેમનો અક્રીદો શું હતો, અને સાથોસાથ એ પણ જુઓ કે હુઝૂર અશરફે આખરી ઉમરમાં પોતાના સર્વ ખલીફા તથા મુરીદોના માટે શું નસીહત કરી. જાણે કે આ હુઝૂર મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہનું આખરી નસીહતનામુ છે. અને જયારે આ આખરી નસીહત છે તો પછી અશરફી સિલસિલાના સર્વ ખલીફા તથા મુરીદોએ આ નસીહતનામા પર કાર્યરત રહેવું જરૂરી છે, નહીં તો **જે શખ્સ આખરી નસીહતનામા પર કાર્યરત નથી એવો શખ્સથી હુઝૂર મખ્દૂમ પણ બેઝાર છે, અને એવો શખ્સ હુઝૂર સૈયદ મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہની નજીક ગુમરાહ તથા અધર્મી છે.** ખૈર, હવે હુઝૂર સૈયદ મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہના આખરી નસીહતનામા તરફ ચાલીએ છીએ, પણ આખરી નસીહતનામાને સમજવા માટે પ્રથમ તેની પૂર્વ ભૂમિકાને સમજવી જરૂરી છે. જેવું કે હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہના વિસાલનો દિવસ નજીક આવ્યો તો તે મહીનો મુહર્રમુલ હરામનો હતો. એક મુહર્રમુલ હરામથી ૧૦ મુહર્રમુલ હરામ સુધી હઝરત મખ્દૂમ પાક પોતાના અસ્હાબની સાથે મળીને કુર્આને પાકની તિલાવત કિરાઅત સાથે કરતા રહ્યા. એ જ દિવસોમાં પોતાના અસ્હાબને ઈર્શાદ ફર્માવ્યો :–

"મારી કબર બાગના દરમિયાન બનાવો અને લંબાઈ પહોળાઈ એટલી હોય કે નમાઝ પઢી શકાય."

હુકમ પ્રમાણે કબ્ર મુબારક તૈયાર કરવામાં આવી. પછી હઝરત મખ્દૂમ પાક رضی اللہ عنہ જાતે જ કબ્રના નિરીક્ષણ માટે તશરીફ લઈ ગયા. પછી એ જ દિવસોમાં પોતાના સર્વ અસ્હાબ અને ખાસ કરીને પોતાના સજ્જાદાનીશન હઝરત મખ્દૂમુલ આફાક, શૈખુલ ઈસ્લામ સૈયદ અબ્દુર્રઝ્ઝાક ઈબ્ને સૈયદ અબ્દુલ ગફૂર હસન જીલાની અલ્મઅરૂફ બિહ હઝરત

નૂરુલ ઐન رضی اللہ عنہا ને સબ્ર તથા અડગતાની શીખ આપતા રહ્યા. પછી એક દિવસ હઝરત સૈયદ મખ્દૂમ અશરફ સિમ્નાની رضی اللہ عنہ થોડાક પેજો સાદા કાગળના લઈને એ મર્કદ મુબારક (કબ્ર શરીફ) પર તશરીફ લઈ ગયા કે જે આપના જ ઈર્શાદ મુબારક પ્રમાણે આપના જ માટે બનાવવામાં આવેલ હતી. જેમ કે સંપૂર્ણ એક રાત એક દિવસ એ બનાવવામાં આવેલી કબ્ર મુબારકમાં હઝરત મખ્દૂમ પાકે સમય ગુજાર્યો અને એ જ બનાવવામાં આવેલી કબ્ર મુબારકમાં એ સાદા કાગળો પર નસીહતનામુ (જેને રિસાલએ કબ્રિયા કહેવામાં આવે છે) લખીને તશરીફ લાવ્યા જેમાં હમ્દો નઅત પછી એક જગાએ આ પ્રમાણે લખેલું હતું :–

''અને (અમે) રસૂલુલ્લાહ ﷺના **સર્વ સહાબીઓની ફઝીલત પર પણ યકીન રાખીએ છીએ**. અમે એ પણ માનીએ છીએ કે તમામ મુસલમાનોમાં ખિલાફતના સૌથી અધિક મુસ્તહિક અને એમનામાં **સૌથી વધુ અફઝલ અબૂબક્ર** ઈબ્ને અબૂ કહાફા હતા, **પછી ઉમર, પછી ઉષ્માન, પછી અલી** رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

આપણા સર્વ ફરઝંદો, ભાઈઓ, અને ચાહકો તથા અકીદતમંદોને એ યાદ રહે કે અમે આના પર હતા અને હમેશાં એના પર રહીશું. (ઈન્શા અલ્લાહ !)

**જેનો ઉપર મુજબ અકીદો ન હોય તે ગુમરાહ તથા અધર્મી (ઝિંદીક) છે. અમે એનાથી બેઝાર છીએ અને ખુદા તેનાથી રાજી નથી.** *(હુજ્જતુઝ્ઝાકિરીન મઅ રિસાલા કબરિય્યહ્, પેજ–૨૫, ૨૬, મુતર્જિમ મુફ્તી રઝાઉલ હક્ક અશરફી મિસ્બાહી, પ્રકાશક : સૈયદ મહમૂદ અશરફ, દારુત્તહકીક વત્તસ્નીફ, જામેઅ અશરફ, કિછૌછા શરીફ)*

રિસાલા કબરિય્યહમાંના નસીહતનામાને ''પૈગામે અશરફ''ના નામથી મેગેઝિન કે જે કિછૌછા શરીફથી શયખે તરીકત, ગુલે ગુલઝારે અશરફિયત સૈયદ ફખ્રુદ્દીન અશરફ અશરફી જીલાની مدظلہ العالی સજ્જાદાનશીન આસ્તાના આલિયા મખ્દૂમ અશરફ કિછૌછા શરીફની સરપરસ્તીમાં નીકળતુ હતું, જેના તંત્રી હઝરત સૈયદ મઝહરૂદ્દીન અશરફ અશરફી જીલાની مدظلہ العالی (એમ.એ. અલીગ) હતા, એમાં પણ નકલ કરનામાં આવેલ છે. આ રિસાલાથી નસીહતનામાનો અનુવાદ જુઓ :

''મારા બિરાદરો, સગાઓ, સાથીઓને માલૂમ થાય કે હું ''અશરફ સિમ્નાની'' અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺ પર ઈમાન રાખુ છું અને ઈસ્લામના અહકામનો પાબંદ છું. **મારો અકીદો છે કે હઝરત મુહમ્મદ ﷺના ''સર્વ સહાબીઓ''** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **સર્વ મુસલમાનો તથા તાબઈનથી અફઝલ હતા અને અસ્હાબે મુહમ્મદ ﷺમાં સૌથી અફઝલ તથા આ'લા હઝરત અબૂબક્રના પછી હઝરત ઉમર, પછી હઝરત ઉષ્માન, પછી હઝરત મૌલા અલી** رضوان اللہ تعالیٰ علیہم اجمعین. મારા ફરઝંદો તથા અકીદતમંદોને માલૂમ થાય છે કે **મારો આ જ અકીદો હતો, આ જ છે અને એ જ કાયમ માટે રહેશે. જે શખ્સનો આ અકીદો ન હોય તો ગુમરાહ તથા ઝિંદીક (અધર્મી) છે. હું સૈયદ અશરફ સિમ્નાની એનાથી બેઝાર છું, અને ખુદા તેનાથી રાજી નથી.** હક્ક સુબ્હાનહૂની તજલ્લી સેંકડો હજારવાર આ ફકીર પર થઈ અને એટલા પ્રમાણે નવાઝિશ તથા અતાઓ થઈ કે લખાણમાં નથી સમાઈ શકતી. આલમે મલૂકતથી નિદા (પોકાર) આવી કે અશરફ અમારો મહબૂબ છે ! તેના સર્વ મુરીદોના ગુનાહ અમે માફ કર્યા અને તેમને અશરફના તુફૈલમાં બખ્શ્યા. આ આખરી બશારત હું સૈયદ અશરફ સિમ્નાની સૌ ભાઈઓ તથા દોસ્તોને પહોંચાડું છું.'' *(માખૂઝ અઝ રિસાલા ''પયગામે અશરફ'', પેજ ૭૬ થી ૮૯, પ્રકાશક : મખ્દૂમ અશરફ એકેડમી–કિછોછા શરીફ)*

આ જ પ્રમાણે રિસાલા કબરિયાની ઉપરોક્ત વાતોને સિલસિલા અશરફિયા ચિશ્તિયાના મહાન બુઝુર્ગ, મુજદ્દિદે સિલસિલએ અશરફિયા, આલિમે રબ્બાની, હમ શબીહે ગૌષે જીલાની **હઝરત સૈયદ અલી હુસૈન અશરફી મિયાં** મઅરૂફ બિહ **આ'લા હઝરત અશરફી મિયાં કછોછવી** عَلَیْہِ الرَّحمَۃُ وَالرِّضْوَان એ પણ પોતાની જમાનાની મશહૂર કિતાબ "સહાઈફે અશરફી"માં નકલ કર્યું છે. જેમ કે સહાઈફે અશરફીમાં રિસાલા કબરિયાનું આ લખાણ આ પ્રમાણે નકલ થયેલ છે :–

**અને અકીદો ધરાવું છું રસૂલુલ્લાહ ﷺના સહાબાએ કિરામની ફઝીલત પર અને ખિલાફતના અધિક મુસ્તહિક હોવામાં અબૂબક્ર ઈબ્ને અબૂ કહાફા, તમામ મુસલમાન અને તાબઈન પર. પછી તેમના બાદ અફઝલ તથા અધિક મુસ્તહિક ખિલાફતે ઉમર છે પછી ઉષ્માન, પછી અલી. (રાજી થયો અલ્લાહ તે સૌનાથી)**

**જે શખ્સ આના પર અકીદો (યકીન) ન રાખે તે ગુમરાહ છે અને જૂઠો છે. હું તેનાથી બેઝાર છું અને ખુદા عزوجل تعالیٰ તેનાથી રાજી નથી.** *(બહવાલા : સહાઈફે અશરફી, ૨/૧૩૯, ૧૪૦, પ્રકાશક : ઈદારા ફૈઝાને અશરફ, સુન્ની દારુલ ઉલૂમ મુહમ્મદિયા, મિનારા મસ્જિદ, મુહમ્મદ અલી રોડ–મુંબઈ)*

**પયગામ** : કેમ કે હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની رحمۃ اللہ علیہ સિલસિલા ચિશ્તિયા નિઝામિયા સિરાજિયા અશરફિયાના મહાન બુઝુર્ગ છે, સમયના ગૌષુલ આલમ છે, મકામે મહબૂબિયત પર બિરાજમાન છે એના કારણે ભલાઈ એમાં છે કે ખાસ કરીને સિલસિલા ચિશ્તિયા નિઝામિયા સિરાજિયા અશરફિયાના સર્વ મશાઈખીન તથા અકીદતમંદો તથા મુરીદોને પણ આ જ હક્ક અકીદા પર રહેવું જોઈએ. સાથોસાથ આ નસીહતનામાથી જાણવા મળ્યું કે **"અફઝલિયતે સિદ્દીકે અકબર" رضی اللہ عنہનો અકીદો રાખવો એ અહલે સુન્નતની ઓળખ છે.**

### ★ અબૂ તાલિબના ઈમાનના બારામાં મખ્દૂમ અશરફ رحمۃ اللہ علیہની માન્યતા શું છે ? ★

સમયના રાફઝીઓ અબૂ તાલિબના ઈમાન બાબતના મસ્અલાને આડ બનાવીને અહલે સુન્નત વ જમાઅતના અકાબિર તથા અસાગિરો (મોટેરાઓ તથા નાનાઓ) પર આજકાલ ખૂબ જ ફત્વાબાજી કરે છે, જ્યારે કે એ વાત પોતાના સ્થાને સાબિત થયેલી છે કે અબૂ તાલિબના ઈમાન વિશેના મસ્અલામાં વિવાદ વરસોથી ચાલ્યો આવ્યો છે, અને તેહકીક એ છે કે **અહલે સુન્નત વ જમાઅતના જમહૂર (બહુમતી) ઉલમા કુફ્રને માનનારા છે અને અમુક ઈમાનના, અને અમુક સુકૂત કરે (મૌન અપનાવે) છે. પણ ભૂતકાળના જમાનામાં અહલે સુન્નત વ જમાઅતમાં કોઈ એવું દષ્ટાંત નથી મળતુ કે કોઈ અહલે સુન્નત વ જમાઅતના અકાબિરે અબૂ તાલિબના ઈમાનના માનનારાને અબૂ તાલિબના ઈમાનને માનનારા હોવાથી કાફિર કહ્યો હોય, અથવા કોઈ અકાબિરે અહલે સુન્નતે અબૂ તાલિબના કુફ્રના કાઈલ (માનનારા)ને અબૂ તાલિબના કુફ્રને માનનારા હોવાથી કાફિર કહ્યો હોય. કેમ કે અહલે સુન્નત વ જમાઅતની નજીક આ મસ્અલો જ ઝન્નિયાતમાં (ગુમાનો પર અવલંબિત) ગણત્રી પામે છે.** પરંતુ હા ! નવાસિબ (ખારજી) તથા રાફઝીઓ આ મસ્અલામાં વરસોથી સખ્તી અપનાવી રહ્યા છે. રાફઝીઓની નજીક અબૂ તાલિબના ઈમાનને માનનારા હોવું જરૂરી છે અને નવાસિબને ત્યાં અબૂ તાલિબાના કુફ્રના માનનારા હોવું જરૂરી છે. અને **આ જ બાતિલ તરીકા પર આજકાલ કેટલાક પોતાને અહલે સુન્નત કહેવડાવનારા હઝરાત પણ ચાલી નીકળ્યા**

**છે. જેઓ ખુલ્લમ ખુલ્લા ભરેલા આમ મજમામાં વિના જરૂરતે કહેતા જોવા મળે છે કે જે જનાબે અબૂ તાલિબને ઈમાનવાળા નથી માનતા તેમને અમે મુસલમાન નથી માનતા.** (મઆઝલ્લાહ !) એ જ પ્રમાણે કેટલાક નાસબી વિચારધારાના લોકો જેમનો તરીકો એ છે જેવું જોયું સાંભળ્યું કે **કોઈ અબૂ તાલિબના ઈમાનનો ફાઈલ (માનનાર) છે, પછી કહેનારો ચાહે કોઈ પણ હોય, તરત જ શીઆ રાફઝી અથવા તફઝીલી અર્થ અર્ધ રાફઝી વગેરેનો ફત્વો લગાડી આપે છે** અથવા તેને એવો સમજવા લાગે છે. જ્યારે **આપણી નજીક બંનેવ જ ગલત તરીક઼ા પર** છે.

ખૈર, હવે જનાબ અબૂ તાલિબના કુફ્ર તથા ઈમાનના સંબંધે હઝરત મખ્દૂમ અશરફ જહાંગીર સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہનો મૌક઼ફ (માન્યતા) બતાવીએ છીએ જેથી તે લોકો પણ નસીહત હાંસલ કરે જેઓ કહે છે કે તમામ ઔલિયા, સૂફીઓનો મઝહબ અબૂ તાલિબના ઈમાનનો છે, જ્યારે **આ દાવો વિના દલીલનો છે.** જેમ કે સૂફીઓના ઈમામ હઝરત સૈયદ મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہ રસૂલુલ્લાહ ﷺના કાકાઓનું વર્ણન કરતાં ફર્માવે છે : "એમનામાં (રસૂલુલ્લાહ ﷺના કાકાઓમાં) એક અબૂ તાલિબ હતા. જેમનું નામ અબ્દે મુનાફ હતું તે નબી કરીમ ﷺના પિતા અબ્દુલ્લાહ અને આતિકાના જેમણે બદરનો બનાવ ખ્વાબમાં જોયો હતો, માના જણ્યા ભાઈ હતા. માતાનું નામ ફાતિમા બિન્તે અમ્ર હતું. **અબૂ તાલિબે કુફ્રની હાલતમાં ઈન્તેક઼ાલ કર્યો.** અક઼ીલ જઅફર અને અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین અને ઉમ્મે હાની (رضی اللہ عنہا) અબૂ તાલિબની ઔલાદ હતાં અને સોહબતથી (રસૂલુલ્લાહ ﷺની) મુશર્રફ થયાં, ઈમાન લાવ્યાં અને મક઼ામે સહાબિયતથી માલામાલ થયાં." *(લતાઈફે અશરફી, ૩/૪૯૯, મુતર્જિમ, લતીફા નં. ૯૨)*

આ જ પ્રમાણે હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની ચિશ્તી رحمۃ اللہ علیہનો અબૂ તાલિબના કુફ્રનો મૌક઼ફ મક્તૂબાતે અશરફીના દસમા મક્તબૂમાં પણ સ્પષ્ટપણે મૌજૂદ છે. *(અને મક્તૂબાતે અશરફીના સંપાદક તથા સંકલનકર્તા છે જાનશીને મખ્દૂમ સિમ્નાં મખ્દૂમુલ આફાક઼ હઝરત સૈયદ અબ્દુર્રઝ્ઝાક઼ નૂરુલ ઐન ચિશ્તી જીલાની رحمۃ اللہ علیہ)* (બહવાલા : માહનામા જામેઅ અશરફ, નવેમ્બર–૨૦૧૮, પેજ : ૭)

પેજ નં.**૧૪** નું ચાલુ.. અને કહ્યું, આ અમારા ખ્વાજગાનનો રિવાજ નથી, તમે ખુદાનો દુશ્મન (દુનિયા) અમારી પાસે લાવો અને અમે તેને ક઼બૂલ કરી લઈએ ! એને આગળ લઈ જાવ, અને જે લોકોને એની જરૂરત છે તેમને આપો. તેમાંથી એક દિરહમ ઉઠાવ્યો અને દજલા નદીમાં ફેંકી દીધો. આસ્માનની તરફ જોયું અને કહ્યું, ઈલાહી ! તું જે કાંઈ પોતાના બંદાઓને દેખાડે છે, એને પણ દેખાડી દે અને મારો દિરહમ પરત કરી દે. દરિયાની માછલીઓને હુકમ થયો, સોનાના દીનાર મોમાં લઈને હઝરત ખ્વાજા સામે હાજર થઈ. શાહઝાદો આ જોઈને હૈરાન રહી ગયો અને ક઼દમોમાં પડી ગયો. અને કહ્યું, વાહ ! વાહ ! અલ્લાહના બંદાઓની તાકત આવી હોય છે ! ઉઠયો કે પરત થઈ જાય, તો હઝરતે ફર્માવ્યું, જુઓ ! અને માછલીઓને સંબોધન કર્યું કે મારે તે જ દિરહમ જોઈએ જે મેં દરિયામાં ફેંકયો હતો. એક માછલી તે જ દિરહમ લઈને બારગાહે ખ્વાજામાં રજૂ થઈ. ખ્વાજાએ કહ્યું, હે અઝીઝ ! જેના માટે ખુદાના ઘરમાં આટલા પ્રમાણમાં માલ દૌલત હોય તે લોકોના રૂપિયા પૈસાનો મોહતાજ નથી હોતો.

શયખુલ ઈસ્લામ قُدِّسَ سِرُّہُ الْعَزِیْز અહીં પહોંચ્યા તો વાતચીતનો ક્રમ ખત્મ કરીને ઘરની અંદર તશરીફ લઈ ગયા અને અમે ખાદિમોએ પણ પોતાના ઘરોની વાત પકડી. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

**કાર્યાલય** **હપ્તો : ૦૩**

''બહારે શરીઅત'' (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **''ઈસ્લામી અખ્લાક઼ો આદાબ''** એ ''બહારે શરીઅત''નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

## ★ પાણી પીવાનું બયાન ★

**હદીષ–૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم પાણી પીવામાં ત્રણ વખત શ્વાસ લેતા. અને મુસ્લિમની રિવાયત છે કે ફર્માવતા હતા કે આ રીતે પાણી પીવાથી વધારે સેરાબી (તૃપ્તિ) થાય છે અને તંદુરસ્તી માટે ફાયદામંદ અને ખુશગવાર છે.

**હદીષ–૨** : તિર્મિઝીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે એક શ્વાસમાં પાણી ન પીઓ જેવી રીતે કે ઊંટ પીએ છે. બલ્કે બે અને ત્રણ વખતમાં પીઓ, અને જ્યારે પીઓ તો ''બિસ્મિલ્લાહ'' પઢો અને જ્યારે વાસણ મોઢેથી હટાવો તો અલ્લાહની તારીફ કરો.

**હદીષ–૩** : અબૂ દાઊદ વ ઈબ્ને માજાએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ વાસણમાં શ્વાસ લેવાની અને તેમાં ફૂંક મારવાથી મના ફર્માવ્યું.

**હદીષ–૪** : તિર્મિઝીએ અબૂ ખુદરી رضی اللہ عنہથી રિવાયત કરી કે નબીએ કરીમ صلی اللہ علیہ وسلمએ પીવાની વસ્તુમાં ફૂંક મારવાથી મના ફર્માવ્યું. એક શખ્સે અર્ઝ કરી, વાસણમાં ક્યારેક કચરુ હોય છે. ફર્માવ્યું, તેને ફેંકી દો ! તેણે અર્ઝ કરી, એક શ્વાસમાં તૃપ્ત નથી થવાતું. ફર્માવ્યું, વાસણને મોઢેથી અલગ કરી શ્વાસ લો.

**હદીષ–૫** : અબૂ દાઊદે અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ પ્યાલામાં જે જગ્યા તૂટેલી છે ત્યાંથી પીવાની અને પીવાના વસ્તુમાં ફૂંકવાની મના ફર્માવી છે.

**હદીષ–૬** : સહીહ બુખારી તથા મુસ્લિમમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ મશકના નાકાએથી પીવાનું મના કર્યું.

**હદીષ–૭** : સહીહ બુખારી વ મુસ્લિમ વ સુનને તિર્મિઝીમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ મશક (પાણી ભરવાની ચામડાની કોથળી)ના નાકાને વાળીને તેનાથી પાણી પીવાનું મના ફર્માવ્યું.

ઈબ્ને માજાએ આ હદીષને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે. અને આ રિવાયતમાં એ પણ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ મના કર્યા પછી એક શખ્સ રાતમાં જાગ્યો અને મશકને નાકાએથી પીવા માટે

વાળ્યું તો તેમાંથી સાપ નીકળ્યો.

**હદીષ-૮** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઊભા રહીને પાણી પીવાનું મના ફર્માવ્યું.

**હદીષ-૯** : સહીહ મુસ્લિમમાં અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ક્યારેય પણ કોઈ શખ્સ ઊભા રહીને પાણી ન પીએ અને જે ભૂલથી આવું કરે તે ઉલ્ટી કરે.

**હદીષ-૧૦** : સહીહ બુખારી વ મુસ્લિમમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે કે, હું ઝમઝમના પાણીની એક ડોલ નબીએ કરીમ ﷺની ખિદમતમાં લાવ્યા તો હુઝૂર ﷺએ તેને ઊભા ઊભા પીધું.

**હદીષ-૧૧** : સહીહ બુખારીમાં છે, હઝરત અલી رضی اللہ عنہ ઝોહરની નમાઝ પઢી અને લોકોની જરૂરિયાત પૂરી કરવા માટે "રહબએ કૂફા"(કૂફાની જામેઅ મસ્જિદના સહન)માં બેસી ગયા. જ્યારે અસરનો સમય આવ્યો તો તેમની પાસે પાણી લાવવામાં આવ્યું તો તેમણે પીધું અને વુઝૂ કર્યું. પછી વુઝૂનું બચેલું પાણી ઊભા રહીને પીધું અને ફર્માવ્યું, લોકો ઊભા રહીને પાણી પીવાને મકરૂહ બતાવે છે અને જે રીતે મેં કર્યું નબીએ કરીમ ﷺએ પણ આવું જ કર્યું હતું.

આનો મતલબ એ છે કે લોકો મુત્લક્ન (દરેક જ) ઊભા રહીને પાણી પીવાને મકરૂહ બતાવે છે. જો કે વુઝૂના પાણીનો હુકમ ઊભા રહીને પીવું મુસ્તહબ છે, તે જ રીતે ઝમઝમનું પાણી ઊભા રહીને પીવું સુન્નત છે. આ બંનેવ પાણીના હુકમથી અલગ છે. આમાં હિકમત એ છે કે ઊભા રહીને જ્યારે પાણી પીવામાં આવે છે તે દરેક અંગોમાં પ્રસરી જાય છે અને આ નુકસાન છે. પરંતુ આ બંનેવ બરકતવાળાં છે અને તેમનાથી મક્સદ તબર્રુક છે, માટે તેમનું દરેક અંગમાં પહોંચી જવું ફાયદામંદ છે.

કેટલાક લોકોથી સાંભળવામાં આવ્યું કે મુસ્લિમનું એઠુ પાણી પણ ઊભા રહીને પીવું. પરંતુ મેં કોઈપણ કિતાબમાં નથી જોયું. પરંતુ આ બંનેવ પાણીઓનું કિતાબોમાં અલગ અલગ વર્ણન જોયું. (وَالْعِلْمُ عِنْدَ اللّٰہِ વલ્ઈલ્મુ ઈન્દલ્લાહ)

**હદીષ-૧૨** : તિર્મિઝીએ કબશા رضی اللہ عنہاથી રિવાયત કરી કે કહે છે કે મારે ત્યાં રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. મશક લટકેલી હતી તેના નાકાએથી ઊભા રહીને પાણી પીધું. (હુઝૂર ﷺના આ કામને જાઈઝના બયાન પર મહેમૂલ કરેલ છે). મેં મશકના નાકા (મુખદ્વાર, નાળચુ)ને કાપીને પોતાની પાસે રાખી લીધું.

તેમનું કાપીને રાખવું તબર્રુકનો હેતુ હતો. કારણ કે તેને હુઝૂર ﷺનું થૂંક મુબારક લાગ્યું હતું. આ બરકતની વસ્તુ છે અને તેનાથી બીમારીઓથી શિફા થશે.

**હદીષ-૧૩** : સહીહ બુખારીમાં જાબિર رضی اللہ عنہથી મરવી છે કે નબીએ કરીમ ﷺ અને અબૂબક્ર رضی اللہ عنہ એક અન્સારીને ત્યાં તશરીફ લઈ ગયા. તે પોતાના બાગમાં વૃક્ષોને પાણી પીવડાવી રહ્યા હતા. ઈર્શાદ ફર્માવ્યું, શું તમારે ત્યાં વાસી પાણી જૂની મશકમાં છે ? (જો હોય તો લાવો !) નહીંતર અમે મોઢું લગાડીને પાણી પી લઈએ. તેમણે કહ્યું, મારે ત્યાં વાસી પાણી જૂની મશકમાં છે. પોતાની ઝુપડીમાં ગયા અને વાસણમાં પાણી રેડી લીધું અને તેમાં બકરીનું દૂધ દોહ્યું. હુઝૂર ﷺએ પીધું અને પછી તેમણે પાણી લઈને દૂધ દોહ્યું. હુઝૂર ﷺના સાથીઓએ પણ પીધું.

**હદીષ-૧૪** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અનસ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ માટે બકરીનું દૂધ દોહ્યું અને અનસના ઘરમાં જે કૂવો હતો તેનું પાણી તેમાં મેળવી દીધું. એટલે કે લસ્સી બનાવવામાં આવી.

પછી હુઝૂર ﷺની ખિદમતમાં પેશ કરવામાં આવ્યું. હુઝૂર ﷺએ તેને પીધું. હુઝૂરની ડાબી બાજુ અબૂબક્ર رضی اللہ عنہ હતા અને જમણી બાજુ એક એઅ્‌રાબી હતો. હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અબૂબક્ર رضی اللہ عنہને આપો. હુઝૂર ﷺએ એઅરાબી (ગામડીયા)ને આપ્યું, કારણ કે તે જમણી બાજુ હતો અને ઈર્શાદ ફર્માવ્યો, જમણી બાજુ હક્‌કવાળો છે, ત્યાર પછી જમણી બાજુ હોય તે જમણાને અગ્રતા આપ્યા કરો.

**હદીષ-૧૫** : બુખારી વ મુસ્લિમમાં સહલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺની ખિદમતમાં પ્યાલો પેશ કરવામાં આવ્યો. હુઝૂરે તેને પીધો અને ફર્માવ્યું, હુઝૂર ﷺના જમણી બાજુ સૌથી નાનો એક શખ્સ હતો (અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ) અને મોટા મોટા સહાબાએ કિરામ ડાબી બાજુ હતા. હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે શખ્સ ! જો તું ઈજાઝત આપે તો મોટાને આપું. તેણે અર્ઝ કરી, હુઝૂર ﷺના વાપરેલામાં બીજાને પોતાના પર અગ્રતા નહીં આપું ! હુઝૂર ﷺએ તેમને આપી દીધું.

**હદીષ-૧૬** : સહીહ બુખારી વ મુસ્લિમમાં હુઝૈફા رضی اللہ عنہથી મરવી છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, રેશમ અને દીબાજ (સોનાના તારના વણાટવાળું મુલાયમ કપડુ) ન પહેરો અને ન સોના ચાંદીના વાસણમાં પાણી પીવો અને ન તેવા વાસણમાં ખાવાનું ખાવ કે આ વસ્તુઓ દુનિયામાં કાફિરો માટે છે અને તમારા માટે આખેરતમાં છે.

**હદીષ-૧૭** : તિર્મિઝીએ ઝુહરીથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺને એ વસ્તુ પીવી વધારે પસંદ હતી જે મીઠી અને ઠંડી હોય.

**હદીષ-૧૮** : ઈબ્ને માજાએ અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ પેટ વડે ઝુકીને પાણીમાં મોઢું નાખીને પીવાથી મના ફર્માવ્યું, અને એક હાથથી ચુલ્લુ (ખોબો) લઈને પાણી પીવાથી મના ફર્માવ્યું. અને ફર્માવ્યું કે કૂતરાની જેમ પાણીમાં મોઢું ન નાખો અને ન એક હાથ ચુલ્લુ (ખોબામાં) લઈને પાણી પીઓ જે રીતે તે લોકો પીએ છે જેના પર ખુદા નારાજ થાય છે. અને રાતમાં જ્યારે કોઈ વાસણમાં પાણી પીઓ તો તેને હલાવે પરંતુ જયારે વાસણ ઢાંકેલુ હોય તે સમયે હલાવવાની જરૂરત નથી અને જે શખ્સ વાસણથી પાણી પી શકે છે અને આજિઝી રીતે હાથથી પીએ છે અલ્લાહ તઆલા તેના માટે નેકીઓ લખે છે જેટલી તેના હાથમાં આંગળીઓ છે. હાથ હઝરત ઈસા علیہ السلامનું વાસણ હતું કે એમણે પોતાનો પ્યાલો પણ ફેંકી દીધો અને કહ્યું કે આ પણ દુનિયાની વસ્તુ છે.

**હદીષ-૧૯** : ઈબ્ને માજાએ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હાથોને ધુઓ અને તેમાં પાણી પીઓ કે હાથથી પાકીઝા કોઈ વાસણ નથી.

**હદીષ-૨૦** : મુસ્લિમ તથા અહમદ તથા તિર્મિઝીએ અબૂ કતાદા رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સાક઼ી (જે પાણી પીવડાવે છે) તે સૌથી છેલ્લે પીશે.

**હદીષ-૨૧** : દયલમીએ અનસ رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, પાણીને ચૂસીને પીઓ કે આ ખુશગવાર અને જલ્દીથી હજમ થઈ જાય છે અને બીમારીથી બચાવે છે.

**હદીષ-૨૨** : ઈબ્ને માજાએ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત કરી કે તેમણે કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ વસ્તુનું મના કરવું હલાલ નથી. ફર્માવ્યું, પાણી અને નમક અને આગ. કહે છે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ પાણીને તો અમે

સમજી લીધું પરંતુ નમક અને આગનું મના કરવું કેમ હલાલ નથી ?! ફર્માવ્યું, હે હુમેરા ! જેણે આગ આપી દીધી જાણે કે તેણે બધુ જ સદકો કરી દીધું જે આગથી પકાવવામાં આવ્યું હતું. અને જેણે નમક આપી દીધું જાણે તેણે તમામ તે ખાવાને સદકો કરી દીધું જે નમકથી દુરુસ્ત કરવામાં આવ્યું અને જેણે મુસલમાનને તે જગાએ પાણીનો ઘૂંટ પીવડાવ્યો જયાં પાણી મળે છે જાણે કે તેણે ગરદનને આઝાદ કરી. અને જેણે મુસલમાનોને એવી જગ્યાએ પાણી પીવડાવ્યું જ્યાં પાણી નથી મળતું તો જાણે તેણે એને જીવંત કર્યો.

## ★ મસાઈલ ફિક્હી ★

**મસ્અલા ૧ :** પાણી ''બિસ્મિલ્લાહ'' પઢીને જમણા હાથથી પીએ અને ત્રણ શ્વાસમાં પીએ. દરેક વખતે વાસણથી મોઢાને હટાવીને શ્વાસ લે. પહેલી અને બીજી વખતે એક એક ઘૂંટ પીએ અને ત્રીજીવારમાં જેટલું ચાહે પાણી પીએ. આ રીતે પાણી પીવાથી પ્યાસ મટી જાય છે. અને પાણીને ચૂંસીને પીએ, ગટ ગટ મોટા ઘૂંટડા ન પીએ. જ્યારે પી લે તો ''અલ્હમ્દુલિલ્લાહ'' કહે. આ જમાનામાં કેટલાક લોકો ડાબા હાથમાં વાડકો અથવા ગ્લાસ લઈને પાણી પીએ છે ખાસ કરીને ખાવાના સમયે જમણા હાથથી પીવાનું સંસ્કૃતિની વિરુદ્ધ માને છે તો એમની સંસ્કૃતિ નસરાની સંસ્કૃતિ છે. ઈસ્લામી સંસ્કૃતિ જમણા હાથથી પીવાનું છે.

આજકાલ આ પણ એક સંસ્કૃતિ છે કે ગ્લાસમાં પીધા પછી જે પાણી બચે છે તેને ફેંકી દે છે. હવે તે પાણી એઠુ થઈ ગયું જે બીજાને પીવડાવવામાં ન આવે. આ હિંદુઓથી શીખ્યા છે. ઈસ્લામમાં છૂત, અછૂત નથી. મુસલમાનોના જૂઠાથી બચવાનો કોઈ અર્થ નથી અને આ કારણથી પાણી ફેંકવું ફુઝૂલખર્ચી છે.

**મસ્અલા-૨ :** મશકના મુખદ્વાર પર મોઢું લગાડી પાણી પીવું મકરૂહ છે. શું ખબર કે કોઈ નુકસાનવાળી વસ્તુ ગળામાં ચાલી જાય. (આલમગીરી) એવી જ રીતે લોટાની ટોટીથી પાણી પીવું (મકરૂહ છે) પરંતુ જ્યારે લોટાને જોઈ લીધો હોય કે તેમાં કોઈ વસ્તુ નથી. સુરાહીમાં મોઢું લગાડીને પાણી પીવાનો પણ આ જ હુકમ છે.

**મસ્અલા-૩ :** સબીલનું પાણી (પરબનું) માલદાર શખ્સ પણ પી શકે છે, પરંતુ ત્યાંથી કોઈ પણ વ્યક્તિ ઘરમાં પાણી લઈ જઈ શક્તો નથી. કેમ કે ત્યાં પાણી પીવા માટે મૂકવામાં આવે છે, નહીં કે ઘરે લઈ જવા માટે. હા ! સબીલ લગાડનાર તરફથી ઈજાઝત હોય તો લઈ જઈ શકે છે. *(આલમગીરી)*

શિયાળાની ઋતુમાં ઘણી જગાએ પાણીની ટાંકીમાં પાણી ગરમ કરવામાં આવે છે જેથી કરીને મસ્જિદમાં જે નમાઝી આવે તેનાથી વુઝૂ કે ગુસ્લ કરે. આ પાણી પણ ત્યાં જ ઉપયોગ કરી શકે છે, ઘરે લઈ જવાની છૂટ નથી. એવી જ રીતે મસ્જિદના લોટાનો પણ ત્યાં જ ઉપયોગ કરી શકે છે, ઘરે લઈ જઈ શકતા નથી. કેટલાક લોકો તાજુ પાણી ભરીને મસ્જિદના લોટામાં ઘરે લઈ જાય છે આ પણ નાજાઈઝ છે.

**મસ્અલા-૪ :** લોટામાં વુઝૂનું પાણી બચ્યું હોય છે તેને કેટલાક લોકો ફેંકી દે છે આ નાજાઈઝ અને ફુઝૂલખર્ચી છે.

**મસ્અલા-૫ :** વુઝૂનું પાણી અને ઝમઝમનું પાણી ઉભા રહીને પીવામાં આવે બાકી બીજા પાણીને બેસીને.

✦✦✦

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

# ઈખ્લાસ વિનાનો અમલ

## પોતાની જાન પર આફત છે !

**કાર્યાલય**

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આપણે આપણા અમલોને ખૂબ જ ઈખ્લાસવાળા અને રિયાકારીથી દૂર સમજીને સંતુષ્ઠ થવાનો પ્રયત્ન કરીએ છીએ પણ આ ઈબ્રતનાક હદીષનો અભ્યાસ કરો, અને જુઓ કે આપણે ક્યાં ક્યાં ગોથુ ખાઈ જઈએ છીએ. રસૂલે પાક ﷺની આ હદીષનો ચિંતનપૂર્વક અભ્યાસ કરો, વારંવાર અભ્યાસ કરો અને નેક અમલો કરવાની સાથોસાથ સર્વ ગુનાહોને પણ તિલાંજલી આપો અને અલ્લાહના આજિઝ બંદા બનવા કોશિશ કરો અને **પોતાના કોઈ નેક અમલ પર ઘમંડ ન કરો અને દરેક ભલાઈમાં ખુદાનો ફઝ્લ માનો અને ખુદાના ફઝ્લને જ તલાશ કરો.** અલ્લાહ મને, તમને સૌને આ વાતો પર અમલની તૌફીક અતા કરે અને તેના હબીબ ﷺના સદકે આપણા પર હમેશાં ફઝ્લ કરતો રહે. આમીન

*–(તંત્રી, બરકાતે ખ્વાજા માસિક)*

ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ કિતાબ મિન્હાજુલ આબિદીનમાં લખે છે : હું અહીં તે હદીષ બયાન કરી દઉં જે સાદિકુલ મસ્દૂક ﷺથી નકલ થયેલ છે અને મેં તેને કેટલીયે કિતાબોમાં વર્ણવી છે :

ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ ખાલિદ ઈબ્ને મઅ્દાનથી રિવાયત કરે છે કે તેમણે હઝરત મઆઝ رضی اللہ عنہને અર્ઝ કરી કે મને કોઈ એવી હદીષ સંભળાવો જે આપે રસૂલુલ્લાહ ﷺથી જાતે જ સાંભળી હોય અને તેને યાદ કરી હોય, અને તેની સખ્તી અને ગંભીરતાને લીધે તમે તેનો ઉલ્લેખ દરરોજ કરતા હોવ. તો આપે ફર્માવ્યું, હા ! વર્ણન કરું છું. પછી આપ ઘણીવાર સુધી રડતા રહ્યા પછી કહેવા લાગ્યા, રસૂલુલ્લલાહ ﷺ અને તેમની મુલાકાતનો શોખ (ઉમંગ) હદથી વધી ગયો છે !

પછી ફર્માવ્યું, એકવાર હું રસૂલુલ્લાહ ﷺની પાસે હતો. આપ સવારી પર બેઠા અને મને પણ પોતાની પાછળ બેસાડી લીધો અને પછી અમે ચાલ્યા. આપે પોતાની નિગાહ આસ્માનની તરફ ઉઠાવી પછી ફર્માવ્યું, તમામ તારીફ તે અલ્લાહના માટે જે પોતાની મખ્લૂક઼માં જેવો ચાહે છે તેવો ફૈંસલો ફર્માવે છે, હે મઆઝ ! મેં અર્ઝ કરી, લબ્બૈક યા સૈયદલ મુરસલીન ! આપે ફર્માવ્યું, હું તને એવી વાત બયાન કરી રહ્યો છું કે જો તેં તેને યાદ રાખી તો તને ફાયદો આપશે, અને જો તેં તેને ભૂલાવી દીધી તો અલ્લાહ عزوجل تعالیٰની નજીક તારી હુજ્જત ખત્મ થઈ જશે. હે મઆઝ ! (رضی اللہ عنہ) અલ્લાહ તબારક વ તઆલાએ જમીન તથા આસ્માનની પેદાઈશ પહેલાં સાત ફરિશ્તાઓને આસ્માનોના ખજાનચી અને દરવાનની હેસિયતથી પેદા કર્યા અને દરેક આસ્માનના દરવાજા પર એક ફરિશ્તો દરવાનની હૈસિયતથી ઉભો કરી દીધો. પછી કિરામન ક઼ાતિબીન બંદાના અમલો લઈને ચઢે છે તેમાં રોશની અને ચમક હોય છે જેમ કે સૂરજની રોશની, એટલે સુધી કે તેઓ **પહેલા આસ્માન પર** ચાલ્યા જાય છે અને કિરામન કાતિબીન તેના અમલોને ઘણા વધારે સમજે છે અને તેને ખાલિસ સમજે છે. પછી જ્યારે તેઓ દરવાજા પર પહોંચે છે તો દરવાન ફરિશ્તો તેમને કહે છે, **આ અમલને અમલ કરનારાના મોઢા પર ફટકારી દો !** હું ગીબતનો ફરિશ્તો છું અને અલ્લાહ તઆલાએ મને હુકમ આપ્યો છે કે હું એવા માણસના અમલોને ઉપર જવા ન દઉં જે લોકોની ગીબત કરે છે, તે મને છોડીને બીજાઓ પ્રતિ ધ્યાનિત થાય છે !

પછી બીજા દિવસે ફરિશ્તા ઉપર જાય છે, તેમની પાસે ઘણા સારા અમલો હોય છે, તે અમલો નૂરથી રોશન હોય છે. કિરામન કાતિબીન તેમને ખૂબ જ વધારે અને પાકીઝા ધારે છે એટલે સુધી કે જ્યારે તેઓ **બીજા આસ્માન પર** જાય છે તો ફરિશ્તો કહે છે કે, થોભ્મો ! અને **આ અમલને અમલ કરનારાના મોઢા પર મારો !** કેમ કે **તેની નિય્યત આ અમલથી દુનિયા કમાવવાની હતી !** મને મારા અલ્લાહે હુકમ આપી રાખ્યો છે કે, હું કોઈ એવા માણસનો અમલ ઉપર ન જવા દઉં જે મને છોડીને ગૈરના પ્રતિ ધ્યાનિત થાય. પછી **ફરિશ્તા તેના પર સાંજ સુધી લા'નત કરતા રહે છે.**

ફરી ફરિશ્તા બંદાના અમલો લઈને ઉપર જાય છે અને તેનાથી ઘણા ખુશ હોય છે, તેમાં સદકા, રોઝા અને ઘણી બધી નેકીઓ હોય છે. ફરિશ્તા તેને ઘણા વધારે સમજે છે અને ખાલિસ સમજે છે. પછી જ્યારે તેઓ **ત્રીજા આસ્માન સુધી** પહોંચે છે, તો દરવાન ફરિશ્તો કહે છે કે, થોભ્મો ! અને **આ અમલને તેના કરનારના મોઢા પર મારી દો !** હું ઘમંડવાળ ાઓનો ફરિશ્તો છું. મારા અલ્લાહે મને હુકમ આપી રાખ્યો છે કે, હું કોઈ એવા માણસનો અમલ ઉપર જવા ન દઉં જે મને છોડીને ગૈરની તરફ ધ્યાનિત થાય. આ માણસ લોકો સમક્ષ તેની મજલિસમાં પોતાની બડાઈ બયાન કરે છે.

ફરી ફરિશ્તા બંદાના અમલ ઉપર લઈને જાય છે અને તે અમલ એવા ચમકતા હોય છે જાણે કે તારાઓ અથવા કોઈ પ્રકાશિત તારો અને તે અમલોમાંથી તસ્બીહનો અવાજ આવે છે. તેમાં રોઝા, હજ્જ, નમાઝ અને ઉમરો હોય છે. પછી જ્યારે તેઓ **ચોથા આસમાન પર** જાય છે તો ત્યાંનો મુઅક્કલ દરવાન ફરિશ્તો તેમને કહે છે કે, ઉભા રહો ! અને **આ અમલને અમલ કરનારાના મોઢા પર મારી દો !** હું અભિમાનવાળાઓનો ફરિશ્તો છું અને મને મારા અલ્લાહે હુકમ આપી રાખ્યો છે કે હું એવા માણસને ઉપર જવા ન દઉં જે મને છોડીને ગૈરની તરફ ધ્યાનિત થાય છે, આ માણસ જ્યારે કોઈ અમલ કરે છે તો તેના પર મગરૂર થાય (ઘમંડ કરે) છે.

ફરી ફરિશ્તો બંદાના અમલો લઈને ઉપર જાય છે તે અમલ એવી રીતે શણગારેલા હોય છે કે તેની ચમક સૂરજ જેવી હોય, એ રીતે સજાવેલ હોય છે જાણે કે, દુલ્હન સસુરાલ જતી વખતે હોય ! જ્યારે તેઓ તે તેને લઈને **પાંચમા આસમાન સુધી** પહોંચે છે. એમાં જેહાદ, હજ્જ, ઉમરા વગેરે સારા સારા અમલો હોય છે. તેમની ચમક સૂરજ જેવી હોય છે. તો ફરિશ્તો કહે છે કે, હું ઈર્ષા કરનારાઓનો ફરિશ્તો છું. **આ માણસ** લોકો પર તે વસ્તુઓમાં **હસદ કરતો હતો** જે તેમને અલ્લાહે પોતાના ફઝ્લથી આપી છે. **આ માણસ ખુદા તઆલાની પસંદ કરેલી વહેંચણીથી નારાજ છે.** મારા અલ્લાહે મને હુકમ આપી રાખ્યો છે કે **હું તેના અમલ ઉપર જવા ન દઉં,** કે તે મને છોડીને ગૈરની તરફ ધ્યાનિત છે.

ફરી ફરિશ્તા બંદાના અમલો લઈને ઉપર જાય છે જેમાં સારી રીતના વુઝૂ, ઘણી નમાઝો, રોઝાઓ, હજ્જ અને ઉમરા હોય છે. તેઓ **છઠ્ઠા આસ્માન** સુધી પહોંચે છે તો દરવાજા પર ઉભેલો દરવાન કહે છે કે, હું રહમતનો ફરિશ્તો છું અને **આ અમલોને અમલ કરનારના ચહેરા પર મારી દો.** આ માણસ કદી કોઈ માણસ પર રહમ કરતો ન હતો અને **કોઈ બંદાને મુસીબત પહોંચતી તો ખુશ થતો હતો.** મારા અલ્લાહે મને હુકમ આપ્યો છે કે હું તેના અમલો ઉપર જવા ન દઉં કે એ મને છોડીને ગૈરની તરફ ધ્યાનિત છે.

પછી ફરિશ્તાઓ બંદાના અમલો લઈને ફરીથી

ચઢે છે જેમાં ઘણા જ સદકા, નમાઝો, રોઝા, જેહાદો અને પરહેઝગારી હોય છે. તેમનો (તે અમલોનો) અવાજ જાણે રઅ્દનો અવાજ અને ચમક તો જાણે કે વીજળીની ચમક. પછી જયારે તેઓ **સાતમા આસ્માન પર** પહોંચે છે તો જાણે કે ફરિશ્તો જે તે આસમાન પર દરવાન હોય છે તે કહે છે કે હું ઝિક્રનો ફરિશ્તો છું. એટલે કે સંભળાવવાનો અને લોકોને પોકારવાનો. **આ અમલવાળાએ આ અમલમાં મજલિસોમાં ચર્ચા અને દોસ્તોમાં મોટાઈ અને મોટા લોકોની દૃષ્ટિમાં પ્રભાવની નિય્યત કરી હતી.** મારા **અલ્લાહે મને હુકમ આપી રાખ્યો છે** કે, **હું તેના અમલને ઉપર જવા ન દઉં** કેમ કે એ મને છોડીને અન્યોની તરફ ધ્યાનિત થાય છે અને દરેક તે અમલ જે અલ્લાહના માટે ખાલિસ ન હોય તે રિયા છે અને રિયાનો અમલ અલ્લાહ તઆલા કબૂલ નથી ફર્માવતો.

વળી, ફરિશ્તા બંદાના અમલો નમાઝ, ઝકાત, રોઝા, હજ્જ, ઉમરા, સારી આદતો (વહેવાર), ખામોશી અને ઝિક્રે ઈલાહી લઈને ઉપર જાય છે. સાતેય આસ્માનોના ફરિશ્તા તેને વિદાય આપવા માટે સાથે થઈ જાય છે એટલે સુધી કે અલ્લાહ તઆલાની બારગાહ સમક્ષથી તમામ પર્દાઓ ફાટી જાય છે. પછી, તે અલ્લાહ عزوجل ની સમક્ષ ઉભા થઈને તેના માટે ગવાહી આપે છે કે તેનો નેક અમલ ખાલિસ અલ્લાહ માટે જ છે. તો અલ્લાહ તઆલા ફર્માવે છે કે તમે મારા બંદાના અમલો પર નિગેહબાન છો અને હું તેના દિલની નિગેહબાની કરનારો છું ! **આ અમલથી તેનો ઈરાદો મને ખુશ કરવાનો ન હતો બલ્કે મારા સિવાય અન્યોને ખુશ કરવાનો હેતુ હતો, હું તેને મારા માટે જ ખાલિસ નથી સમજતો !** અને હું સારી રીતે જાણું છું કે જે અમલ કરવાથી તેની નિય્યત હતી, તેના પર મારી લા'નત ! તેણે બંદાઓને પણ ધોકો આપ્યો અને તમને પણ. પરંતુ મને ધોકો આપી શકતો નથી. હું ગયબોનો જાણનાર છું. દિલોના ખયાલોથી વાકેફ છું. મારા પર કોઈ છુપી ચીજ છુપી નથી રહી શકતી અને કોઈ છુપાયેલી ચીજ મારાથી ઓઝલ નથી. મારો ઈલ્મ વર્તમાન વિશે પણ તેવો જ જેવો ભવિષ્ય માટે છે. અને ગુજરેલી ચીજો સાથે મારો ઈલ્મ એવી જ રીતનો છે જેવી રીતનો બાકી ચીજો વિશે છે અને મારો ઈલ્મ પહેલા લોકો સાથે એવો જ છે જેવો પાછલા લોકો સાથે. **હું છુપાયેલાને જાણું છું અને દિલના ખયાલને પણ જાણુ છું. મારો બંદો પોતાના અમલની સાથે મને કેવી રીતે ધોકો આપી શકે છે ?** ધોકો તો મખ્લૂક ખાય છે જેમને ઈલ્મ નથી હોતો અને હું તો ગયબોનો જાણકાર છું. **એના પર મારી લા'નત છે અને સાતેય ફરિશ્તાઓ અને ત્રણ હજાર ફરિશ્તા વિદાય કરવાવાળા સૌ કહે છે, હે અમારા રબ ! તેના પર તારી લા'નત છે અને અમારી પણ લા'નત !** પછી આસ્માનવાળાઓ કહે છે કે એના પર અલ્લાહની લા'નત અને લા'નત કરવાવાળાઓની પણ લા'નત.

પછી હઝરત મઆઝ رضی اللہ عنہ રડવા લાગ્યા અને ખૂબ જ અધિક રડયા અને કહ્યું કે હે અલ્લાહના રસૂલ ! صلی اللہ علیہ وسلم આપે જે ઝિક્ર ફર્માવ્યું છે એનાથી નજાત (મુક્તિ)ની કઈ રીત છે ? તો ફર્માવ્યું, હે મઆઝ ! તારા નબીની યકીનમાં ઈકતેદા કર. મેં કહ્યું, આપ તો અલ્લાહના રસૂલ છો અને હું મઆઝ ઈબ્ને જબલ છું, મને નજાત તથા છૂટકારો કઈ રીતે નસીબ થઈ શકે છે ? આપે ફર્માવ્યું, **હે મઆઝ ! જો તારા અમલમાં ઉણપ હોય તો લોકોની બેઈજ્જતી કરવાથી તારી જીભને રોક.** ખાસ કરીને તારા ભાઈઓ ! કુર્આન પઢનારાઓની અને લોકોની બેઈજ્જતી કરવાથી તારા નફસના અયબોનો ઈલ્મ

તને રોકી દે અને તારા ભાઈઓની ખિદમત કરીને તારા નફ્સને પાક બનાવ અને તારા ભાઈઓને પાડીને પોતાને ઉંચો કરવાનો પ્રયત્ન ન કર, અને તારા અમલમાં રિયાકારી ન કર કે તું લોકોમાં ઓળખાઈ જાય. અને એ રીતે દુનિયામાં વ્યસ્ત ન થઈ જા કે તું આખેરતનો મામલો ભૂલી જાય. અને જ્યારે તારી પાસે કોઈ અન્ય માણસ પણ બેઠો હોય તો કોઈ બીજાથી છુપાઈને મશ્વરો ન કર અને લોકોમાં મોટાઈ હાંસલ કરવાની કોશિશ ન કર કે દુનિયા તથા આખેરતની ભલાઈઓ તારાથી વિમુખ થઈ જાય અને તારી મજલિસમાં એ રીતે બેહૂદા બકવાસ ન કર કે લોકો તારા પર બદ્અખ્લાકી (દુષ્ટ વ્યવહાર)ના લીધે તારાથી કતરાવા માંડે અને લોકો પર એહસાન ન જતાવ અને લોકોની ઈજ્જતનો પર્દો તારી જીભ વડે ન ચીર કે તને જહન્નમના કૂતરા ફાડી નાખશે. અને એ જ અલ્લાહ તઆલાનો કૌલ છે : وَّالنّٰشِطٰتِ نَشْطًا "(અને નરમીથી સાંધા ખોલીશું) હાડકાંઓથી માંસને અલગ કરી દેશે."

મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આ વાતોની કોણ શક્તિ ધરાવી શકે છે ? આપે ફર્માવ્યું, હે મઆઝ ! (رضی اللہ عنہ) જે મેં તને બયાન કર્યું છે તે એ જ માણસ માટે આસાન છે જેના પર અલ્લાહ આસાન કરે. **તને આ તમામ વાતોથી એ ચીજ ફાયદો કરે છે કે તું લોકોના માટે તે જ પસંદ કરી લે જે તું તારા પોતાના નફ્સ માટે પસંદ કરે છે અને લોકોના માટે તે જ નાપસંદ કર જે તારા નફ્સના માટે નાપસંદ કરે છે. જો તું આ પ્રમાણે કરીશ તો સલામત રહીશ અને નજાત પામીશ.**

ખાલિદ ઈબ્ને મઅ્દાને કહ્યું કે, હઝરત મઆઝ رضی اللہ عنہ કુર્આને પાકની તિલાવત પણ એટલી અધિક્તાથી કરતા ન હતા જેટલી આ હદીષને બયાન કરતા અને પોતાની મજલિસોમાં તેની ચર્ચા કરતા. હવે હે ઈન્સાન ! જ્યારે તેં આ મહાન હદીષ અને ઘણી જ ભારે ખબર સાંભળી લીધી છે, જેનો અંજામ ઘણો જ દર્દનાક છે, જેના પ્રભાવથી દિલ કાંપવા લાગે છે અને બુદ્ધિ હેરાન થઈ જાય છે અને જેને ઉપાડવાથી સીનાઓ તંગ છે (વેઠી શકાય તેવી નથી), જેના ડરથી નફ્સો ગભરાય છે, તો **તું તારા મૌલાની રહમતના દામનને પકડી લે અને આજિઝી તથા રોક્કળ અને દિવસ રાતના રડવા સાથે તેના દરવાજાને લાઝિમ તૌર પર પકડી લે, જેવી રીતે બીજા આજિઝી કરનારા અને રોક્કળ કરનારા કરે છે.** આ મામલામાં નજાત કેવળ તેની રહમતથી છે અને આ સમુદ્રમાંથી સલામતી સાથે બચી નીકળવું કેવળ તેની નજાત તવજ્જોહ અને તૌફીક તથા ઈનાયતથી છે. ગાફિલોની નીંદથી જાગૃત થા અને આ કામને તેનો હક્ક્ આપ અને આ ભયંકર ઘાટીમાં તારા નફ્સ સાથે જેહાદ કર જેથી તું હલાક થનારાઓ સાથે હલાક ન થઈ જાય અને દરેક હાલતમાં અલ્લાહ તઆલાથી જ મદદની ઈલ્તેજા છે, તે બેહતરીન મદદગાર છે અને તે સૌ રહમ કરનારાઓથી વિશેષ રહમ કરનારો છે, અને ગુનાહોથી બચવા અને નેકી કરવાની શક્તિ પણ અલ્લાહ તઆલાની તૌફીક્થી છે.

*(મિન્હાજુલ આબિદીન, અઝ : ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ)*

**ઈન્તેક઼ાલ પુરમલાલ : ચાંચવેલ** : મુકામે તા. ૩–૧૦–૨૦૨૨, મુ. તા. ૬ રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૪૪ સોમવારે હઝરત સૈયદ મોહસિનબાવા પ્યારે સાહબ (હઝરત સૈયદ બડા સાહબ તિર્મિઝી દયાદરવી رحمۃ اللہ علیہના દામાદ)નો ઈન્તેક઼ાલ લગભગ બાવન વર્ષની વયે થયો છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. કુટુંબીજનો, સગાંઓ તથા ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –*તંત્રી*

## ★ દયાદરામાં જશ્ને મીલાદુન્નબી ﷺના પ્રોગ્રામો યોજાયા ★

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ખાતે ૧–રબીઉલ અવ્વલ શરીફથી ૧૨ રબીઉલ અવ્વલ સુધી રોજ ઈશા બાદ મેહફિલે દુરૂદ બાદ ખત્મે યાસીન શરીફ મેહફિલ સજતી રહી. ૮ રબીઉલ અવ્વલ મંગળવારથી ૧૦ રબીઉલ અવ્વલ જુમેરાત સુધી રોજ ઈશા બાદ મસ્જિદમાં હઝરત મૌલાના મુફતી તૌસીફ રઝા હલદરવી થકી શાને મુસ્તફા ﷺમાં શાનદાર બયાનો થયાં. ૧૧ રબીઉલ અવ્વલ જુમ્આની રાતે ઈશા બાદ (વરસાદના કારણે) મસ્જિદ મેહફિલે નઅત સજાવાઈ જેમાં જનાબ કારી મકસૂદ સાહબ કાવીવાળા (પેશ ઈમામ : દયાદરા મસ્જિદ) સાહબે પોતાના અનોખા અંદાઝમાં નઅતો મન્કબતના ગુલદસ્તા પેશ કર્યા હતા. અને શનિવાર ઈશા બાદ ૧૨ રબીઉલ અવ્વલની રાતે જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ મનાવાયો જે હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ મીલાદ મુબારક પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. બીજા દિવસે સવારે બાલ મુબારક સાથે જુલૂસ ગામમાં ફરીને નવ વાગ્યે મસ્જિદમાં સૌ મુસ્તફા ﷺના દીવાનાઓ હાજર થયા. ત્યાં જનાબ કારી મકસૂદ સાહબે નઅતે પાક પેશ કરી બાદમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે "મૂએ મુબારક"ના વિષયે કુર્આન હદીષની રૂએ ખૂબ ઉમદા ઈમાનને મજબૂત કરતુ બયાન કર્યું હતું છેવટમાં બાઅદબ સફબંધીથી મૂએ મુબારકની ઝિયારત મસ્જિદમાં કરાવવામાં આવી હતી અને અકુજી કો. હોલ પર આમ નિયાઝ જમાડવામાં આવી. શનિવારે વાડી સ્ટ્રીટમાં "મેહફિલે નઅત"નો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં હઝરત કારી મકસૂદ સાહબે નઅતો મન્કબત પઢી હતી.

## :: શાદી મુબારક ::

**નબીપુર** : ખાતે ઈનાયત અલી આદમ કોન્ટ્રાક્ટરના નેક ફરઝંદ "મુહમ્મદ સફવાન"ના નિકાહ મર્હૂમ નિષાર અહમદ સોનીવાલા–અહમદાબાદની દુખ્તરે નેક અખ્તર "ફાઈઝા" સાથે તા. ૭–૧૦–૨૦૨૨, ૧૦–રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૪, જુમ્આ બાદ જુમ્મા મસ્જિદ નબીપુરમાં થયા. દાવતે વલીમા તા. ૧૦–૧૦–૨૦૨૨ સોમવારના રાખવામાં આવી. દુલ્હા–દુલ્હન તથા સર્વ કુટુંબીજનો ખૂબ ખૂબ મુબારકબાદ! *–તંત્રી..*

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા** : ખાતે હાજી રશીદ મુહમ્મદ ચોકવાલા (મૌલાના હુસૈન ચોકવાલાના વાલિદ સાહબ)નો મુ. ચાંદ ૧૯ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૪, તા. ૧૮–૮–૨૦૨૨, જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો.
- **કહાન** : (તા. જિ. ભરૂચ) જનાબ હાફિઝ ઈબ્રાહીમ સાહબ કહાનવાળાના નાના ભાઈ યૂનુસ મૂસા ધાર્યાનો તા. ૫–૧૦–૨૦૨૨, ૮ રબી. અવ્વલ શરીફ, હિ. ૧૪૪૪, બુધવારના રોજ ઈન્તેકાલ થયો.
- **દયાદરા** : ખાતે હજીયાણી જુબેદા જમાલ કોઠીવાલાનો તા. ૩૦–૯–૨૦૨૨, મુ. ચાંદ ૩ રબીઉલ અવ્વલ શરીફ જુમ્આના રોજ ઈન્તેકાલ થયો.
- **જામનગર** : ખાતે હાજી નૂરમામદ હાજી અબ્દુલ ગફ્ફાર ચોલાનો તા. ૯–૧૦–૨૦૨૨, રવિવારના રોજ ૧૨ રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૪ના રોજ ઈન્તેકાલ થયો.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*